Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

णमो त्थु णं भगवओ महावीरस्स

सिरि रायनयरमज्झे, संमीलिय सव्वसाहुसंमइयं ।
पत्तं मासियमेयं, भव्वाणं मग्गयं विसयं ॥ १ ॥

# श्री जैन सत्य प्रकाश

વર્ષ ૬ ] ક્રમાંક ૬૧ [ અંક ૧

વિક્રમ સંવત ૧૯૯૬ : વીર સંવત ૪૬૬ : ઇસ્વીસન ૧૯૪૦
ભાદરવા શુદ ૧૪ : રવિવાર : સપ્ટેમ્બર ૧૫

## વિ–ષ–ય—દ–ર્શ–ન


| | | |
|---|---|---|
| ૧ श्रीअर्बुदाचलस्तुति | : मु. म. श्री. जयन्तविजयजी | : १ |
| ૨ મંગલ કામના | : તંત્રીસ્થાનેથી | : ૨ |
| ૩ श्रीसमाधिकुलक | : आ. म. श्री. विजयपद्मसूरिजी | : ३ |
| ૪ જૈનધર્મી વીરોનાં પરાક્રમ | : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી | : ૪ |
| ૫ मूलाचार | : मु. म. श्री. दर्शनविजयजी | : ६ |
| ૬ ઘંટાકર્ણ જૈન દેવ જણાતા નથી | : શ્રી. પં. લાલચંદ્ર ભગવાન ગાંધી | : ૧૧ |
| ૭ जैनदर्शन का कर्मवाद | : आ. म. श्री विजयलब्धिसूरिजी | : १९ |
| ૮ મોક્ષ અને તેનું સુખ | : મુ. મ. શ્રી. ભદ્રંકરવિજયજી | : ૨૨ |
| ९ शाह अमरचंदजी सुराणा | : श्री. हजारीमलजी बांठिया | : २७ |
| ૧૦ ચંપાપુરી કલ્પ | : શ્રી, અંબાલાલ પ્રેમચંદ શાહ | : ૩૨ |
| ૧૧ હરિયાલી | : મુ. મ. શ્રી. જ્ઞાનવિજયજી | : ૩૪ |
| ૧૨ કરુણાસિન્ધુ | : મુ. મ. શ્રી. સુશીલવિજયજી | : ૩૭ |
| १३ श्री कावीतीर्थ विषयक संशोधन | : श्री. पन्नालालजी डुगड | : ४२ |
| १४ श्री लोद्रवापार्श्वनाथाष्टक | : मु. म. श्री. भद्रंकरविजयजी | : ४४ |
| ૧૫ બાલાપુર | : મુ. મ. શ્રી. કાંતિસાગરજી | : ૪૬ |
| સ્વીકાર | | ૫૦ ની સામે |


### ग्राहकोंने

जे ग्राहकोनुं लवाजम गया अंके पूरुं थई गयुं छे तेमने पण आ अंक वी. पी. थी न मोकलतां चालु टपालथी मोकल्यो छे. हिन्दी भाषाभाषी ग्राहको जोई शकशे के आ अंकमां हिन्दी भाषाना लेखो सारा प्रमाणमां आप्या छे. हवे पछी पण ए प्रमाणे थतुं रहेशे. आशा छे जे भाइओनुं लवाजम पूरुं थयुं छे तेओ पोतानुं लवाजम मोकली आपशे, अथवा आवतो अंक वी. पी.थी मोकलाय ते स्वीकारी आभारी करशे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

।वीराय नित्यं नमः।

# श्री जैनसत्यप्रकाश

માસિક પત્ર : વર્ષ ૬ : અંક ૧ : ક્રમાંક ૬૧

## श्रीअर्बुदाचल-स्तुति

(श्रीज्ञानवर्धन-विरचिता)

संग्राहक-मुनिराज श्री जयन्तविजयजी

★

श्रीअर्बुदाचलगिरीश! जयाऽऽदिदेव!
देवाधिदेव! विहितामरसारसेव!।
श्रीनाभिभूपतिकुलाम्बुधिचारुचन्द्र!
श्रीमारुदेव! नतदानवमानवेन्द्र! ॥ १ ॥

सर्वे जिनाधिपतयोऽखिलमङ्गलाली-
वल्लीविवर्द्धननवीनघनायमानाः।
नित्यं भवन्तु मम विघ्नहराः प्रकामं
कल्याणदाः सुरवरार्चितपादपद्माः! ॥ २ ॥

जैनागमो विजयतु प्रवरार्थयुक्तः
श्रीवर्द्धमानजिननाथमुखप्रसूतः।
श्रीगौतमादिगणधारिभिरङ्गभाजां
कल्याणदायिभिरयं विधृतो विशालः ॥ ३ ॥

चक्रेश्वरी भगवती वरदायिनी मे
निश्शेषविघ्नहरणैकनिबद्धकक्षा।
श्रीआदिनाथपदपङ्कजसेवमाना
सज्ज्ञानवर्द्धनसुखं वितनोतु नित्यम् ॥ ४ ॥

પ્રતિક્રમણમાં બોલાતી સ્તુતિ( થોય )ના જેવી ચાર ગાથાઓની શ્રી અર્બુદાચળની આ સ્તુતિ પાટણના મુનિરાજ શ્રી જસવિજયજીના જ્ઞાનભંડારમાંથી એક હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતારી છે.

कोबा (गांधीनगर) पि.३८२००९ श्री कैलाससागरसूरि ज्ञानमंदिर श्री महावीर जैन आराधना केन्द्र

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંગલ કામના

[ તંત્રીસ્થાનેથી ]

આ અંકે "શ્રી જૈન સત્ય પ્રકાશ" છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરે છે.

ગયાં પાંચ વર્ષ દરમ્યાન જે સખી ગૃહસ્થોએ સમિતિને સહાયતા આપી છે, જે પૂજ્ય મુનિરાજો તેમજ અન્ય વિદ્વાનોએ 'શ્રી જૈન સત્ય પ્રકાશ'ને સમૃદ્ધ બનાવવા માટે લેખો મોકલ્યા છે તેમજ જેઓએ સમિતિ તેમજ માસિકને પોતાનાં ગણીને અપનાવ્યાં છે તે સૌનો અમે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. અમારા ગ્રાહકોનું પણ અમે ઋણ સ્વીકારીએ છીએ.

અત્યાર સુધી જે સહાયતા મળતી રહી છે તે પાંચ વર્ષ માટે હતી, તેની અવધિ પૂરી થઇ છે. સમિતિનું કામકાજ આગળ ચાલુ રહે તે માટે જે સહાયતા મળતી હતી તે મેળવવા તેમજ તેવી જ નવી સહાયતા મેળવવા અમે પ્રયત્ન કરીએ છીએ. સમિતિ અને માસિકના ચાહકો આગળ એ પ્રયત્ન સફળ થશે એવી અમારી ઉમેદ છે. ગ્રાહક બંધુઓને અમે વિનવીએ છીએ કે તેઓ પોતાના મિત્રો-સ્નેહીઓમાં માસિકનો પ્રચાર કરી અમને મદદ કરે !

આ માસિક શ્રી મુનિસમ્મેલને સ્થાપેલ સમિતિનું એટલે સમસ્ત પૂજ્ય મુનિસમુદાયનું છે, એ દાવે અમે અતિ નમ્રભાવે એ પૂજ્યોને વિનવીએ છીએ કે જ્યારે જ્યારે યોગ્ય અવસર જણાય ત્યારે ત્યારે સમિતિને સહાયતા કરવાનો તેમજ માસિકના ગ્રાહક થવાનો ઉપદેશ આપવાની કૃપા કરે. તે પૂજ્યોની સહાયતા મળે તો જ અમારું કામ ચાલી શકે એમ છે.

પાંચ વર્ષ દરમ્યાન અમે જે કંઇ કરી શક્યા છીએ તે કરતાં વધુ કાર્ય કરવાની અમારી મનોકામના છે. પૂજ્ય મુનિસમુદાય તેમજ સમસ્ત શ્રીસંઘના સહકારથી અમારી એ મંગલ કામના સફળ થાય એ જ ભાવના !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॥ श्रीसमाधिकुलकम् ॥

कर्ता–आचार्य महाराज श्रीविजयपद्मसूरिजी

( आर्यावृत्तम )

सिरिसिद्धचक्कथवणं, किच्चा सिरिणेमिसूरिचरणकयं ॥
भव्वाणं सेयट्ठं, समाहिकुलगं रएमि मुया ॥१॥
दुहभरिए संसारे, णत्थि सुहं सुक्खहेउवइरेगा ॥
तहवि सुहं मोहाओ, भासइ भवभाविजीआणं ॥२॥
कडुओ णिंबो कीडो, तत्थ ठिओ मण्णए सुसाउत्ति ॥
णिंबसमो संसारो, कीडनिहो भवठिओ जीवो ॥३॥
आहिव्वाहिविसिट्ठो, कुडुंबचितग्गितावसंतत्तो ॥
अगणियमरणकिलेसो, णो पावइ संतिलेसंपि ॥४॥
जीवो अणाइणिहणो, भवो तहा दुक्खरूवदुक्खफले ॥
दुक्खाणुबंधभावो, तव्विच्छित्ती सुधम्माओ ॥५॥
असुहाणं कम्माणं, विलया संपायणं सुहम्मस्स ॥
होज्ज विणासो तेसिं, तहभव्वत्ताइजोगाओ ॥६॥
सुकडाणुमोयणाए, चउसरणगमणकयाहगरिहाहिं ॥
संपज्जइ सो जोगो, समाहिमरणं पि तेणेव ॥७॥
जिणसासणम्मि जे जे, सुहजोगा जिणवरेहिं पण्णत्ता ॥
ते णे परंपराए, समाहिमरणं पि दिज्ज सुहं ॥८॥
णियतत्तं बहुगूढं, गुरूण पासम्मि विणयजोगेहिं ॥
जाणिज्ज वियारिज्जा, गुणभरणं दोसपरिचायं ॥९॥
कुज्जा परमुल्लासा, सत्तियसंसाहणा णरभवम्मि ॥
विसयकसायपसत्ति, हेया दुहयत्ति धारित्ता ॥१०॥
संसारम्मि विसारे, लहंति सिद्धिं न जे परिभमंते ॥
ते तेसिं पावाओ, इय तच्चाएण मुत्तिसुहं ॥११॥
विविहेहिं दुक्खेहिं, पीडिज्जंते विसयसंगदोसेहिं ॥
दुक्खविवागविवागं, पयंसिया भूरिदिट्ठंता ॥१२॥
दीसइ विसविसयाणं, वण्णाहिक्कं ति णज्जए तेणं ॥
उवभुत्तं हणइ विसं, विसया णिहणंति सरणावि ॥१३॥
उप्पत्ती चिंताए, विसयाणं चिंतणं णिरोहिज्जा ॥
सुक्खं परिचाएणं, भोगेहिं किं हविज्ज कया ॥१४॥
तुस्सइ किं कट्ठेहिं, अग्गी तह सायरो जलभरेहिं ॥
एवमउलभोगेहिं, बहुदुहया भोगतण्हा वि ॥१५॥

( अपूर्ण )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનધર્મી વીરોનાં પરાક્રમ

લેખક– શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

[ ગતાંકથી ચાલુ ]

પાટણની ગાદી કુમારપાળને મળી તેથી સિદ્ધરાજે દત્તક તરીકે સ્વીકારેલ ઉદાયનનો પુત્ર ચાહડ નિરાશ થઈ, પોતાના સંબંધીઓના પણ ટેકાનો અભાવ જોઈ, અણુહિલવાડને ત્યજી દઇ, સપાદલક્ષના રાજવી અર્ણોરાજની પાસે ગયો. એ રાજાએ એને પોતાના દરબારમાં માનવંતો હોદ્દો આપી, એના કારણને પોતાનું બનાવ્યું, અર્થાત્ મહારાજા કુમારપાળ સાથે વેર બાંધ્યું. કુમારપાળના સૈન્યમાં અસંતોષ પેદા કરવાના ચિત્રવિચિત્ર ઉપાયો આદર્યા અને પૈસાની ફરવતથી તેમ જીત્યા પછી ઉંચા અધિકાર આપવાની લાલચથી, રાજવી કુમારપાળના કેટલાક સરદારોને ફોડી, પોતાની બાજુએ ખેંચ્યા. આ જાતના દાવ નાખ્યા પછી જબરૂં લશ્કર લઇ તે ગુજરાતની સરહદ પર ચઢી આવ્યો.

આમ શરૂઆતમાં જ મહારાજા કુમારપાળની કસોટીની પળ આવી ચૂકી. જેવી દિલ્લીપતિ બાદશાહ અકબરની દશા ગાદીનશીન થતાં થઈ હતી તેવી જ કુમારપાળની થઇ! અકબરને જેમ બહેરામખાન જેવા નિષ્ણાત સરદારને તેની અસભ્ય અને ઘાતકી વર્તણુકથી ગુમાવવો પડયો હતો અને દરબારના કેટલાક ઉમરાવો અન્યમનસ્ક થઇ બેઠા હતા, તેમ કુમારપાળને પણ આ વેળા રાજ્યપ્રાપ્તિમાં પૂર્ણ સહાય દેનાર પોતાના બનેવી કાન્હડદેવને મગરૂબી અને તોછડાઇ યુકત વર્તણુંકને લીધે ગુમાવવો પડયો હતો અને ઉપર કહી ગયા તેમ સૈન્યમાંના કેટલાક સરદારોનો અસંતોષ વહોરવો પડયો હતો. તે પોતે સારી રીતે જાણતો હતો કે પોતાના સૈન્યનો કેટલોક ભાગ ફુટમાં ભળ્યો હતો. આમ છતાં તેણે હિંમત ન ગુમાવતાં વ્યૂહની રચનામાં જાતે ભાગ લીધો અને અર્ણોરાજને સખ્ત હાર આપી. ઇતિહાસકાર કહે છે કે– Kumarpal with his superior general-ship and hero-boldness managed to defeet tha enemy and inflict heavy loss on him.

અર્ણોરાજ ને ચાહડ કેદી તરીકે પકડાયા. ઉદારદિલ રાજવીએ અર્ણોરાજ પાસે માફી મંગાવી તેને પોતાના રાજ્યમાં પાછો જવા દીધો અને ચાહડને માફી મંગાવી દરબારમાં માનભર્યો હોદ્દો આપ્યો. આમ કુમારપાળે પોતાની વીરતાના જોરે જયશ્રી મેળવી અને એક કાર્યકુશળ રાજવી તરીકે સુંદર છાપ બેસાડી. આમ છતાં એનો માર્ગ નિષ્કંટક નહોતો. એ જ્યારે અર્ણોરાજનો હુમલો હઠાવી રહ્યો હતો ત્યારે ચંદ્રાવતીના વિક્રમસિંહ તેને મારી નાખવાનું કાવતરૂં યોજ્યુ પણ 'પાપ છાપરે ચઢીને બોલે છે' એ ન્યાયે વખતસર એ વાતની જાણ થઇ ગઈ અને પાટણ માથે પડનારી મહાન આફત ટળી. આના પરિણામે વિક્રમસિંહની જાગીર ખુંચવી લેવાઈ અને તેના ભત્રીજા યશોધવળને સોંપાઇ.

પછીથી કુમારપાળે માળવાના બલાળને જીતી ચિતોડગઢ તાબે કર્યો; અને ઠેઠ પંજાબ સુધી પહોંચ્યો. ચિતોડનો તેના સાતસો ગામ સહિતનો આખોય પ્રદેશ અલીંગને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાગીર તરીકે સુપરત કરવામાં આવ્યો. આ જીત ચિતોડગઢના લેખમાં વિ. સં ૧૨૦૭–ઇ. સન ૧૧૫૦માં નોંધાઈ છે. કુમારપાળનાં કેટલાંક બિરૂદોમાં એક અવંતીનાથનું બિરૂદ ગણાય છે જેનો અર્થ માળવાનો સ્વામી એવો થાય છે તે ઉપરના બનાવને આભારી છે.

આ દરમ્યાન સંપાદલક્ષમાં ફરી સળવળાટ ઉદ્‌ભવ્યો એટલે આમાંથી પરવારતાં જ કુમારપાળને પોતાની નજર એ તરફ વાળવી પડી. ખુદ ચાહડની સરદારી હેઠળ મોટું સૈન્ય મોકલવામાં આવ્યું. સપાદલક્ષના બંભેરા નામના શહેર પર હુમલો કરી એમાં શત્રુને સખ્ત પરાજય પમાડ્યો અને ચૌલુક્ય રાજવીની મહત્તા સ્થાપી. આ યુદ્ધમાં પુષ્કળ દ્રવ્ય સામગ્રી હાથ આવી.

ઇ. સ. ન ૧૧૫૦ લગભગ કુમારપાળને પોતાના બનેવી એવા અર્ણોરાજ સાથે કલહ જન્મ્યો. રાજાએ પાસાબાજીની રમતાં કુમારપાળની ભગિની એવી રાણી દેવળદેવીનું અપમાન કર્યું. રાણી રીસાઇને પોતાના ભાઇને ઘેર ચાલી આવી. કુમારપાળે આ અપમાનનો બદલો સખ્ત હાથે લીધો અને અર્ણોરાજને, રમતમાં એણે કર્યું હતું એવું ધાર્મિક ઉદ્દેશને લગતું અપમાન પુનઃ કરે નહીં એ સારૂ શિકસ્ત આપી બોધપાઠ શિખવ્યો. પછી તેને રાજ્ય પાછું આપી પોતાના ખંડીયા રાજા તરીકે કાયમ કર્યો.

ઇ. સ. ૧૧૫૬ના અરસામાં એણે પોતાનું ધ્યાન ઉત્તર કોંકણ જીતવા તરફ દોર્યું. આંબડને મોટું સૈન્ય આપી તે તરફ મોકલ્યો. જ્યારે લશ્કર 'કાલવીની' ઓળંગતું હતું ત્યારે પાછળથી આવી ઉત્તર કોંકણના સ્વામી મલ્લિકાર્જુને સખ્ત છાપો માર્યો; અને એને ઘેરી વળ્યો. આમ હારના સમાચાર મળ્યા છતાં રાજા કુમારપાળે ગભરાયા સિવાય સખ્ત તૈયારી આદરી અને થોડા જ સમયમાં પુનઃ આંબડની સરદારી હેઠળ જબ્બરૂં સૈન્ય મોકલ્યું. આ વેળા ચૌલુક્યોનો વિજય થયો. હાથોહાથની લડાઇમાં મલ્લિકા અર્જુનને કેદી બનાવવામાં આવ્યો. આમ ઉત્તર કોંકણને ખંડિયા રાજ્ય તરીકે અણહિલવાડ સાથે જોડવામાં આવ્યું.

આમ કુમારપાળનો રાજ્ય ગાદીઉપર આવ્યાનો શરૂઆતનો કાળ, લડાઈઓ જીતવામાં અને પોતાનામાં રહેલ ક્ષાત્રતેજનો અને વીરતાનો પરચો બતાવવામાં વ્યતીત થયો છે. એ વખતે સ્થંભતીર્થમાં શ્રીમદ્ હેમચંદ્રસુરિ પાસે ઉચ્ચારેલ વચનો યાદ સરખા આવ્યાં નથી! અલબત્ત એટલું સાચું છે કે રાજ્ય મળતાં પૂર્વની સ્થિતિ યાદ કરી એ વેળાના ઉપગારીઓને તેણે નવાજ્યા. એ વેળા શ્રી ઉદાયન મંત્રીને અને તેમના પુત્ર આંબડને એ નથી જ ભૂલ્યો. એક રીતે કહીએ તો પ્રસંગ જ એવા બની રહ્યા હતા કે જે વેળા રાજવીને શ્રી હેમચંદ્રસુરિ સાથે ધર્મચર્ચા કરવાનો યોગ જ ન મળે! આમ છતાં એના હૃદયમાં દયાએ જે સ્થાન પ્રાપ્ત કર્યું હતું તે છુપું નથી રહી શક્યું. વિજયપ્રાપ્તિ પછી એ જે જાતનું વર્તન ચલાવતો હતો અને જીતાયેલી પ્રજા સાથે જે રીતે વર્તતો હતો એ પરથી સહજ પુરવાર થાય છે કે એ ઉદારદિલ રાજા હતો. રાજાનો બાપીકો ધર્મ શૈવ હતો એ વાત પ્રબંધકાર ને ચરિત્રલેખક જૈન આચાર્યો પણ પોતાના હાથે લખે છે, પણ પાછળથી રાજ્યમાં નોંધ લેવા લાયક શાંતિ પથરાય છે અને શ્રીમદ્ હેમચંદ્રસુરિ સાથેનો પરિચય વધે છે. તેમના ઉપદેશામૃતથી કુમારપાળના જીવનમાં પલટો થાય છે અને કારણયોગે

( જુઓ પૃષ્ઠ ૧૦ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मूलाचार

[ दिगम्बर मुनिओं का एक प्राचीन और प्रधान आचारशास्त्र ]

लेखक—मुनिराज श्री दर्शनविजयजी

अवतरण:—

मैं 'दिगम्बर शास्त्र कैसे बने' के प्रथम भाग में लिख चुका हूं कि वीरनिर्वाण की छठी शताब्दि तक जैन संघ अभिन्न रहा और अन्त में आजीविक, अबद्धिक, त्रैराशिक व बोटिक इन चार सम्प्रदायों ने मिलकर संघ में भेद कर दिया।

वी० नि० सं० ६०९ के बाद जो परंपरागत संघ था उसने तो आगम के रक्षण के निमित्त प्राचीन कार्यक्रम जारी रक्खा, सम्यग्दर्शन–ज्ञान व चारित्र की वृद्धि के साथ आगम के पठन–पाठन का प्रवाह अच्छे ढंग से चलने लगा। मगर दिगम्बर संघ के मुनि वस्त्ररहित रहते थे, जंगल में रहते थे, नया मत निकलने से संख्या में भी अल्प थे। ऐसी परिस्थिति में उनका ज्ञान विलुप्त होने लगा। दिगम्बर मत चला तब कोई ज्ञानवाला भी होगा। मगर बाद में तो पठन–पाठन बिलकुल छूट गया। उनके वर्ताव जिनागमों से खिलाफ थे अतः उन्हें जिनागम को आगम मानना मुनासिब नहीं लगा। फलस्वरूप यही कहा जाय कि वी० नि० सं० ६८३ में दिगम्बर संघ के पास जिनवरेन्द्रकथित जिनवाणी का एक शब्द भी न था।

ऐसी निरक्षर दशा कहां तक चल सकती थी? इससे कई विद्वानों ने उद्यम किया। शुरू में शिवभूतिजी ने चारित्र के लिये जो कठिनता करदी थी उसमें कुछ शिथिलिता करनी पडी। वे जानते होंगे कि स्याद्वाद से तो श्वे० मत ठीक है, मगर उसका स्वीकार कैसे किया जाय? बस! अपने में ही संस्कार करना अच्छा माना गया। उपधि व ज्ञानोपकरण को कुछ अवकाश मिला। बाद में तो "विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः" कानून के अनुसार धन पैसा रखने तक की भी इजाजत दी गई[1]। आ० वसन्तकीर्तिने श्वेताम्बरों की नकल की, कपड़े पहन लिए। थोड़े ही काल में दि० मुनि संघ न श्वेताम्बर रहा न दिगम्बर रहा, भट्टारक बन गया।

दूसरी ओर से साहित्यसर्जन का उद्यम जारी था। कर्मप्राभृत, दोष-

१ उपधि, मुनियों को ज्ञानोपधि संयमोपधि एवं और भी उपधि होती है। मू० [१-१४] (३-७)। ज्ञानोपकरण–कागद शाही बंधन वस्त्र पाटी कवली वगैरह का संग्रह, धनसंग्रह–आ. इन्द्रनन्दी फरमाते हैं कि "आचार्य समय काल के अनुसार संघ पुस्तक की वृद्धि निमित्त द्रव्य का संग्रह करे [नीतिसार श्लोक ८६] गुरु साधर्मिक द्रव्यसंग्रह (मूलाचार गाथा १३८)।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्राभृत की टीकाएं बनी। धवल जयधवल वगैरह बने। आं० कुन्दकुन्द प्रमुख ने भी ग्रन्थ बनायें और महापुराण भी बना।

अब दिगम्बरीय आचरग्रन्थ की कमिना थी। दि० आचार्य ने उसका बहुत अधिक ध्यान रखा। और क्रमशः आचारग्रन्थ भी बनने लगे।

दि० संघ में अग्रिम "मूलसंघ" है इससे सब से पहले मूलाचार का निर्माण हुआ।

मूलाचार ग्रन्थ वट्टेरक आचार्य ने रचा है। भाषा प्राकृत है। उसमें १२ परिच्छेद है। उस ग्रन्थकी टीका आ० वसुनन्दी ने वि० सं० १५१६ में बनाई है। श्रीमान नाथूरामजी प्रेमी ने माणिकचन्द्र जैन ग्रन्थमाला-हीराबाग बम्बई की ओर से (ग्रं. नं. १९ व २३ में) सटीक छपवाया है[२]।

सारा मूलाचार, प्रथम भाग में उल्लिखित पद्धति के अनुसार उपलब्ध जिनागम और श्वेताम्बर जैन ग्रन्थों से ही बनाया है। इसीसे यहां शुरू में उस बात की जांच की जाति है।

परिच्छेद १-मूलगुणाधिकार, गाथा ३६

इसमें परिग्रह के लिए भी जिनागम का ही अनुसरण किया है। गाथा ४ व ९ में लिखा है कि-संगविमुक्ति ही पांचवां महाव्रत है। जीवनिबद्ध, जीवअबद्ध व जीवसंभव परिग्रह का तो सर्वथा त्याग करना और इसके सिवाय के परिग्रह में ममत्व नहीं रखना। गाथा २२ से २८ में जिनागम के अनुसार ६ आवश्यक बतलाए हैं, जिनका त्रिवर्णाचार १२-१६ एवं सूत्रअखंधो ६१ से भेद है।

परिच्छेद २ बृहत्प्रत्याख्यान संस्तरस्तवाधिकार गाथा ७१ (३७ से १०७) जिनागम में १० पईन्नय (पयन्न) उपलब्ध हैं जिनमें मुख्यतया अनशन संलेषणा, अंतिम प्रत्याख्यान व संथारा विधि का ही विधान है। आउरपच्चक्खाण (आतुरप्रत्याख्यान) एवं महापचक्खाण की गाथाएं उठा कर इस दूसरे परिच्छेद की सांगोपांग रचना हुई है। मैं यहां समन्वयज्ञान के लिये आउर

२ मूलाचार में प्रतिभेद भी मिलता है। पंडित सुखलालजी ने हिन्दी पंचप्रतिक्रमण में आवश्यक निर्युक्त व मूलाचार ५०७ की गाथाओं का मिलान किया है। जिसमें गा० नं० ५०४ से ६७७ लिखे हैं। प्रस्तुत मुद्रित प्रति में उन गाथाओं का नम्बर ३ से १८० तक है। इस हिसाब से प्रस्तुत प्रति से पं० सुखलालजीवाली प्रति में ४ गाथाएं कम हैं, यानि प्रेमी जी की प्रति में २५ से ३३ तक की गाथाओं में से कोई ४ गाथा अधिक हैं। पं० जुगलकिशोर जी मुख्तार ने "जैनाचार्यों का शासनभेद" पृ० ३७ के फुटनोट में "बावीसंतित्थयरा०" गाथा का नम्बर आवश्यक निर्युक्ति से १२४६ व मूलाचार से ७,३२ उल्लिखित किया है। प्रस्तुत ग्रंथ में इस गाथा का नम्बर ७,३६ है। इसीसे प्रतिभेद का ठीक पता चलता है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पच्चक्खाण की गाथा के अंक और मूलाचार प० २ की गाथाओं के अंक आमने सामने रख देता हूं ताकि वाचक स्वयं आसानी से सत्य की जांच कर सके।

| आ. गा. | मू. गा. | आ. गा. | मू. गा. | आ. गा. | मू. गा. | आ. गा. | मू. गा. |
|---|---|---|---|---|---|---|---|
| १९ | ३७ | ३० | ५२ | ४५ | ७३ | ५९ | ९२ |
| २० | ३८ | ३२ | ५५ | ४६ | ७४ | ६० | ९३ |
| २१ | ३९ | ३३ | ५६ | ४७ | ७५ | ६१ | ९४ |
| २२ | ४० | ३४ | ५७ | ४८ | ७६ | ६६ | ९६ |
| १५ | ४१ | ३५ | ५८ | ४९ | ७८ | ६२ | ९७ |
| १६ | ४२ | ३६ | ५९ | ५० | ७९ | ६३ | ९९ |
| २३ | ४४ | ३७ | ६० | ५१ | ८० | ६४ | १०० |
| २४ | ४५ | ३८ | ६१ | ५२ | ८२ | ६५ | १०१ |
| २५ | ४६ | ३९ | ६२ | ५३ | ८३ | ६७ | १०२ |
| २६ | ४७ | ४० | ६३ | ५४ | ८४ | ६८ | १०४ |
| २७ | ४८ | ४१ | ६९ | ५५ | ८५ | ६९ | १०५ |
| २८ | ४९ | ४२ | ७० | ५६ | ८९ | ७० | १०६ |
| २९ | ५० | ४३ | ७१ | ५७ | ९० | म. ग्रा. | मू. गा. |
| ३१ | ५१ | ४४ | ७२ | ५८ | ९१ | ४९ | ७७ |
| | | | | | | १०८ | ९८ |

गाथाओं की सिर्फ नकल नहींकी है किन्तु असली पाठ ही उठा लिया है। देखिए:–

सव्वदुक्खपहीणाणं, सिद्धाणं अरहओ णमो ॥
सद्दहे जिणपन्नत्तं, पच्चक्खामि अ पावगं ॥ आ० १९। मू० ३७॥
णमोत्थु धुअपावाणं, सिद्धाणं च महेसिणं ॥
संथारं पडिवुच्छामि, जहा केवलिदेसियं । आ० २०।
तीसरे चरण में 'संथरं पडिवज्जामि' इतना ही अंतर है ॥ मू० ३८ ॥
धीरेणवि मरिअव्वं, कापुरिसेणवि अवस्स मरिअव्वं ।
तुन्हं पि हु मरिअव्वे, वरं खु धीरत्तणे मरिउं ॥ आ० ६४ ॥
धीरेणवि मरिदव्वं, णिद्धीरेण वि अव्वस्स मरिदव्वं ॥
जदि दोहिं वि मरिदव्वं, वरं हि धीरत्तणेण मरिदव्वं ॥ मू० १०० ॥
धीरो जरमरणविऊ, धीरोविन्नाणनाणसंपन्नो ।
लोगस्सुज्जोअगरो, दिसउ खयं सव्वदुक्खाणं ॥ आ० ७० ॥ समाप्त ॥
वीरो जरमरणरिऊ, वीरो विन्नाणनाणसंपन्नो ।
लोगस्सुज्जोयवरो, जिणवरचन्दो दिसद्दु बोधिं ॥ मू० १०६ ॥

परिच्छेद–३–संक्षेपसंस्तरप्रत्याख्यानस्तवाधिकार, गाथा–१४ [१०८ से १२१]
इसी परिच्छेद में भी आउरपच्चक्खाण संथारापइन्नय व महापच्चक्खाण

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



की कई गाथाएं ज्यों की त्यों रख दी हैं-जिनके नम्बर निम्न प्रकार हैं—

| आ० गा० | मू० गा० | सं० गा० | मू० गा |
|---|---|---|---|
| १४ | १०८ | ९८ | ११९ |
| १५ | १०९ | म० गा० | मू० गा० |
| १६ | ११० | ३४ | ११३ |
| १७ | १११ | ४९ | ११७ |
| १८ | ११२ | ४ [१०९] | ११४ |

नकल करने के अन्य नमुने देखिए—

एस करेमि पणामं जिणवरसहस्स वद्धमाणस्स ।

सेसाणंपि जिणाणं सगणगणधराणं च सव्वेसिं । आ० १४ ।

चौथे चरण में अन्तर कर दिया है-सगणगणधराणं च सव्वेसिं ॥ मू० १०८

हुज्जा इमंमि समए उवक्कमो जीविअस्स जइ मज्झं ।

एअं पच्चक्खाणं विउला आराहणा होउ ॥ आ० १८ ॥

१-४ पदों में अन्तर करके बनाया है-एदम्मिदे सयाले, णित्थिण्णे पारणा हुज्ज ॥ मू० ११२ ॥

इक्कं पंडियमरणं छिंदइ जाईं सयाइं बहुयाइं ।

तं मरणं मरियव्वं जेणमयं सुम्मयं होइ ॥

महापच्चक्खाण पइन्नय गा० ४९, मूलाचरण गाथा-७७,११७ ।

नत्थि भयं मरणसमं जम्मसरिसं न विज्जए दुक्खं ।

जम्मण-मरणायंकं छिंदममत्तं सरीराओ ॥ सं० ९८ । मू० ११९ ।

संलेषणा के अधिकार में दूसरे परिच्छेद की अन्तिम गाथा जितनी विषयसंगत है तीसरे परिच्छेद की अन्तिम गाथा उतनी ही विषय के असंगत है यानी भद्दी सी मालूम होती है । उस गाथा को देकर ग्रन्थकार ने कमाल ही कर दिखाया है।

परिच्छेद ४, समाचाराधिकार, गाथा—५६ ( १२२ से १७७ )

यह चौथा परिच्छेद आवश्यकनिर्युक्ति और ओघनिर्युक्ति से बनाया है। जिसकी १३१ से १३७ गाथाएं आवश्यकनिर्युक्ति ( गाथा ६६६ से ६६९ ६७६, ६८४, ६८८, ६९१, ६९७ ) से ली हैं । १५५-१२६-१२७ गाथाएं कुछ परिवर्तन के साथ उत्तराध्ययन सूत्र से ली गई हैं और कुछ विभाग ओघनिर्युक्ति से संगृहीत किया है । जहां जहां दि० का विधिभेद है वहां बडी सफाई से विभिन्नता दाखल कर दी है ।

नमूने के तौर पर कितनीक गाथाओं पर दृष्टि डालिएः—

इच्छामिच्छा तहाकारो आवसिया य निसीहिया ।

आपुच्छणा य पडिपुच्छा छंदणा य नियंतणा । आ० नि० ६६६ ।

उवसंपयायकाले सामाचारी भवे दसहा ॥ आ० नि० ६६७ ॥

इच्छामिच्छाकारो तथाकारो य आसिया णिसिही ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आपुच्छा पडिपुच्छा छंदणि सणिमंतणा य उवसंया॥मू०१२४॥
छंदणा दव्वजाएणं इच्छाकारो य सारणे ।
मिच्छाकारो य निंदाए तहक्कारो पडिस्सुए ॥ उत्त० २६ । ६ ॥
छंदणगहिदे दव्वे । मूला० १२७ ॥
इट्ठे इच्छाकारो मिच्छाकारो तहेव अवराहे
पडिसुणणम्मि तहत्तिय ॥ मूला० १२८ ॥
जंदुक्कडंति मिच्छा, तं भुज्जो कारणं अपूरेंतो
तिविहेण पडिक्कंतो तस्स खलु दुक्कडं मिच्छा ॥आ०नि०६८४॥
जं दुक्कडं तु मिच्छा तं अच्छदि दुक्कडं पुणो कादुं ।
भावेण य पडिक्कंतो तस्स भवे दुक्कडे मिच्छा ॥ मू० १३२ ।
वायणपडिसुणणाए, उवएसे सुत्त-अत्थ कहणाए ।
अवितहमेयंति तहा, पडिसुणणाए तहक्कारो ॥ आ०नि० ६८९ ।
सिर्फ "पडिसुणणाए" के स्थानपर 'पडिच्छणणाए" मू० १३३ ।
गीयत्थो य विहारो, बीइओ गीयत्थमीसिओ भणिओ ।
एत्तो तइअ विहारो, नाणुन्नाओ जिणवरेहिं ॥
—ओघनिर्युक्ति गा० १२१ पत्र ६०
गिहिदत्थये विहारो, विदिओऽगिहिदत्थसंसिदा चेव ॥
एत्तो तदिय-विहारो णाणुण्णादो जिणवरेहिं ॥ मू० १४८ ॥
परिच्छेद—५, पंचाचाराधिकार, गाथा—२२२
परिच्छेद—६, पिण्डशुद्धि अधिकार, गाथा—८३ [क्रमशः]

---

( પૃષ્ઠ ૫ થી ચાલુ )

પોતે જૈનધર્મ સ્વીકારે છે. એમાં વધુ રસ લે છે અને પ્રજાકલ્યાણનાં કાર્યો હાથ ધરે છે એ પણ હવે પછી જોઇશું. એ સ્થિતિ થયા પછી જ એ પરમઆર્હત તરીકે ઓળખાય છે. અહીં એ વાતની યાદ આપીએ કે જેઓ ગુજરાતના પતનનો ટોપલો રાજા કુમારપાળની દયાને આભારી છે એમ કહેવા બહાર પડયા છે તેઓ કેવી ભીંત ભૂલ્યા છે એ ઉપરના વિજય ને યુદ્ધો પરથી સહજ સમજી શકાશે. શ્રીમદ્ હેમચંદ્રસૂરિના સહવાસથી કે જૈનધર્મના બોધથી કુમારપાળ રાજા જરૂર કૃપાપરાયણ અને પ્રજાપ્રેમી બન્યો છે પણ તેથી તેનામાં કાયરતા આવી કિંવા ગુજરાતના પાટનગરને અધઃપતનના માર્ગે લઇ ગયો એ કહેવું તે માત્ર એક પ્રકારની ધૃષ્ટતા માત્ર નથી પણ ઉઘાડી આંખે ઇતિહાસનું અજ્ઞાન સૂચવે છે અને સત્યનું ખૂન થાય છે. જેની નસોમાં સાચી દયા ઉભરાતી હોય છે એ કાયર તો હોઇ શકે જ નહીં; કારણ કે દયા દાખવવામાં ઓછા સત્ત્વની જરૂર નથી પડતી. આત્મશક્તિનાં સાચાં દર્શન જેને થયાં છે એવા આત્માઓ જ અહિંસા જેવી વિરલ વસ્તુનો પૂર્ણપણે સાક્ષાત્કાર કરાવી શકે છે. સામાન્ય કક્ષાના માનવીનું એ ગજું નથી. દયાની ડેકડી કરવી એ સ્હેલી વાત છે પણ એને સાચી રીતે પિછાનવી એ કપરું છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઘંટાકર્ણ એ જૈન દેવ જણાતા નથી

લેખક-શ્રીયુત પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, વડોદરા.

'જૈન સત્ય પ્રકાશ' માસિકના પુ. ૫ના અંક ૭ માં મ્હારા લેખની વિરુદ્ધમાં મિ. સારાભાઈ નવાબે 'ઘંટાકર્ણ એ સર્વમાન્ય જૈન દેવ છે' એવા હેડીંગ નીચે જે લેખ પ્રકટ કરાવ્યો છે, તેથી ફેલાવાયેલી ભ્રાંતિને પ્રત્યુત્તર-પ્રતિકાર દ્વારા દૂર કરવાની મ્હારી અનિવાર્ય ફરજ સમજું છું. 'જૈન' પત્રના તા. ૨૫મી ફેબ્રુઆરીના અંકમાં પ્રકટ થયેલ 'ઘંટાકર્ણ એ કયા દેવ છે? વાસ્તવિક રીતે એ જૈન જણાતા નથી' એવા મ્હારા લેખની વિરુદ્ધમાં તે જ સાપ્તાહિકના તા. ૧૦મી માર્ચના અંકમાં તેમણે 'ઘંટાકર્ણ એ સર્વમાન્ય દેવ છે અને વાસ્તવિક રીતે એ જૈન હોય તેમ લાગે છે' એવો લેખ પ્રકટ કરાવ્યો હતો, તેના સવિસ્તર પ્રત્યુત્તરો મ્હારા તરફથી 'જૈન' પત્રના તા. ૧૭મી માર્ચથી તા. ૧૯મી મે સુધીમાં (લેખાંક ૨ થી ૯ તરીકે) અને તા. ૭મી જુલાઇના અંકમાં (૧૦મા લેખાંક તરીકે) અપાઇ ગયેલ હોવાથી અને સ્થળ-સંકોચ હોવાથી સંક્ષેપમાં સૂચવીશું.

જે દેવને આપણે માનીએ-મનાવીએ, પૂજીએ-પૂજાવીએ; તે ઘંટાકર્ણ દેવ કોણ છે? તેનું સ્વરૂપ શું છે? જૈન ગ્રંથોમાં તેનો શો પરિચય મળે છે? જૈનધર્મમાં તેનું શું સ્થાન છે? સમ્યગ્દષ્ટિ જૈન દેવ તરીકે તેનો પરિચય ક્યાંય મળે છે કે કેમ? મળતો હોય તો કેટલો પ્રાચીન, પ્રામાણિક અને વજનદાર? એ વગેરે વિચારણા કરવી જરૂરની છે. જૈનધર્મનાં માન્ય શાસ્ત્રોમાં કે પ્રામાણિક ગ્રંથોમાં તે દેવને માન્ય તરીકે ગણેલ ન હોય અને જૈનેતરમાન્ય પ્રાચીન ગ્રંથોમાં તેને પોતાના ગણેલ હોય તો જૈન-સમાજમાં એ દેવ ક્યારથી મનાવા લાગ્યા? જૈનેતર અથવા મિથ્યાત્વી એ દેવને કોઇએ પાછળથી સમ્યગ્દષ્ટિ બનાવ્યા હોય તો કોણે? ક્યારે? અને તેના પ્રામાણિક ઉલ્લેખો કયા કયા છે? જૈનેતરોના અથવા અન્યધર્મીઓના માન્ય કે સ્વીકૃત દેવોને જૈનોના માનવા-મનાવવા એ જૈન-ધર્મની દષ્ટિએ ઉચિત લેખાય કે કેમ? એમ કરવાથી જૈન-સમાજને કાલાંતરે અનિષ્ટ આપત્તિઓ સંભવિત છે કે કેમ? સમ્યગ્દષ્ટિ સાધર્મિક બંધુ દેવ હોય, તેને પણ કેટલું સન્માન આપવું ઉચિત ગણાય? પૂજ્ય ઉપાસ્ય દેવાધિદેવનાં પૂજન-આરાધનની જેમ ઉપાસક દેવનાં પૂજન-આરાધન યોગ્ય ગણાય કે કેમ? એવું કેટલુંય દીર્ઘ દષ્ટિથી વિચારવું હિતાવહ છે.

એવા ઉચ્ચ આશયથી લખાયેલા મ્હારા પૂર્વ લેખમાં, મિ. સારાભાઇ જણાવે છે તેમ માત્ર 'હિંદુ ધર્મના ગ્રંથોમાં મળી આવતાં અવતરણો' જ નથી, પરંતુ તેમાં વ્યાડિ અને જૈનાચાર્ય હેમચંદ્ર જેવાના શબ્દકોશોનાં પ્રમાણો પણ છે, તેનો તેમણે ઇરાદાપૂર્વક ઉલ્લેખ કર્યો જણાતો નથી.

## ૧ ઘંટાકર્ણને બદલે ઘંટિક યક્ષ

### ( ડાંબીના કુલદેવતા )

પોતાને જૈન મંત્ર-શાસ્ત્ર-સાહિત્ય ગ્રંથોના પારંગત માનતા અને બીજાઓને એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથોનો અભ્યાસ કરવાની સલાહ આપતા, **ઘંટાકર્ણ** માટે મંત્ર-સાહિત્યમાં બરાબર તપાસ કરવા જણાવતા **મિ. સારાભાઈ**, 'ઘંટાકર્ણ દેવની માન્યતા જૈન-સમાજમાં પ્રાચીન **સમયથી પ્રચલિત** હોવાનાં પ્રમાણો ન દર્શાવી શકાતાં **સૌથી પ્રાચીન** પ્રમાણ તરીકે **ઘંટાકર્ણ**ને બદલે **ઘંટિક**ના ઉલ્લેખવાળી **બૃહત્કલ્પ** ભાષ્યની ગાથા ઉદ્ધૃત કરે છે-એ આશ્ચર્ય છે! પરંતુ તે ગાથાની વ્યાખ્યામાં જ એ **ઘંટિક** યક્ષને પણ ડોંબા( ચંડાલિની )ના કુલદેવતા તરીકે ઓળખાવેલ છે[૧] તે **જોતા-સમજતા નથી. વિશેષમાં** ત્યાં જ તેવા કિંકરસ્થાનીય આભિયોગ્ય દેવ-વિષયક ભાવનાને જૈન સંયતો માટે અપ્રશસ્ત અનુચિત સૂચવવામાં આવેલ છે. તથા એવી **માતંગી** વિદ્યાને અને **મંત્ર**-શાસ્ત્રને **જૈનસિદ્ધાંત સ્થાનાંગસૂત્ર**, ઉત્તરાધ્યયન સૂત્ર વગેરે ) પાપશ્રુતો તરીકે **સમજાવે** છે-એ વાંચી વિચારી શકતા નથી, એથી ભ્રાંતિ કરાવતા જણાય છે-એ જાણી દિલગીરી થાય છે.

૨-૩ **ભૈરવપદ્માવતી**-કલ્પ જેવા મેલી[૨] વિદ્યાઓથી ભરેલા ગ્રંથને રચનાર દિગંબર તાંત્રિક ગ્રંથકારના અપ્રકટ ગ્રંથ **વિદ્યાનુશાસનમાં** કે અજૈન તાંત્રિક[૩] અસરવાળા કોઈ અજ્ઞાત અર્વાચીન ટીકાકારની **નમિઊણ** સ્તોત્રની ટીકામાં **ઘંટાકર્ણ**ના નામવાળા કોઈ શ્લોક આવ્યા હોય, કે જેવા જૈનેતર પ્રાચીન ગ્રંથોમાં પણ મળે છે, એથી 'ઘંટાકર્ણ દેવની માન્યતા જૈન સમાજમાં પ્રાચીન **સમયથી** પ્રચલિત છે, **અથવા** એ સર્વમાન્ય જૈન દેવ છે' એમ જણાવવું એ ભ્રાંતિ કરાવવા જેવું છે.

**હેમચંદ્રાચાર્ય**—વિક્રમની બારમી-તેરમી સદીમાં વિદ્યમાન, 'કલિકાલ-સર્વજ્ઞ' તરીકે સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી**હેમ**ચંદ્રે પોતાના **એકાર્થ, અનેકાર્થ** અને દેશ્ય શબ્દકોશોમાં; ખાસ કરીને દેવાધિદેવ કાંડ પછીના દેવકાંડમાં પણ મિ. **સારાભાઈની** માન્યતા પ્રમાણેના આવા '**સર્વ**માન્ય જૈન દેવ'ને '**જૈનદેવ**' તરીકે ક્યાંય સ્થાન કે મહત્ત્વ આપ્યું નથી; પરંતુ પ્રાચીન પ્રામાણિક કોશકાર **વ્યાડિ**ના **વચનને** ઉદ્ધૃત કરતાં તેઓએ ૧ **અકર્ણ**, ૨ **વિકર્ણ**, ૩ **લંબકર્ણ**, ૪ **શંખકર્ણ**, ૫ **હસ્તિકર્ણ**, જેવા બીજા સમનામવાળા **સહચરો** સાથે ઘંટાકર્ણને **શિવ**ના ગણોમાં સ્થાન આપેલું જોવાય છે.[૪]

---

૧ જુઓ તે પાઠ, **બૃહત્કલ્પ**-ભાષ્યની ગાથા-

"**पसिणापसिणं सुमिणे विज्जासिट्ठं कहेइ अन्नस्स ।**
**अहवा आइंखिणिया घंटियसिट्ठं परिकहेइ ॥ १३१२ ॥**"

જુઓ તેની વ્યાખ્યા—

"**यत् स्वप्नेऽवतीर्णया विद्यया विद्याधिष्ठात्र्या देवतया शिष्टं कथितं सद् अन्यस्मै पृच्छकाय कथयति; अथवा "आइंखिणिया" डोम्बी तस्याः कुलदैवतं घंटिकयक्षो नाम स पृष्टः सन् कर्णे कथयति । सा च तेन शिष्टं कथितं सदन्यस्मै पृच्छकाय शुभाशुभादि यत् परिकथयति । एष प्रश्नप्रश्नः ।**"

—બૃહત્કલ્પસૂત્ર [ આત્માનંદ સભા, ભાવનગરથી પ્ર. પૃ. ૪૦૩-૪૦૪ ]

૨-૩ આ સંબંધમાં 'જૈન' પત્રના તા. ૭ અને તા. **૧૭** એપ્રીલના અંકોમાં અમ્હારા લેખો જોવા.

૪ "**गोपालो ग्रामणी-र्मालु(यु)र्घंटाकर्ण-करन्धमौ**"

—**અભિધાન**-ચિંતામણિ ( સ્વોપજ્ઞ વ્યાખ્યામાં દેવકાંડ, શ્લો. **૧૨૪** નંદીશ-વ્યાખ્યા જુઓ ય. વિ. ગ્ર. પ્રકાશિત ) કેશવકૃત કલ્પદ્રુકોશ ( ગા. ઓ. સિ. પૃ. **૩૯૨, ૧૧૨** )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જિનદત્તસૂરિ**–મિ. **સારાભાઇના** જણાવ્યા પ્રમાણે ખરતરગચ્છની કોઈ **પટ્ટાવલીયોમાં** કથન હોય કે–'શ્રીજિનદત્તસૂરિજીએ **ઘંટાકર્ણ** વીરની સાધના પણ કરી હતી, અને તે સિદ્ધ પણ થયા હતા.' તો તેવો પ્રામાણિક ઉલ્લેખ તેઓએ પ્રકટ કરવો જોઈએ. જ્યાં સુધી અમે પટ્ટાવલીયો જોઇ છે, તેમાં તેવો કોઈ ઉલ્લેખ જાણવામાં આવ્યો નથી. **વિધિમાર્ગનો** અને **વિધિચૈત્યનો** પ્રચાર કરનાર **જિનદત્તસૂરિ** જેવા સુવિહિત **જૈનાચાર્ય** એવી સાધના અથવા **અવિધિ** આદરે–એ માની શકાતું નથી. **જિનદત્તસૂરિ** સંબંધમાં અમને જે પ્રાચીન પ્રામાણિક સામગ્રી ઉપલબ્ધ થઇ હતી, તે અમે **જિનદત્તસૂરિના** પાંચ ગ્રંથો સાથે **અપભ્રંશકાવ્યત્રયી** (ગા. ઓ. સિ. નં. ૩૭)ની ભૂમિકામાં દર્શાવી છે, તેમાં ક્યાંય **જિનદત્તસૂરિએ ઘંટાકર્ણની** સાધના કરી હોવાનું કથન નથી.

સદ્દગત **જિનકૃપાચંદ્રસૂરિજીના** ઉપદેશથી ઉ. જયસાગરગણિએ રચેલા અને સુરતના જિનદત્તસૂરિ–જ્ઞાનભંડારદ્વારા સં. ૧૯૮૪માં પ્રકાશિત થયેલા શ્રીજિનદત્તસૂરિ–ચરિત (ઉત્તરાર્ધ પૃ. ૪૦૪)માં તો કોઇ જીર્ણ પ્રતિના આધારે જણાવ્યું છે કે–"વિદ્યાના પ્રભાવથી **બૌદ્ધોનું** પુસ્તક, ગુરુજી (હરિભદ્રસૂરિજી) પાસે આવ્યું, તે પુસ્તકમાં **બૌદ્ધશાસનનું** સામ્નાય બૃહચ્છાંતિ, **વસુધારા; ઘંટાકર્ણ** વગેરે આવ્યું–એમ ગીતાર્થો કહે છે."[૫]

**ઘંટાકર્ણ બૌદ્ધધર્મના** દેવ હોવાની માન્યતા થવામાં સદ્દગત **શાંતિવિજયજીને** એવો કોઇ ઉલ્લેખ કારણભૂત થયો હશે. એ રીતે પણ તેઓ ઘંટાકર્ણને જૈનદેવ માનતા ન હતા–એ પ્રકટ થાય છે.

**જિનપ્રભસૂરિ, શ્રીપર્વતના ઘંટાકર્ણ**—વિક્રમની ચૌદમી સદીમાં વિદ્યમાન **જિનપ્રભસૂરિ**, કે જેમણે જૈનોનાં પ્રસિદ્ધ તીર્થોના અને તીર્થભક્તો ( કપર્દી, અંબિકા, પદ્માવતી વગેરે )ના પણ કલ્પો રચ્યા છે; તેમના **તીર્થકલ્પ** ગ્રંથમાં ક્યાંય પ્રસ્તુત **ઘંટાકર્ણનો** કલ્પ જોવામાં આવતો નથી. **જિનપ્રભસૂરિના** સમયમાં–વિક્રમની ચૌદમી સદી સુધીમાં આ **ઘંટાકર્ણ**, જો જૈન–સમાજમાં માન્ય અથવા જાણીતા હોત અથવા મિ. **સારાભાઈની** માન્યતા પ્રમાણે ' સર્વમાન્ય જૈન દેવ ' હોત તો તે સંબંધમાં પણ એકાદ કલ્પ રચી **જિનપ્રભસૂરિએ** આપણને તેનાથી વિશેષ પરિચિત કર્યા હોત. ' **જિનપ્રભસૂરિ** અને **સુલતાન મહમ્મદ** ' પુસ્તિકામાં આ આચાર્યનો પ્રામાણિક પરિચય કરાવવા અમ્હે યથાશક્તિ પ્રયત્ન કર્યો છે.

**શ્રીપર્વત** પર રહેલા **ઘંટાકર્ણ** નામના રાક્ષસની જનપ્રવાદરૂપ એક કથા સં. **હિતોપદેશમાં** સૂચવેલી છે.

જિનપ્રભસૂરિજીએ **વિવિધતીર્થકલ્પમાં ચતુરશીતિતીર્થ**–જિનનામ–સંગ્રહમાં–**શ્રી**-પર્વત પરના જે **ઘંટાકર્ણ** મહાવીરનો ઉલ્લેખ કર્યો છે, તે હાલમાં મનાતા–પૂજાતા ક્ષેત્રપાલ અથવા **શિવના** ગણનો નહિ, પરંતુ **ઘંટાકર્ણ** ઉપનામવાળા **મહાવીર** તીર્થંકરનો છે. જેમ વિવિધ ઉપનામોથી પાર્શ્વનાથ તીર્થંકર પ્રખ્યાત છે, તેમ **શ્રીપર્વત** પર રહેલ

---

૫ **"तस्मिन् पु. बुद्धशासनसत्कं साम्नायं बृहच्छान्ति–वसुधारा–घंटाकर्णादि समागतम्'–इति गीतार्था ब्रुवन्ति ॥"**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મહાવીર** તીર્થંકરની પ્રતિમાને **જિનપ્રભસૂરિએ** '**ઘંટાકર્ણ**' એવા ઉપનામથી ઓળખાતી **સાંભળી હશે;** તેને ઉદ્દેશીને એ **સૂચન** છે. **જિનપ્રભસૂરિએ** તંત્રવેદિદ્વારા વિદિત કરેલ, **ગ્રંથસ્થ જોયેલ અને સાંભળેલ,**[૬] ૮૪ **તીર્થો**માં રહેલ પહેલા **તીર્થંકરથી** છેલ્લા ૨૪મા **તીર્થંકર સુધીનાં જિનોનાં નામોનો સંગ્રહ ક્રમથી કરતાં અંતમાં ત્યાં મહાવીરનો નિર્દેશ કર્યો** છે, તે જોનાર દરેક વિદ્વાન **સમજી શકે** તેમ છે અને **અભિધાનરાજેન્દ્ર** પ્રાકૃતમહા**કોશ**માં **ઘંટાકણ્ણ** શબ્દ આગળ એ જ રીતે એનો પરિચય કરાવેલો છે. એને ભ્રાંતિથી ચર્ચાસ્પદ બીજા **ઘંટાકર્ણ** ( **શિવ**-ગણ ) સંબંધમાં સમજી લઇ તેની મૂર્તિ હોવા સંબંધમાં પ્રતિપાદન કરવું, તે અસ્થાને છે.

**અજ્ઞાત વિમલચંદ્ર**—મિ. **સારાભાઇ**ના '**ઘંટાકર્ણ**–માણિભદ્ર–મંત્ર–તંત્ર–કલ્પાદિ-સંગ્રહ'માં જે **ઘંટાકર્ણ**કલ્પને પહેલાં મૂકયો છે, તે સામાન્ય પ્રકારના **સંસ્કૃત ૭૧** શ્લોકોવાળા કલ્પના કર્તા **વિમલચંદ્ર**, કે જેણે **ઘંટાકર્ણ**ને જૈન મનાવવા તેમાં પ્રયત્ન કર્યો છે; તે **વિમલચંદ્રે** ત્યાં પોતાનો **ખાસ** કંઇ **પરિચય** કરાવ્યો **નથી;** તેમ **મિ. સારાભાઇ**, બીજાં પ્રામાણિક **સાધનો**થી તેની વિશેષ ઓળખાણ કરાવી શકયા નથી. તેનો બીજો કંઇ ખાસ પરિચય ન મળતો હોવાથી તે કલ્પકાર વ્યક્તિ–**વિમલચંદ્ર**ને આપણે **અજ્ઞાત** કહીએ–તો તે અયોગ્ય ગણાય **નહિ.** એ કલ્પકારે ત્યાં પોતાને જૈન સાધુ કે જૈન મુનિવર તરીકે ઓળખાવેલ **નથી,** છતાં **મિ. સારાભાઇ** તેને શા આધારથી તે રીતે ઓળખાવે છે? તે સ્પષ્ટ કર્યું **નથી. ઘંટાકર્ણ**ને ક્ષેત્રપાલ તરીકે સંબોધન કરતાં તેની પાસે '**भार्यां देहि, पुत्रं देहि, पुत्रिकां देहि, धनं देहि** જેવી અનેક માગણીઓ કરનાર એ કલ્પકાર, જૈન સાધુ મુનિવર હોય–એમ કેમ કહી શકાય? અને '**સકલેંદુ** ગણિ**એ પ્રતિષ્ઠા**કલ્પમાં અમુક કથન કર્યું, ત્યાર પછી **વિમલચંદ્રે** આ કલ્પને પ્રખ્યાત કર્યો' આટલા **શબ્દો પરથી** એ " કલ્પના કર્તા **વિમલચંદ્ર, સકલચંદ્ર** ગણિના કોઇ શિષ્ય-પ્રશિષ્યાદિ હોવા **જોઇએ**" આવી કાલ્પનિક માન્યતામાં શું વજુદ છે? જો તે **વિમલચંદ્ર**, એ **સકલચંદ્ર** ગણિના શિષ્ય-પ્રશિષ્યાદિ હોત, તો તેણે પોતાના ગુરુ યા દાદાગુરુ તરીકેનો તેવો સંબંધ–પરિચય ત્યાં પ્રકટ કર્યો હોત. **પ્રતિષ્ઠાકલ્પકાર સકલચંદ્ર** ગણિ, વિક્રમની સત્તરમી સદીમાં વિદ્યમાન હતા, તેના કથનને જાણ્યા પછી કલ્પ પ્રખ્યાત કરનાર આ **વિમલચંદ્ર** તેના પછી કેટલા અંતર પર–પચાસ, સો અથવા એથી વધારે કેટલાં વર્ષો ગયાં પછી થયા? એ જાણવાને સાધન નથી. બીજી વાત એ છે કે–શાંતિ માટે **ઘંટાકર્ણ**ની પ્રાર્થના કરતાં તે ચાર વર્ણોમાંથી વૈશ્યોને સંભારતા નથી–એથી એ અજ્ઞાત **વિમલચંદ્ર**, વૈશ્ય સિવાયના વર્ણોમાંના હોય–એવી કલ્પનાને પણ અવકાશ આપે છે.

## હરિભદ્રસૂરિના નામે

ઉપર્યુક્ત અજ્ઞાત **વિમલચંદ્રે** એક ભ્રાંતિકારક વિચિત્ર હકીકત જણાવી છે કે

---

૬ "**तन्त्रवेदिविदितं चतुर्युताशीतितीर्थ-जिननामसंग्रहम् ।**
**किञ्चिद् यथादृष्टं किञ्चिच्चापि यथाश्रुतम् ।**
**स्वतीर्थनामधेयानां पद्धतौ लिखितं मया** "
—વિવિધતીર્થકલ્પ (પૃ. ૮૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"હરિભદ્રસૂરિના શિષ્યે જૈનધર્મની અભિવૃદ્ધિ માટે ગુરુના બોધથી ઘંટાકર્ણ મહાવીરની ઉપાસના કરી; ત્યાર પછી તે(ઘંટાકર્ણ)ની પ્રવૃત્તિ, સમ્યક્ત્વધારી જનમાં થઈ. સકલેંદુ ગણિએ પ્રતિષ્ઠા-કલ્પમાં કથન કર્યું, ત્યાર પછી વિમલચંદ્રે આ કલ્પને પ્રખ્યાત[૭] કર્યો." પરંતુ કલ્પમાં સૂચવેલી તે ઘટનાને કોઇ પ્રામાણિક ગ્રંથનો કે ગીતાર્થ સુવિહિત જૈનાચાર્યનો વિશ્વસનીય આધાર જોવામાં આવતો નથી. સકલચંદ્ર ગણિના મળી આવતાં પ્રતિષ્ઠા-કલ્પ (વડોદરા-આત્મારામજી જૈન જ્ઞાનમંદિરની હ. લિ. પ્રતિ નં. ૬૮૭)માં તેવી કોઈ હકીકત જોવા-વાંચવામાં આવતી નથી.

એ અજ્ઞાત વિમલચંદ્રે સૂચવેલા હરિભદ્રસૂરિ કયા? તેના કયા શિષ્યે ઘંટાકર્ણ મહાવીરની ઉપાસના કરી? જૈનધર્મની અભિવૃદ્ધિ માટે જૈનધર્મના ઉપાસ્ય શાસનનાયક દેવાધિદેવ મહાવીરને બદલે ક્ષેત્રપાલ, યક્ષ કે શિવના ગણ અનુચર જેવા ઉપાસક સામાન્ય દેવની ઉપાસના કરવાની જરૂર તેને શાથી પડી? હરિભદ્રસૂરિ જેવા સુવિહિત સુપ્રતિષ્ઠિત કોઈ જૈનાચાર્ય, પોતાના શિષ્યને તેવા દેવની ઉપાસના કરવા બોધ-ઉપદેશ આપી શકે? એવા દેવની ઉપાસના કરવાથી જૈનધર્મની અભિવૃદ્ધિ થાય કે શૈવધર્મની? એ ઉપાસના કરનાર શિષ્યનું નામ શું? તેણે જૈનધર્મની અભિવૃદ્ધિ શી કરી? એ હકીકત અજ્ઞાત અર્વાચીન વિમલચંદ્ર સિવાય, બીજા કોઇ પ્રાચીન પ્રામાણિક ગીતાર્થ જૈનાચાર્યે સેંકડો વર્ષોમાં કેમ જણાવી નથી? હરિભદ્રસૂરિના નામ પર, કોઇ તાંત્રિકે જૈનેતર મેલી વિદ્યાનાં જે તે યંત્ર-મંત્ર-તંત્રો ચડાવી દીધાં છે, તેમ આ સંબંધમાં પણ બન્યું હશે. (હરિભદ્રસૂરિ જેવા પવિત્ર મહાપુરુષના નામને અને જૈનધર્મને બદનામ કરાવનારા એ મંત્ર-સાહિત્યના નમૂના માટે 'જૈન' પત્રના તા. ૨૮મી એપ્રીલ, તથા ૧૨મી, ૧૯મી મે તથા ૭મી જુલાઈના અંકોમાં અમ્હારા લેખો જોવા)

**ઘંટાકર્ણ સંબંધમાં બીજા કયા ગ્રંથોમાં કેવા ઉલ્લેખો છે[૮]?**

૧ **મહાભારત** (શલ્યપર્વ અ. ૪૬, શ્લો. ૨૪) માં, સેનાપતિ સ્કંદના મહાપારિષદોમાં ઘંટાકર્ણ વીરનો ઉલ્લેખ છે.

૨ **હરિવંશ** (ભવિષ્ય પર્વ અ. ૮૦ થી ૮૩) માં, માંસ-ભક્ષક, રુધિર-પાન કરનાર અને કાનમાં વિષ્ણુનું નામ ન પેસે તે માટે બંને કાન પર ઘંટા બાંધનાર ઘંટાકર્ણનો વિસ્તારથી પરિચય છે. ત્યાં ઘંટાકર્ણ-ચિત્તસમાધિ, પિશાચ(ઘંટાકર્ણ)ને વિષ્ણુનો સાક્ષાત્કાર, ઘંટાકર્ણે કરેલી વિષ્ણુ-સ્તુતિ અને ઘંટાકર્ણ-મુક્તિ-પ્રદાન એ નામના ખાસ ચાર અધ્યાયો રોકયા છે.

---

૭ "हरिभद्रसूरेः शिष्यो जैनधर्माभिवृद्धये।
घण्टाकर्णमहावीरमुपास्त गुरुबोधतः॥ ६७॥
ततः प्रवृत्तिस्तस्यासीत् सम्यक्त्वधारिणो(णि) जने।
प्रतिष्ठाकल्प आचख्ये गणिना सकलेन्दुना॥ ६८॥
ततो विमलचन्द्रेण कल्पोऽयं ख्यातिभाक् कृतः॥"

૮ અહિં સૂચવેલ ગ્રંથોનાં અવતરણો-આધાર-પાઠો માટે 'જૈન'માં આવેલી ઘંટાકર્ણ-લેખમાલા (૧-૧૦) જોવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ સ્કંદ મહાપુરાણ (કાશીખંડ ઉ. મ. અ. ૫૩, પૃ. ૨૩૨ એ. કૃ.) માં કાશીમાં ઘંટાકર્ણેશ્વર લિંગ અને ઘંટાકર્ણ નામના હ્રદને સ્થાપનાર તરીકે ઘંટાકર્ણ ગણનો ઉલ્લેખ છે.

૪ **ભૃગુસંહિતા** ( રાજખંડ પૃ. ૧૧૨, ૩૫૨ )માં, ૭ તોલા પ્રમાણ સોનાના પતરા પર ઘંટાકર્ણની મૂર્તિની પૂજા, મંત્ર-જાપ કરવાની વિધિ પછી તે મૂર્તિ, બ્રાહ્મણને ભોજન, વસ્ત્ર, આભૂષણ સાથે આપી દેવાની સૂચના છે.

૫ **બૃહજ્જ્યોતિષાર્ણવ** (સ્કંધ ૩૭, અ ૧૫ )માં, ઘંટાકર્ણને પિશાચેશ અને ચાંડાલ વર્ણનો જણાવ્યો છે, અને અ. ૭૧ માં ઘંટાકર્ણી પ્રતિમાનું લક્ષણ દર્શાવ્યું છે.

૬ **મંત્ર-મહાર્ણવ** ( એ. કૃ. વેં. પૃ. ૨૪૯, ૬૦૯ ) માં ઘંટાકર્ણના મંત્ર ઉપરાંત ઘંટાકર્ણી યક્ષિણીનો પણ મંત્ર દર્શાવ્યો છે.

૭ **કક્ષપુટ** ( સિદ્ધનાગાર્જુને રચેલ શૈવ તાંત્રિક ગ્રંથ ઇંદ્રજાલ-વિદ્યાસંગ્રહ પૃ. ૨૮૦ના પટલ બીજા ) માં, ઘંટાકર્ણના મંત્રથી મંત્રેલ પત્થરો જે ગામના ઝાડને મારે ત્યાં મારનારને અપ્રાર્થિત સુખ-ભોગ મળવાનું વિધાન છે.

૮ **ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ** ( મરાઠી પૃ. ૧૭૫ ) માં, શંકરના અનન્ય ભક્ત અનુચર તરીકે ઘંટાકર્ણનો ઉલ્લેખ છે. શંકરના નામ અથવા ગુણાનુવાદ સિવાય બીજું કંઈ પણ કાન પર આવે નહિ એ માટે તે કાન પર ઘંટા બાંધતો હોવાના કારણે તેનું ઘંટાકર્ણ નામ પડયું હતું-એમ ત્યાં જણાવ્યું છે.

૯ **હિંદી વિશ્વકોષ** ( ભા. ૬ પૃ. ૭૬૪ ) માં, અભિશપ્ત થવાથી ઉજ્જયિનીમાં મંગલ અને મેધાના પુત્ર તરીકે જન્મ ધારણ કરનાર આ ઘંટાકર્ણે શિવની આરાધનાથી વરદાન મેળવી વિક્રમાદિત્યની સભાનાં પ્રધાન રત્નોને જીત્યાં હતાં. મહાદેવે તેની અચલા ભક્તિ જોઈ તેને પોતાનો પાર્ષદ બનાવ્યો હતો.

૧૦ **વીરમાહેશ્વરાચાર**-સંગ્રહ (વીરશૈવલિંગિ-બ્રાહ્મણ ધર્મગ્રંથમાલા નં. ૨૫, અ. ૬૧)માં, ઉલ્લેખ છે કે-"શિવનો અત્યંત વલ્લભ ગણ શ્રીમાન ઘંટાકર્ણ, શિવ-તુલ્ય બલવાન થઈ શિવલોકમાં પૂજાય છે. પાડેલાં ઘંટા આપવાથી મહાબલી ઘંટાકર્ણે, ઘંટાકર્ણ જનોનું આધિપત્ય મેળવ્યું હતું."

૧૧-૧૨ **શિવપુરાણ**માં તથા **તિથ્યાદિતત્ત્વ** (રવિસંક્રાંતિ પ્રકરણ)માં ઘંટાકર્ણની પૂજાવિધિના અને પૂજામંત્રના પ્રચલિત શ્લોકો છે.

૧૩-૧૪-૧૫ **વ્યાડિ**, **શબ્દકલ્પદ્રુમ** અને **કલ્પદ્રુ** નામના પ્રસિદ્ધ શબ્દકોશમાં ઘંટાકર્ણને શિવના ગણ તરીકે દર્શાવેલ છે.

૧૬ **આર્યોના તહેવારોનો ઇતિહાસ** (લે. ઋગ્વેદી, સં ૧૯૭૯માં પ્ર. ગુજરાત પુરાતત્ત્વમંદિર, અમદાવાદ)માં ગણેશચતુર્થી પ્રકરણ, પૃ. ૩૭૬માં જણાવ્યું છે કે 'બંગાળામાં ગણપતિનો ઓચ્છવ રૂઢ નથી, પરંતુ શિવના બે ગણોની પૂજા કરવામાં આવે છે. ફાગણ સુદ ચૌદશને દિવસે ઘંટાકર્ણ નામના ગણની પૂજા થાય છે, અને એ ગણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અતિશય સુંદર હોવાને લીધે તેના પૂજનથી સૌંદર્ય પ્રાપ્ત થાય છે એવી ત્યાંના લોકોની માન્યતા છે. આ ગણના સૂચક તરીકે પાણીથી ભરેલા એક ઘડાની પૂજા કરવામાં આવે છે. તે જ મહિનામાં ઘંટુ નામના બીજા એક ગણની પૂજા કરવામાં આવે છે અને ચામડીનું કોઈ પણ દર્દ ન થાય તે માટે તેની પ્રાર્થના કરવામાં આવે છે."

—આ સર્વ ઉલ્લેખોથી ઘંટાકર્ણ, સમ્યગ્દષ્ટિ જૈન હોઇ શકે કે મિથ્યાદષ્ટિ જૈનેતર ? એ વિચારી શકાશે.

**શિવ-ગણ ઘંટાકર્ણ**ની પ્રતિકૃતિયો અથવા તેના કલ્પની અનેક પ્રતિયો મળી આવતી હોય, અથવા શૈવ-વીરશૈવ-લિંગાયતોના સંસર્ગ-અસરવાળા દક્ષિણના દિગંબર અજ્ઞાન ખેડૂતો 'બળદની ડોકે ઘંટાકર્ણની આકૃતિ કોતરેલું પતરૂં બાંધતા હોય-એથી ઘંટાકર્ણની મૂર્તિઓ અને ચિત્રોની પ્રવૃત્તિ જૈન-સમાજમાં પ્રાચીન સમયથી માન્ય થયેલ છે.' એમ દર્શાવવું એ ભ્રમ કરાવવા જેવું છે. **શાર્ઙ્ગધર-પદ્ધતિ** ( શ્લો. ૨૮૫૫, ૨૮૫૬ )માં પણ આવા ઘંટાકર્ણગણના મંત્રને ઘંટા પર લખી-રોગ-નિવારણાર્થે ગાય-બળદ-પશુઓની ડોકે બાંધવાનું સૂચન[૯] છે.

જેવી રીતે **ટાંકલા** પાર્શ્વનાથ, **રાવણ પાર્શ્વનાથ, ગાડલિયા પાર્શ્વનાથ, ભીલડિયા પાર્શ્વનાથ, મૂછાળા મહાવીર** જેવાં ઉપનામોથી કેટલાક તીર્થંકરો [પ્રતિમાઓ] ઓળખાય છે; તેવી રીતે 'ઘંટાકર્ણ' એવું પણ **મહાવીર** તીર્થંકરનું કોઇ ઉપનામ હશે, એવા આશયથી દોરાઈ '**घण्टाकर्णो महावीरः**'ના મંત્રાક્ષરોથી ૧૦૮ વાર મંત્રેલી ગોળ-પાપડી બાળકોને વહેંચવાનો વિધિ, અષ્ટોત્તરી સ્નાત્ર ( શાંતિસ્નાત્ર ) પ્રસંગમાં અર્હત્પીઠના પૂજન પછી અર્વાચીન વિધિમાં દાખલ થયો જણાય છે. પરંતુ તે, આ ઘંટાકર્ણ નામના વીર, યક્ષ, ક્ષેત્રપાલ (અથવા ખરી રીતે શિવના ગણ)ને ઉદ્દેશીને હોય છે, એમ થોડા સમજતા હશે. અને ગતાનુગતિક વિધિ-વિધાન કરાવનારા જતિ-ગોરજી વગેરેની પ્રેરણાથી ઘંટાકર્ણની આકૃતિ અથવા મંત્રાક્ષરોવાળાં પતરાં અને ચાંદીની થાળીઓ પણ કેટલેક સ્થળે પાછળના જમાનામાં બનેલી જણાય છે.

**ઘંટો**—મિ. **સારાભાઇ** જણાવે છે તેમ **ભિન્નમાલ** ( મારવાડ) કે **સુરત**ના કોઇ જિનમંદિરમાં કોઈ ઘંટ ઉપર ઘંટાકર્ણના મંત્રાક્ષરો લખેલા હોય તો તે શું સુવિહિત જૈનાચાર્યના ઉપદેશથી લખાયેલ યા પ્રતિષ્ઠિત થયેલ છે ? અને તે ઘંટ કોઇ પ્રતિષ્ઠિત સુશ્રાવક અથવા જૈન સંઘ દ્વારા થયેલ છે? તથા તેમાં ઘંટાકર્ણને જૈનદેવ તરીકે સૂચવેલ છે ? જો તેમ હોય તો તે જૈનાચાર્ય, સુશ્રાવક અને ઘંટ કરાવવાનો સંવત્ વગેરે નિર્દેશ

---

૯ "**मलदोषे समुत्पन्ने गवां कण्ठे विबन्धयेत् ।**
**घण्टां तत्र लिखेन्मन्त्रं यावकेनामयापहम् ॥**

**मन्त्रः—**

**ॐ घण्टाकर्णो वटे शेते गणः प्रोक्तो महाबलः ।**
**मारीचिनाशनकरः स गाः पातु जगत्पतिः ॥**"

For Private And Personal Use Only

સાથેનો ત્યાંનો ઉલ્લેખ તેમણે પ્રકટ કરવો જોઈએ. જેથી તેનો સત્ય ઇતિહાસ પ્રકાશમાં આવશે.

**કલ્પ-ચિત્રો**—**ઘંટાકર્ણ**ના કલ્પોની જે **પ્રતિયો** મળે છે અને ૮ ભૈરવો, ૫૨ (બાવન) વીરો, ૬૪ **જોગણીઓ સાથેનાં** તે **ઘંટાકર્ણ**નાં જે ચિત્રો પ્રકાશમાં આવ્યાં છે, તે પરથી પણ તે જૈન દેવ હોય તેમ જણાતા **નથી**. મિ. **સારાભાઇ** જણાવે છે તેમ બીજા કલ્પમાં **ગિરિજાકાંત** નો અર્થ, **શિવજી**ને બદલે ગણપતિ. પ્રેસની ભૂલથી છપાએલો હોય તેમ માની લેવાંમાં આવે અને ત્રીજા કલ્પની સાધનાવિધિમાં ચોખાની મસીત(મસ્જીદ) કરવાનું જણાવ્યું છે, ત્યાં તેનો અર્થ, કોઇ કાલ્પનિક કોશના આધારે (શિખર) જણાવાય છે, તે પણ માન્ય રખાય તો પણ તપાસતાં તે કલ્પો અજૈન તાંત્રિકોના જણાઇ આવે છે.

જે તે ઉતારાઓ, કલ્પનાઓ કે કુયુક્તિઓથી **ઘંટાકર્ણ**ને **સમ્યગ્દૃષ્ટિ** જૈન દેવ તરીકે માનવા-**મનાવવા** અથવા તેને ભારતની ત્રણે મુખ્ય **સંસ્કૃતિના** માન્ય તરીકે ઓળખાવવા એ ઉચિત નથી. સુજ્ઞ-સમાજમાં તે માન્ય થઇ શકે નહિ. શિવના અનન્ય ભક્ત અનુચર ગણ(**ઘંટાકર્ણ**)ને જો '**સર્વમાન્ય** જૈન દેવ' તરીકે માનવામાં આવે તો તેના પણ બહુમાન્ય **શિવને** અને **વિષ્ણુને સર્વમાન્યથી** પણ અધિક માન્ય ગણવા જોઇએ-એ સર્વ વિચારવું પડશે.

**ધન્યવાદ**-અંતમાં બહુશ્રુત ઇતિહાસપ્રેમી મુનિરાજ શ્રીકલ્યાણવિજયજીને ધન્યવાદ ઘટે છે કે જેઓએ આ જ '**જૈન સત્ય પ્રકાશ**'ના પુ. ૫ના **અં**. ૮માં 'ઘંટાકર્ણ' '**જૈનદેવ' નથી**' આવો સંક્ષિપ્ત છતાં સમયોચિત લેખ લખી પ્રકાશિત કરાવ્યો છે અને એ રીતે પોતાના વિશાલ જ્ઞાનનો સમાજને લાભ આપતાં પોતાનું સમયોચિત કર્તવ્ય બજાવ્યું છે. સત્ય-ગવેષક સત્ય-પ્રેમીઓ સત્ય વિચારે, સ્વીકારે અને સત્યને અનુસરી સાચા સુખને અનુભવે-એમ ઇચ્છીશું.

વીર સં. ૨૪૬૬ અષાડ વ. ૮, **વડોદરા.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैनदर्शन का कर्मवाद

लेखक : आचार्य महाराज श्री विजयलब्धिसूरिजी

जैनदर्शन एक अनुपम दर्शन है, यह बात इसके कर्मवाद से जगत में जाहिर है। जैन साहित्य में कर्मग्रन्थ, कर्मप्रकृति, पंचसंग्रह आदि ग्रन्थों में, लक्ष श्लोक से भी अधिक भाग, कर्म सम्बन्धि विचारणाओंसे भरा है।

यदि कर्म के स्वरूपको समज लिया जाय तो दुनिया की किसी भी त्रूटी पर, पामर जन परम पवित्र जगत्पावन परमेश्वर का जो दोष निकालते हैं वह कभी नहीं बनने पाता।

जैन दृष्टि से आत्मा आठ प्रकार के कर्म से मलिन हो कर शुभाशुभ कर्म द्वारा सुख-दुःख को भोग रही है। यह कर्म पौद्‌गलिक होने के कारण, इसमें ईश्वर का निमित्त मानने की जरूरत नहीं रहती। अफीम भक्षण करनेवाला, अफीम के जहरके कारण मर जाता है और घृत दुग्ध आदि पौष्टिक पदार्थों से जीवन को पुष्ट बनाता हैं। इस तरह के हानि-नुकसान में बीच में अन्य का निमित्त मानने की आवश्यक्ता नहीं है। ऐसे ही अपने किये हुए भले बूरे कर्म ही सुख-दुःख दे सकते हैं। अतः प्रभु की पावनता में खलल पहूंचानेवाले निमित्त रूप मानता नितान्त अनावश्यक है। क्यों की परम पवित्र उपकारी प्रभु निमित्तकारण से तारक ही बन सकता है, न कि मारक या दुःखदाता। अगर वह इस प्रवृत्ति में भाग लेता तब तो कुकर्म करते समय ही हमें रोक देता, जिससे फलप्रदान के झगडे में उसे न उतरना पडे क्योंकि वह अनन्त शक्तिसम्पन्न है और न्याय भी यही मार्ग बतलाता है, जैसे-पिता देखे कि लडका जहर पीता है तो फौरन वहां ही उसे अटका देगा, परन्तु जहर पीने के बाद सजा देने को तैयार नहीं होगा। प्रभु अनन्त ज्ञानी होने से हरदम हमारी क्रियाओं को देख सकता है। उस समय न रोक कर पिछे से बुराई का बुरा फल देने को तत्पर हो जाना न्यायबहिष्कृत हैं।

आत्मा अनादि काल से कर्मविलिप्त है। कोई भी ऐसा समय नहीं था कि आत्मा निर्मल थी। अगर उसको निर्मल मानकर कर्म पिछे से लगे माना जाय, तब तो सिद्ध भगवान के निर्मल आत्मा में भी कर्म लगजाने का संभव होगा। और ऐसा मानने से त्याग-तप-संयम-ध्यान-क्रियाकाण्ड सभी पर पानी फिर जायगा। कारण कि बन्ध ही बन्ध रहा, फिर इन क्लेशों से क्या मतलब? और जो सर्वथा निर्मल है वह समल हो ही नहीं सकता।

प्रश्न-यदि जीव अनादि से, कर्म से मलिन है तो वह अनादिबद्ध होनेसे कभी भी मुक्त नहीं हो सकता, क्यों कि बद्ध दशा जब अनादि है तब अनन्त ही रहनी चाहिये?

उत्तर-भाइ! आपका कहना सत्य है, आकाश की तरह ध्रुव अनादि पदार्थ का नाश नहीं होता है। वैसी अनादिता कर्म और जीव के संयोग की हम मानते तब तो बद्ध आत्मा मुक्त नहीं हो सकती थी, परन्तु हम तो

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नदी के प्रवाह की तरह प्रवाह से अनादि मानते हैं, अतः जैसे बीज में अङ्कुर पैदा करनेकी शक्ति प्रवाह से अनादि की है, मगर वह बीज भुंज दीया जाय बाद अङ्कुर उत्पन्न नहीं कर सकता, ऐसे ही अनादि से राग-द्वेष के कारण कर्मबद्ध होता हुवा भी, जब श्रद्धा-ज्ञान-संयम द्वारा राग-द्वेष को जला देता है, तब वह अबद्ध बनकर अजन्मा हो सकता है, याने मुक्त बन सकता है, और आत्मा में रहे हुए अनन्त ज्ञान, अनन्त दर्शन, अनन्त वीर्य और अनन्त चारित्र-सुख को प्राप्त कर मुक्तावस्था को पा सकता है।

जैनदर्शन में माने हुए आठ कर्म ये हैं-पहिला ज्ञानावरणीय कर्म ज्ञान को रोकता है। दूसरा दर्शनावरणीय कर्म सामान्य बोध को रोकता है। तीसरा वेदनीय कर्म सुख-दुःख का कारण है। चौथा मोहनीय कर्म राग द्वेषादि प्रवृत्ति का निमित्त है। पांचवा आयुष्य कर्म किसी भी स्थान में उत्पन्न जीव का उस स्थान में कायम रहना इसी कर्म से होता है, जब इस कर्म से बंधी हुई स्थिति पूरी हो जाती है, तब वह मरकर जो दूसरी गति का आयुष्य कर्म बन्धा हो, वहां चला जाता है। चलने में बन्धे हुए कर्म ही कारण हैं, मतलब कि इस कर्म के प्रभाव से जीना होता है। षष्ठम नाम कर्म से शरीरों की रचना श्वास भाषा-मनादि का निर्माण होता है। सातवें गोत्र कर्म से उच्च नीच आदि कहलाना और आठवें अन्तराय कर्म से दान, लाभ, भोग, उपभोग ओर वीर्य आदि की रुकावटें होती है। इन आठ कर्म के बन्ध आश्रित १२० भेद, उदय में १२२ और सत्तामें १५८ भेद होते हैं। इन सब की उत्तर प्रकृति के विचार से लेख का कलेवर बहुत ही बढ जाने के भय से संक्षिप्त विचारणा करने का ही इरादा रखा है।

पहिले ज्ञानावरणीय कर्म के मतिज्ञानावरणीय, श्रुतज्ञानावरणीय, अवधिज्ञानावरणीय, मनःपर्यवज्ञानावरणीय और केवलज्ञानावरणीय ये पांच भेद होते हैं। पांच इन्द्रिय और मन से होते हुए ज्ञान को रोकना इसे मतिज्ञानावरणीय कहते हैं। यह मति में हरकत खडी करता है। शाब्दिक ज्ञान में बाधा डालनेवाला कर्म श्रुतज्ञानावरणीय कहलाता है। आत्मा में जगत के रूपी पदार्थ मात्र को देखने की ताकत है, इसे अवधिज्ञानावरणीय रोकता है। और ४५००००० योजन के परिमाण में रहे हुए मनुष्यक्षेत्र के संज्ञी-मनवाले प्राणि के मन का ज्ञान करने की आत्मा में शक्ति है, इसे मनःपर्यवज्ञानावरणीय कर्म रोक देता है। और दुनियाभर की रूपी और अरूपी, पुद्गल, जीव, धर्मास्तिकायादि चीजों को, देखने की शक्ति जिसे केवलज्योति कहते हैं, उसको जो अटकाता है, उसे केवलज्ञानावरणीय कहते हैं। मूल कर्म ज्ञानावरणीय एक है इसके उत्तर भेद ये पांच हैं। आत्मा में देखने की शक्ति होने पर भी यह कर्म, नेत्र की दर्शन शक्ति को रोकनेवाले उसपर लगाये हुए पाटेकी तरह, रोकता है। हां इतनी बात जरूर है-कि जैसे पाटे के वस्त्र की तारतम्यता से गाढ वस्त्र के पाटे से कम दिखाई देता है,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पतले वस्त्र के पाटे से ज्यादा दिखाई देता है, और इससे भी पतले वस्त्र से और भी ज्यादा दिख पडता है इसी तरह ज्ञानावरणीय की तारतम्यता से ज्ञान की कमी बेशी होती है, जब उस कर्म को जड से उडा दिया जाता है तब निखिल पदार्थ को देखनेवाली आत्मा बन सकती है, जिसको केवलज्ञान के नाम से जैनदर्शन मानता है, इसे अन्य दर्शनकार ब्रह्मज्ञान कहते हैं।

पाठकों को विचारना चाहिए कि ज्ञान का अभाव इस कर्म से मानने में, मदिरा के अंदर रही हुई बुद्धिविनाशिनी शक्ति की तरह, इस पौद्गलिक कर्म में ऐसी ही शक्ति मानना और उसे ज्ञानाभाव का प्रेरक समजना युक्तियुक्त है। अगर हम ज्ञानाभाव का प्रेरक प्रभु को माने, तब हम जड बनेंगे क्योंकि हम ज्ञानदाता का उपकार मान सकते हैं, न कि अज्ञानदाता का। कर्म से इस सृष्टि का सर्ज्जन मानना हमें प्रभु की अवहेलना से बचाता है, और न्यायमार्ग में निरत रखता है। केवल प्रभु पर आधार रखनेवाले यही कहेंगे कि-हमारे में अज्ञानता का दान प्रभु की महेरबानी है, उन सज्जनों से हम सविनय प्रश्न करते हैं कि-भाइसाहेब! जब अज्ञानता से हम अपराध करें तब तो यह भी प्रभु की महेरबानी हुई क्यों? और ऐसा होने से यह हमें उसका फल किस तरह दे सकता है? मेरे इस कथन से पाठकों को यह ख्याल अवश्य आया होगा कि दुनिया में अज्ञान ने जो अन्धेर मचा रक्खा है वह इसी कर्म का प्रभाव है और ये पांच उत्तर प्रकृति और एक मूल प्रकृति पाप कर्म के नाम से कही जाती है। ज्ञानी सज्जनों के सम्मान-पूजन-प्रोत्साहन से यह कर्म क्षीण होता है, और जैसे जैसे यह क्षीण होता है, वैसे वैसे हमारी बुद्धि निर्मल बनती जाती है। बारहवे गुणस्थान के अपूर्व अनुष्ठान से यह कर्म किसी किसी भव्यात्मा का सर्वथा क्षय हो कर चला जाता है तब वह भव्यात्मा, दिव्य केवलज्ञान की ज्योति का आविर्भाव करता है। और मिथ्यात्वगुणस्थान में वीतराग प्रभु की घोर आशातना, संपूर्ण सदाचारी व्रतस्थवीरों की विराधना और धर्ममार्ग की अवज्ञा से इस ज्योति को चारों ओर से घेरा लगाकर, इसका अत्यधिक तिरोभाव करता है, फिर भी इस कर्म की ऐसी ताकत नहीं है कि इसकी संपूर्ण ज्योति को छिपा सके, चाहे इतने बद्दल क्यों न चढ आवे, वे दिन को रात नहीं बना सकते, वैसे ही यह कर्म जीव को जड नहीं बना सकता, यानि उसकी अमुक चेतना गिरि हुई हालत में भी कायम रह जाती है। यह ज्ञानावरणीय कर्म की पांच प्रकृति बन्ध में, उदय में और सत्ता में एकसी है। आत्मा को कर्म से लिप्त करनेका नाम बंध है, इसके फल को भुगतने का नाम उदय है, और आत्मा में इसका कायम रहने का नाम सत्ता है। कोटि संख्या को कोटि से गुना जावे और जो संख्या आवे उसे कोटिकोटि कहते हैं, ऐसी तीस कोटिकोटि की इस कर्म की उत्कृष्टी स्थिति है-यानि एक वख्त बंधा हुआ कर्म इतने काल तक अपना फल बतलाता है। सिर्फ तीन हजार वर्ष तक वह चुपचाप आत्मा में पडा रहता है, जिसका नाम अबाधाकाल है। इतना काल कम समझना चाहिए।

[ क्रमशः ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### જૈનદર્શને પ્રરૂપેલ

# મોક્ષ અને તેનું સુખ

લેખકઃ-મુનિરાજ **શ્રી ભદ્રંકરવિજયજી** [ આ. મ. શ્રી. વિજયરામચંદ્રસૂરિશ્વરજીવિનેય ]

શ્રી જૈનશાસને જગતમાં જે સાધનાનો માર્ગ દર્શાવ્યો છે, તે અર્થ કામ કે તેવી જ કોઈ પૌદ્ગલિક વસ્તુઓની સાધનાનો નહિ કિન્તુ જેમાં સર્વ પૌદ્ગલિક વસ્તુઓની સાધનાનો પરિત્યાગ છે, એવી આત્મિક સાધનાનો માર્ગ દર્શાવ્યો છે. આત્મિક સાધના એટલે આત્મગુણોની સાધના અને આત્મગુણોની સંપૂર્ણ સાધના સર્વ કર્મના ક્ષયથી નિષ્પન્ન થતા મોક્ષ સિવાય શક્ય નથી. તેથી જૈનદર્શનની સાધનાનું પ્રધાન લક્ષ્ય મોક્ષ યાને સર્વકર્મરહિત અવસ્થા છે. કર્મરહિત અવસ્થામાં જે સુખ છે તે જ શાશ્વત, નિરાબાધ અને સંપૂર્ણ છે. એ અવસ્થાનું બીજું નામ સિદ્ધાવસ્થા છે. શ્રી જૈનશાસને મોક્ષની સાધનાનો જે માર્ગ પ્રરૂપ્યો છે તેનો વિચાર કરતાં પહેલાં તે મોક્ષ સંબંધી આ જગતમાં કેવા કેવા પ્રકારની માન્યતાઓ ચાલી રહી છે, તે પ્રથમ સમજવું જોઈએ. કારણ કે સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયા પહેલાં તેને માટેની પ્રવૃત્તિ દૃઢ અને મક્કમ નથી બની શકતી.

**અન્ય દર્શનકારોની મોક્ષસંબંધી માન્યતાઓ**

**ચાર્વાક દર્શન** તો મોક્ષ જેવા પદાર્થની હયાતી જ સ્વીકારતો નથી. પરન્તુ તે સિવાયનાં બધાં આસ્તિક દર્શનો એકી અવાજે અન્તિમ ધ્યેય તરીકે મોક્ષને જ માને છે. મોક્ષ એ દરેક આસ્તિક દર્શનોનું લક્ષ્ય સ્થાન છે. અને એને જ સર્વસ્વના ભોગે પ્રાપ્તવ્ય તરીકે આદરપૂર્વક સ્વીકારે છે. તે તે દર્શનકારો આત્માના મોક્ષનું જે સ્વરૂપ વર્ણવે છે તે અને તેમાં કેટલા ગુણ-દોષ રહ્યા છે તે નીચેના વર્ણનથી સમજાશે.

**વૈશેષિક દર્શન** કહે છે કે બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, ધર્મ, અધર્મ, પ્રયત્ન, ભાવના અને દ્વેષ આત્માના એ નવે ગુણોનો સર્વથા ઉચ્છેદ થવાથી જીવનો મોક્ષ થાય છે. મોક્ષમાં બુદ્ધિ, સુખ આદિ ગુણો રહેતા નથી. વિશેષમાં તેઓ કહે છે કે-શાસ્ત્રાભ્યાસથી તત્ત્વજ્ઞાન થાય છે, તત્ત્વજ્ઞાનથી મિથ્યાજ્ઞાન નાશ પામે છે, મિથ્યાજ્ઞાનના નાશથી રાગાદિ નાશ પામે છે, રાગાદિનો ક્ષય થવાથી પ્રવૃત્તિ અટકે છે, પ્રવૃત્તિ અટકવાથી ધર્માધર્મ અટકે છે અને ધર્માધર્મ અટકવાથી જન્માદિ નાશ પામે છે. જૈનો કહે છે કે-ઇન્દ્રિયોથી ઉત્પન્ન થનારાં બુદ્ધિ, સુખ, દુઃખ કે ઇચ્છાદિનો મોક્ષમાં નાશ થતો હોય તો તે અમને સ્વીકાર્ય છે, પરન્તુ આત્માના સ્વાભાવિક જ્ઞાનાદિ અતીન્દ્રિય ગુણોનો નાશ કેવી રીતે સંભવે ? અને તે પણ જો નાશ પામતા હોય તો એવી મુક્તિનો અર્થ જ શું છે ? કે જ્યાં વર્તમાનમાં જેટલું જ્ઞાન અને સુખ છે તેટલું પણ ન રહે ? અથવા સર્વથા જ્ઞાન અને સુખ રહિત અવસ્થા અનન્ત કાળ માટે પ્રાપ્ત થાય ? એવી જ્ઞાન-સુખરહિત મુક્તિ ઉપર કોઈ પણ વિબુધજનને આસ્થા ન જ થાય, એ તદ્દન સ્વાભાવિક છે.

**મીમાંસકો** માને છે કે મુક્તાત્મા સદા સ્વસ્વરૂપમાં સ્થિત રહે છે. બંધન, દુઃખ તથા ક્લેશથી રહિત હોય છે. અને કામ, ક્રોધ, મદ, ગર્વ, લોભ અને દંભ એ છ પ્રકારની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊર્મિઓથી પર હોય છે. બ્રહ્મનું સ્વરૂપ આનંદ છે અને તે મોક્ષદશામાં પ્રગટ થાય છે. તે સમયે બ્રહ્મનું રૂપ જોઇને બધાં બંધનો છૂટી જાય છે. બંધનો છૂટી જવાથી મોક્ષ-દશામાં આત્મા પોતાનામાં જ નિત્ય એવા આનન્દનો લાભ મેળવે છે. જ્યાં માત્ર બુદ્ધિ જ પહોંચી શકે, પણ ઇન્દ્રિયો ન પહોંચી શકે એવું, કદી પણ નાશ નહિ પામનારૂં સુખ રહેલું છે, તેનું નામ મોક્ષ છે. મોક્ષદશાનું સુખ અવધિ વિનાનું, અખંડ અને ઘણામાં ઘણું છે. એથી વધારે સુખ બીજે કોઈ ઠેકાણે સંભવી શકતું નથી. એ રીતે મોક્ષના સુખનું વર્ણન મીમાંસકો કરે છે તો પણ એ સુખને પ્રાપ્ત કરવાના, એને અનુરૂપ ઉપાયો, તે લોકો નથી દર્શાવતા. જૈનો કહે છે કે–મોક્ષમાં કર્મજન્ય સુખનો અભાવ છે, પણ સ્વભાવજન્ય સુખ વિદ્યમાન છે તેથી તે સુખની પ્રાપ્તિ માટેના ઉપાયો પણ તેને અનુરૂપ જોઇએ. યજ્ઞ યાગાદિ હિંસ્ર અનુષ્ઠાનો કે તત્ત્વજ્ઞાનશૂન્ય કોરા કર્મકાંડો, આત્માને સ્વભાવજન્યસુખસ્વરૂપ મુક્તિ આપાવવાને કદી સમર્થ થઇ શકે નહિ. વિષયસુખને જેમ લોકો ચાહે છે તેમ આત્માને પણ લોકો ચાહે છે તેથી આત્માનો સહજ સ્વભાવ સુખમય છે એમ સાબીત થાય છે. એ સહજ સ્વભાવમાંથી ઉદ્ભવતું આત્મિક સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય યજ્ઞ યાગાદિ અનુષ્ઠાનો નથી, કિન્તુ વિષયસુખથી આત્માને વિમુખ બનાવી સમ્યગ્દર્શનાદિ આત્મગુણોની પ્રાપ્તિના ઉદ્યમમાં જોડનાર નિરવદ્ય એવી આવશ્યકાદિ ક્રિયાઓ છે, જેનો સૂક્ષ્મ ઉપદેશ શ્રી જૈનશાસ્ત્રોમાં ઠાંસી ઠાંસીને ભરેલો છે.

**સાંખ્ય** મતવાળા કહે છે કે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. કિન્તુ એક સળીને પણ વાંકી વાળવા તે અશક્ત છે માટે અકર્તા છે. તે સાક્ષાત્ ભોગવનાર પણ નથી. એ આત્મા જડ અને ક્રિયા કરનારી પ્રકૃતિનો સમાશ્રિત છે અને તેથી જ તેના ઉપર અજ્ઞાનનું અંધારૂં પથરાઇ રહેલું છે. અને એમ છે માટે જ જે સુખ વગેરે ફળ પ્રકૃતિમાં રહેનારું છે, તેનું પ્રતિબિંબ પોતામાં પડે છે, તેને પોતે પોતાનું માની લે છે. એવા મોહને લીધે પ્રકૃતિને સુખ સ્વભાવવાળી માનતો આત્મા સંસારમાં ભટકે છે. અને જ્યારે વિવેકજ્ઞાન થાય છે કે પ્રકૃતિ દુઃખનો હેતુ છે, એની સાથે સંબંધ રાખવો ન કામો છે, ત્યારે એ આત્મા પ્રકૃતિએ કરેલા કર્મફળને ભોગવતો નથી અને એ પ્રકૃતિ પણ એમ સમજે છે કે આ આત્માએ મારી પોલ જાણી લીધી છે, અને હવે એ મારું કરેલું કર્મ ફળ ભોગવવાનો નથી, ત્યારે એ કોઢણી સ્ત્રીની પેઠે તેનાથી દૂર ખસે છે. પ્રકૃતિની શક્તિ જ્યારે આ રીતે નરમ પડી જાય છે, ત્યારે આત્મા એના મૂળ રૂપમાં આવી જાય છે. એનું જ નામ મોક્ષ છે. એ મોક્ષ દશામાં સાંખ્યો અનન્ત ચૈતન્ય માને છે. પરન્તુ અનન્ત આનંદ માનતા નથી. કારણકે એમના મતે આનન્દ એ પુરુષનો નહિ પણ પ્રકૃતિનો ધર્મ છે. જૈનો સાંખ્યોને પૂછે છે કે આત્માને જ્ઞાનની સાથે સંબંધ નથી પણ પ્રકૃતિને છે. એથી તમારા મતે તે આત્મા અજ્ઞાન સિદ્ધ થાય છે તો પછી જે અજ્ઞાનને લીધે સંસારી આત્મા પ્રકૃતિમાં રહેલું સુખ વગેરે પોતાનું માને છે તે જ અજ્ઞાનને લીધે મુક્તાત્મા પણ પ્રકૃતિમાં રહેલાં સુખદુઃખ વગેરે ફળોને પોતાનાં કેમ નહિ માને ? એ આપત્તિમાંથી બચવા માટે મોક્ષમાં ચૈતન્યની જેમ અનન્ત જ્ઞાન પણ તમારે માનવું જ પડશે. અન્યથા ઉભયત્ર સરખી અજ્ઞાન અવસ્થા માન-વાથી તમોએ માનેલી મુક્તિમાં કાંઇ વિશેષતા રહેશે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બૌદ્ધ** કહે છે કે જે મનુષ્ય આત્માને સ્થિર અને નિત્ય માને છે, તેને આત્મા ઉપર સ્નેહ થાય છે. એ સ્નેહને લઇને ભોગોમાં આસક્તિ થાય છે. અને તેથી સંસાર વધે છે. 'આત્મા છે' એમ જાણવાથી જ 'હું અને બીજો' એવી સ્વપરની ભાવના થાય છે. અને એ સ્વપરની ભાવના જ રાગ દ્વેષનું મૂળ છે. રાગદ્વેષ બધા દોષોનું મૂળ છે માટે મુમુક્ષુએ શરીર, સ્વજન, સ્ત્રી, પુત્રાદી સર્વને અનાત્મક, અનિત્ય, અસ્થિર, અશુદ્ધ અને દુઃખરૂપ માનવાં જોઇએ. એથી સ્નેહ થતો અટકી જાય છે. એના વિશેષ અભ્યાસથી વૈરાગ્ય થાય છે. વૈરાગ્યથી નવો આશ્રવ અટકી જાય છે. પરિણામે મુક્તિ મળે છે.

**જૈનદર્શનની મોક્ષ સંબંધી માન્યતા**

**જૈન દર્શન** કહે છે કે આત્મા ઉપરના સ્નેહથી થનારી બધી જ પ્રવૃત્તિ આત્માને ક્લેશ કરનારી થાય છે એમ કહેવું સર્વથા ખોટું છે. આત્માના સ્નેહથી દુઃખ મિશ્રિત વિષય સુખોમાં પ્રવૃત્તિ થાય, તે રોગીને કુપથ્યની જેમ અવશ્ય કષ્ટ કરનારી છે, પરન્તુ એ જ આત્મ સ્નેહથી ડાહ્યા રોગીને પથ્યસેવનની જેમ અતાત્ત્વિક સુખના સાધન સ્ત્રી વગેરેને છોડી પરમાર્થ સુખના ઉપાય એવા સમ્યગ્દર્શનાદિ સાધનોમાં આત્મા પ્રવૃતિ કરે, તેથી આત્માને એકાન્તે ફાયદો જ થાય. પરન્તુ તમારી જેમ નિત્ય આત્મા માટે અનિત્યપણાની ભાવના કરવી એ મૃષા ભાવના છે. એવી મિથ્યા ભાવના ભાવવાથી તો આત્મા માયાચારી બને છે. વળી એ ભાવના ભાવનાર તો કોઇ એક સ્થિર આત્મા જોઇએ જ. અસ્થિર આત્મા અનિત્યપણાની સતત ભાવના પણ શી રીતે ભાવી શકે? પૂર્વે બંધાયેલો જ પછી છૂટો થઈ શકે, એ કારણે પણ મોક્ષને મેળવનાર કોઇ એક સ્થિર આત્મા છે એમ માનવું જ જોઇએ. ક્ષણિકવાદમાં જાણે કોઈ, કરે કોઇ અને મેળવે કોઇ; એની લડાઇમાં ત્રીજો ખાઇ જાય, એ સ્થિતિ ઊભી થાય છે. વળી વસ્તુ માત્ર જો ક્ષણવિનાશી છે તો પછી ક્ષણ બાદ પોતાની મેળે જ નાશ પામનાર રાગાદિના નાશ માટે જુદો પ્રયત્ન કરવાનો જ કયાં રહે છે? માટે એ પ્રયત્ન કરનાર આત્મતત્ત્વ સ્થિર છે એમ માન્યા સિવાય છુટકો જ નથી. એ આત્મતત્ત્વનો અહિંસા પ્રધાન તપના આચરવા વડે મોક્ષ થઈ શકે છે. અનિત્યત્વાદી ભાવના ભાવનાર સ્થિર રહેતા અજ્ઞાનધારા દ્વારા અને અનેક જાતના તપના અનુષ્ઠાનથી આત્મા મોક્ષને મેળવી શકે છે અને એ મોક્ષ અનંત જ્ઞાન દર્શન ચારિત્ર અને સુખમય છે.

જૈનો જે પ્રકારના મોક્ષને માને છે તેના સમર્થન માટે વધુમાં જણાવે છે કે ઉપચય-અપચયને પ્રાપ્ત થનારા પદાર્થો સામગ્રી સદ્દભાવે સર્વ પ્રકારે નાશ પણ થાય જ છે. રાગાદિ દોષ સમૂહનો ઉપચય અપચય સર્વ મનુષ્યોને પ્રત્યક્ષ છે. મનુષ્યોમાં રાગદ્વેષની વધઘટ પ્રત્યક્ષ દેખાય છે. તે હેતુ વિના સંભવી શકતી નથી. જે હેતુથી વધઘટ થવાવાળી ચીજ ઘટે છે, તે હેતુની પૂરેપૂરી સામગ્રી પ્રાપ્ત થતાં તેનો સદંતર નાશ થાય જ. સૂર્યનાં મંદ કિરણોથી જો થોડી ટાઢ નાશ પામે છે તો સૂર્યના પ્રખર તાપથી પ્રબળ ટાઢ પણ નાશ પામે જ છે. એ જ ન્યાયે થોડી શુભ ભાવનાઓના બળથી થોડા રાગદ્વેષ ઘટતા દેખાય છે તો એ જ ભાવનાઓના પ્રકર્ષથી સંપૂર્ણ રાગદ્વેષ રૂપી દોષોનો ક્ષય થાય, એમાં આશ્ચર્ય નથી. રાગદ્વેષના ક્ષયથી અનાદિ કર્મમળનો આત્યંતિક નાશ થાય છે. કારણકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મમળને ઉત્પન્ન કરનાર અને વધારનાર રાગદ્વેષ જ છે. કર્મમળનો સર્વથા વિનાશ એનું જ નામ મોક્ષ છે.

રાગદ્વેષ અને કર્મમળના ક્ષયથી મોક્ષમાં અનંત જ્ઞાન પ્રકટે છે. પરિમાણનો અતિશય ઉત્કર્ષ જેમ આકાશમાં વિશ્રામ પામે છે તેમ બુદ્ધિનો અતિશય ઉત્કર્ષ કયાંક વિશ્રાંત થવો જ જોઇએ. જ્ઞાનની માત્રા પ્રત્યેક મનુષ્યમાં વધતી ઓછી દેખાય છે એટલું જ નહિ પણ એક જ મનુષ્યની જ્ઞાનમાત્રા અવસ્થા ફરવાની સાથે ફરતી જાય છે. થોડાં આવરણ ખસવાથી થોડું જ્ઞાન પ્રકાશે છે તો સર્વ આવરણ ખસવાથી આત્મા સંપૂર્ણ જ્ઞાનવાન બને એમાં શી નવાઇ ! વધતી જતી પહોળાઇનો અંત જેમ આકાશમાં આવે છે તેમ વધતા જતા જ્ઞાનનો અંત સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આવે છે. મોક્ષમાં એ સર્વજ્ઞપણું સર્વ કર્મ મળનો ક્ષય થવાથી સદા હાળ હોય છે. એવા અનંત જ્ઞાન અને અનંત સુખમય મોક્ષ માટે ઉદ્યમ કરવાનું જૈન દર્શન ઉપદેશે છે.

**મોક્ષનું સુખ**

આ સિદ્ધાવસ્થા કે મોક્ષનું સુખ શાશ્વત, નિરાબાધ અને સંપૂર્ણ શા માટે છે તેનાં મુખ્ય કારણ આ છે—

૧ સિદ્ધાત્માઓ સર્વથા રાગ–દ્વેષ અને મોહરહિત હોય છે, જીવની એ ત્રણે પ્રકૃતિઓ પરમ સંકલેશ સ્વરૂપ છે. રાગથી અભિષ્વંગ પેદા થાય છે, દ્વેષથી અપ્રીતિ ઉત્પન્ન થાય છે અને મોહથી કાર્યાકાર્યનો વિવેક નાશ પામે છે, અજ્ઞાન વધે છે. અભિષ્વંગ, અપ્રીતિ અને અજ્ઞાન, એ ત્રણ ચિત્તના અતિ સંકિલષ્ટ અધ્યવસાય છે, કિલષ્ટ કર્મના કારણભૂત છે; પરમ્પરાએ સંકલેશને વધારનારા છે. રાગાદિ સંકિલષ્ટ અધ્યવસાયોથી અભિભૂત થયેલા આત્માઓને આ સંસારમાં એક ક્ષણવાર પણ સુખ હોતું નથી. એ દુષ્ટ અધ્યવસાયોને પરાધીન એવા આત્માઓ આ સંસારસાગરમાં નવાં નવાં કિલષ્ટ કાર્યોનું ઉપાર્જન કરીને જન્મ–મરણનાં અપાર દુઃખોને અનુભવે છે. રાગાદિના અભાવે જીવને જે સંકલેશ રહિત સુખ થાય છે, તે જ સાચું સુખ છે. એ સુખને રાગાદિ રહિત આત્માઓ જ જાણી શકે છે. સન્નિપાતથી ગ્રહિત આત્મા સન્નિપાતના અભાવમાં થનારા સુખને જેમ જાણી શકતો નથી તેમ રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ દોષોને પરતંત્ર એવો આત્મા પણ એ ત્રણ દોષથી રહિત અવસ્થામાં થનારા સુખને જાણી શકતો નથી.

૨ સિદ્ધના જીવોને જન્માદિનો અભાવ છે તેથી તેમનું સુખ અવ્યાબાધ છે. બીજ બળી ગયા પછી જેમ અંકુરો પ્રગટ થતો નથી તેમ સિદ્ધના જીવોને કર્મરૂપી બીજ બળી જવાથી જન્મરૂપી અંકુરો પ્રગટતો નથી, જ્યાં જન્મ નથી ત્યાં જરા નથી, જ્યાં જરા નથી ત્યાં મરણ નથી, જ્યાં મરણ નથી ત્યાં આલોક–પરલોકનો ભય નથી, જ્યાં પરલોકનો ભય નથી ત્યાં ભવકારાગારમાં અવતાર નથી અને જ્યાં ભવકારાગારમાં અવતારનો અંત આવે છે ત્યાં નારકાદિ ચારે ગતિનાં દુઃખોનો પણ અંત આવે છે.

૩ સિદ્ધોનું સુખ અવ્યાબાધ છે તેનું ત્રીજું કારણ સિદ્ધના જીવોને સદાકાળ ઓત્સુક્યની નિવૃત્તિ છે. સંસારના સુખોનો અનુભવ પણ જીવને સકલ ઔત્સુકય કે અભિલાષની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિવૃત્તિથી જ થાય છે. પરંતુ ઇન્દ્રિયવિષયોના ભોગ પર્યન્તે થનારી ઔત્સુક્ય નિવૃત્તિ સ્વલ્પ કાલ માત્ર રહેવાવાલી છે, એટલું જ નહિ પણ એક નિવૃત્તિ અન્ય વિષયની અભિલાષા અને ઉત્સુકતા ઉભી કરીને જ જાય છે અને તે ઉત્સુકતાની પરમ્પરાઓ જ્યાં સુધી નિવૃત્તિ થતી નથી ત્યાં સુધી દુઃખ કાયમ રહે છે. સિદ્ધના જીવોને તે નિવૃત્તિ સાર્વકાલિકી હોય છે. સર્વ કાલ માટે સર્વ અભિલાષની નિવૃત્તિ એ જ સિદ્ધપણું છે. તેથી તેમનું સુખ સર્વ સંસારી જીવોનાં સર્વ સુખો કરતાં પણ અનન્તગણું અધિક બને છે. સિદ્ધોનું અનન્ત સુખ આ રીતે અનુભવ, યુક્તિ અને આગમ આદિ સર્વ પ્રમાણોથી સિદ્ધ છે. પરન્તુ ત્રણે ભુવનમાં તે સુખની કોઇ જોડી નહિ હોવાથી તેનું યથાર્થ કથન કોઈ પણ ઉપમા વડે થઇ શકતું નથી. સર્વજ્ઞ ભગવાનો પણ વાણીદ્વારા એ સુખનું કિંચિત્ માત્ર પણ કથન કરી શકતા નથી. તેટલા માત્રથી સુખનો આ જગતમાં અભાવ છે, એમ કોઇ કહે તો તે સાચું નથી. સર્વ જીવોને અનુભવગમ્ય એવું વૈષયિક સુખ પણ અન્યની આગળ કથન કરી શકતું નથી, તો પછી સિદ્ધાત્માઓનું પરોક્ષ આત્મિક સુખ વાણીના વિષયમાં ન ઉતરે એ સર્વથા સંભવિત છે. અન્ય દર્શનીઓએ પણ કહ્યું છે કેઃ--

**મોક્ષસુખનું વર્ણન અશક્ય**

'કુમારી જેમ સ્ત્રીસુખને ન જાણે અથવા અંધ પુરુષ જેમ ઘટરૂપને ન જાણે તેમ બ્રહ્મ (મોક્ષ) જે સ્વસંવેદ્ય છે, જેને અબ્રહ્મ (મોક્ષ નહિ પામેલા આત્માઓ) કદી પણ ન જાણી શકે.'

એ વાત વધુ સ્પષ્ટ સમજવા માટે બે કન્યાઓનું દષ્ટાંત છે. (પુરુષથી અસંયુક્ત અભિન્નરજસ્ક સ્ત્રીને કન્યા કહેવામાં આવે છે.) એવી બે કન્યાઓને પરસ્પર અત્યંત પ્રીતિ હતી. બંનેને પરસ્પર સંકેત થયો કે પુરુષના ભોગથી થનારું સુખ પરસ્પર એક બીજીએ એક બીજીને કહેવું. એમાંથી એક કન્યાનું પાણિગ્રહણ થયું. બીજીએ તેણીને પૂછ્યું કે કેવું સુખ છે? તેણીએ કહ્યું કે હે સખી! એ સુખને હું કહેવા માંગું તો પણ કહી શકું તેમ નથી. એ સુખની કોઇ ઉપમા નથી. સખી ચીડાણી અને કહેવા લાગી કે તું ધૂર્ત છે. કરેલી પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થાય છે. કાલાન્તરે તે પણ પરણી. સ્વપતિ સાથે રહી. પતિનું સુખ સ્વાનુભવથી જાણ્યું. ઉપમાતીત સુખ છે એમ સાક્ષાત્ જાણીને પોતાની મેળે જ તે પોતાની સખી પાસે ગઈ અને કહ્યું કે-હે સખી! જેવું તેં કહ્યું તેમ જ છે. બીજાને આ સુખ કહી શકાય તેવું નથી.

એ પ્રમાણે સિદ્ધિનું સુખ પણ સિદ્ધ જ જાણે છે. કારણ કે તેનો અનુભવ તેમને જ છે. તે સુખને નહિ પામેલા આત્માઓને તેનો અનુભવ નથી, તેથી તેઓ કેવી રીતે જાણી શકે? આવા પરમસુખનિધાન મોક્ષની પ્રાપ્તિ એ જ સાચી આત્મસાધના છે.

સૌ જીવો એ પરમ સુખની સાધના માટે પ્રયત્નશીલ બને એ જ ભાવના!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# दीवान राव शाह अमरचंदजी सुराणा

लेखकः—श्रीयुत हजारीमलजी बांठिया

राजपूताने के राजनैतिक क्षेत्र में ओसवाल वीरों का महत्त्वपूर्ण स्थान है। धार्मिक, सामाजिक, व्यापारिक और सैनिक प्रगति में इस प्रान्त का कोई ऐसा भाग नहीं है, जहां वे पिछे रहे हों। प्रत्येक राज्य का इतिहास ओसवाल वीरों के त्याग, आत्मबलिदान और बुद्धिचातुर्य से सुशोभित है। बीकानेर के ओसवालों में बच्छावतों और बैदों के पश्चात् सुराणों का सितारा चमकता था।

बीकानेर नरेश महाराजा सूरसिंहजी के राज्यकाल से लेकर महाराजा सरदारसिंहजी के राज्यकाल तक जिन जिन ओसवाल मुत्सद्दियों ने अपने महान् कार्यो से बीकानेर राज्य की जो सेवाऐं की वे इस राज्य के इतिहास में स्वर्णाक्षरों से लिखे जाने योग्य हैं और राजस्थान के वीरता एवं गौरव पूर्ण इतिहास में जो ख्याति पाते है, उनमें वीरशिरोमणि दीवान राव शाह अमरचंदजी का आसन ऊंचा है।

शाह अमरचंदजी शेठ मलूकचंदजी सुराणा के पौत्र और शाह कस्तुरचंदजी के ज्येष्ठ पुत्र थे। यह अभी तक निश्चय नहीं हो पाया है कि आपका जन्म कब हुआ था। आप बचपन से ही वीर और उदार प्रकृति के पुरुष थे। जब आप १०-११ वर्ष के थे तभी आपने तलवार कटार चलाना आदि अच्छी तरह से सीख लिए थे। आपके बचपन की तलवार अब भी आप के वंशधर शाह सेसकरणजी जतनलालजी सुराणा के पास विद्यमान है।

## राजनैतिक और सैनिक क्षेत्र

वि. सं. १८६० ( ई. सं. १८०३ ) में बीकानेर से एक सेना चुरु भेजी गई, जिसमें शाह मुलतानमल खजाञ्ची व जालिमसिंह पडिहार आदि भी थे। आपने वहां पहुंच कर चुरु के स्वामी से २१ हजार रुपये वसूल किए।

वि. सं. १८६१ ( ई. सं. १८०४ ) में जब भटनेर के किलेदार खान जाब्तारखां भट्टीने सिर उठाया तो महाराजा सूरसिंहजी ने शाह अमरचंदजी की मातहती में चार हजार राठौडी सेना भटनेर भेजी। आपने जाते ही किले के पासवाले कुए अनुपसागर पर मिगसर कृष्णा २ को अधिकार कर लिया और किले के चारों ओर मोरचा बांध कर डट गये। पांच मास तक किले की रक्षा करने के बाद रसद की कमी के कारण भट्टी लोग भूखों मरने लगे तो जाब्ताखां स्वयं किले को शाह अमरचंदजी के करकमलों में सुपुर्द कर अपने साथियों सहित पंजाब की ओर चला गया। यह बात वैसाख वदि ४ वार मंगलवार वि. सं. १८६२ की है। मंगलवार के दिन भटनेर का किला विजय होने के कारण भटनेर के किले का नाम हनुमानगढ रखा गया। इस

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वीरता के कार्य के उपलक्ष में महाराजा ने उपहार में शाह अमरचंदजी को पालकी की इज्जत दे कर और दिवान के उच्च पद पर सुशोभित किया।

वि. सं. १८६५ [ ई. सं. १८०८ ] में जोधपुर नरेश महाराजा मानसिंहजीने अपने दीवान इन्द्रराज सिंघवी के मातहती में ८० हजार सेना लेकर बीकानेर पर चढाई की। तत्कालीन बीकानेर नरेश महाराजा सूरसिंहजीने भी विशाल सेना एकत्रित कर शाह अमरचंदजी की मातहती में जोधपुर के विरुद्ध भेजी। उन्होंने शत्रुसेना का असाधारण वीरता एवं होशियारी से मुकाबला किया और जोधपुरी सेना के माल असबाब आदि के साथ बीकानेर वापिस लौट आये। जोधपुरी सेना दो मास तक छोटी छोटी लड़ाइयां करती हुए गजनेर में पडी रही। दो मास समाप्त होने पर महाराजा मानसिंहजी की आज्ञा से कल्याणमल लोढ़ाने ४ हजार जोधपुरी सेना लेकर बीकानेर पर चढाइ की। इस पर सुराणा अमरचंदजी उसका सामना करने के लिए गजनेर भेजे गए। सुराणाजी का ससैन्य आना सुन कर वह [ लोढा ] ससैन्य भाग निकला। अमरचंदजी ने उसका पिछा कर, एक कोस की दूरी पर पकड लिया और उसे लडाई करने के लिए बाध्य किया और थौडी देर में अमरचंदजी ने लोढा कल्याणमल को बंदी बना कर महाराजा साहेब की सेवा में बीकानेर भिजवा दिया।

महाराजा सूरतसिंहजी के राज्यकाल में ठाकुर लोग बहुत बागी हो रहै थे, इनका दमन करने के लिए महाराजा साहब ने दीवान अमरचंदजी को नियुक्त किया। वि. सं. १८६६ से वि. सं. १८७० तक आपने बागी ठाकुरें को बहुत कठोर सजाएं दी।

वि. सं. १८६६ ( ई. स. १८०९ ) में विद्रोही सांडवे का ठाकुर जैतसिंह बीकानेर में पकड लिया गया। उसको मुक्त करने के लिये दीवान अमरचन्दजी ने सांडवे जाकर अस्सी हजार रुपये जुरमाने के लगाये।

वि. सं. १८६७ ( ई. सं. १८१० ) में महाराजा सूरतसिंहजी ने अमरचंदजी को भूकर के थाने पर थानेदार नियुक्त किया।

वि. सं. १८६८ ( ई. सं. १८११ ) में अमरचंदजी ने सूरजगढ जो शेखावाटी में था लूंटा और वहां से बहुत सा माल असबाब बीकानेर लाये।

वि. सं. १८६९ ( ई. स १८१२ ) में अमरचंदजी ने फौज सहित मैणासर के बीदावतों पर आक्रमण किया और वहां के विद्रोही ठाकुर रत्नसिंह को रतनगढ में कैद कर महाराजा साहेब की आज्ञा से उसे फांसी पर लटका दिया गया। धीरदान में ३०० बागी भाटीयों को कत्लेआम कर दिया गया। सिर्फ एक आदमी भाग्य से बच गया।

वि. सं. १८७० ( ई. स. १८१२ ) में अमरचंदजी सीधमुख गये। सीधमुख के ठाकुर नाहरसिंह और पूरनसिंह, पहाड़सिंह, रामसिंह, लक्ष्मणसिंह आदि विद्रोही ठाकुरों को पकड़ कर बीकानेर लाये। इसमें लछमणसिंह

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



को छोड़ कर शेष को कतल कर दिया गया। इस तरह से एकबार अमरचंदजी ने अनेक विद्रोही ठाकुरों को सजा देना कतल करना आदि से विद्रोह की धधकती हुई अग्निज्वाला को शांत किया।

अमरचंदजी की इस खिदमत की महाराजा सूरतसिंहजी ने बड़ी कदर की। दावत में साठ (६०) किस्म की शारिनी तैयार हुई।

वि. सं १८७१ ( ई. स. १८१४ ) में चुरुका ठाकुर शिवसिंह बागी हो गया। इस पर महाराजा साहब ने अमरचंदजी को सेनापति बनाकर प्रथम भाद्रपद मास में ससैन्य चुरू भेजा। आपने जाकर शहेर को घेर लिया और शत्रु के आवागमन को रोक दिया। और दैवयोग से ठाकुर की रसद भी आपके हाथ लग गई। किले में रसद की कमी होने को वजह से ठा० शिवसिंह बहुत दिनों तक आपके मुकाबले नहीं रह सका। ठाकुर शिवसिंह ने अपमान की अपेक्षा मृत्यु को उचित समझकर हीरे की कणी खाकर अपने आपका आत्मघात कर लिया।

अमरचंदजी की इस कामयाबी से महाराजा सुरतसिंहजी बड़े खुश हुए और आपको 'राव' के खिताब से विभूषित किया और एक खिलअत और सवारी के लिये महाराजा ने आपको हाथी प्रदान किया।

अमरचंदजी का भाग्य का सितारा अब पूर्णरूप से प्रकाशमान हो चुका था। उनकी प्रतिभा को देख, उनके विरोधी अब ज्यादा देर नहीं ठहर सके। अकस्मात् आप पर महाराजा सुरतसिंहजी की अकृपा हो गई। उनके शत्रु चैनपड़िहार, रामकर्ण, आसकर्ण आदिने एक ज़ाली चिट्ठी नवाब मीरखां के मुंशी की तरफ से आपको लिखी हुई बनाकर महाराजा सूरतसिंहजी के समक्ष पेश की और कहा–अमरचंद नवाब मीरखां के साथ ९० हजार फौज के साथ बीकानेर में उपद्रव करेगा। इससे महाराजा साहब ने अमरचंदजी को गिरफ्तार करा लिया। आपने अपनी निर्दोषता साबित करने के लिये बहुत कोशिश की और खेतड़ी महाराज आपके लिये तीन लाख रुपयों का जुरमाना भरने के लिये उद्यत हो गया। पर सब व्यर्थ हुआ, एक भी नहीं सुनी गई।

अंत में वीरवर दीवान राव शाह अमरचंदजी सिर्फ झूठी शिकायतों के कारण कतल कर दिये गये। यह घटना वि. सं. १८७२ [ई. स. १८१५] की है। इससे एक चमकता हुआ सूर्य सदा के लिये अस्त हो गया।

राजा लोग कान के कच्चे हुआ करते हैं, यह कहावत पूर्णरूप से चरितार्थ हो गई। महाराजा सूरतसिंहजी ने विरोधियों के झूठे बहकावे में आकर अमरचंदजी जैसे रत्न का नाश कर दिया। जब महाराजा को वास्तविकता का ज्ञान हुआ तो उन्हें इस बात का पश्चात्ताप आजीवन रहा। जब चुरु के ठाकुर पृथ्वीसिंह ने उत्पात किया तो उस समय महाराजा को आप की याद आई। अब क्या हो सकता था? अगर हो सकता तो सिर्फ पश्चात्ताप!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अमरचंदजी की याद महाराजा साहेब को जन्मभर रही।

## राव अमरचंदजी का व्यक्तित्व और संतति

आपका व्यक्तित्व बहुत चढ़ा बढ़ा था। आपका सारा जीवन राज्य की सेवा में और युद्धस्थल में बीता। आप एक महान वीर योद्धा थे। राजनैतिक और सैनिक क्षेत्र में आपका प्रभुत्व चढ़ा बढ़ा था। जहां स्वामी का पसीना बहता, वहां आप के रुधिर की नदियें बहती थी। आप सफल न्यायी और महान दूरदर्शक पुरुष थे। आप के तीन पुत्र हुए जिनके नाम क्रमशः-शाह माणिकचंदजी शाह +लालचंदजी और शाह केसरीचंदजी हैं। आप तीनों भ्राताओं का जीवन राज्य की सेवा और समरस्थल में बीता, आप भी पिता की तरह सफल पराक्रमी योद्धा थे।

## अमरचंदजी के चित्र

इस समय अमरचंदजी के तीन चित्र उपलब्ध हैं। २ चित्र आपके वंशधर शाह श्री सेसकरणजी सुराणा के पास है और तीसरा चित्र जैन साहित्य के अभ्यासी और संग्रहकर्ता मेरे श्रद्धेय मामाजी व भाईजी श्री अगरचंदजी भंवरलालजी नाहटा के संग्रह में है। नाहटा बन्धुवोंवाला चित्र इसभाव का है:—यह चित्र सुन्दर रंगीन और मझोलिया साइझ का है। अमरचंदजी हाथ में एक खास रुक्का लिये हुए गद्दी पर बैठे हुए हैं, रुक्के पर कुछ लिखा हुआ मालुम पडता है, मगर वह स्पष्ट नहीं पढा जा सकता। एक दास पीछे खडा खडा पंखा झाल रहा है। आपने राठोडी पौशाक और पगडी पहनी हुई है।

## अमरचंदजी का धार्मिक प्रेम

अमरचंदजी खरतरगच्छीय जैन अनुयायी थे। आप दादाजी श्री जिनकुशलसूरि के भक्त थे। धार्मिक कार्यों में बहूत रुपया दान करते थे। आपने रतनगढ ( बीकानेर ) में कुए के पास दादाजी के *चरणपादुकाओं की प्रतिष्ठा कोठारी उत्तमचंदजी से कराई थी। यह छतरी अभी तक विद्यमान है, जिसका कुछ वर्ष पूर्व जीर्णोद्धार बीकानेर निवासी श्री भंवरलालजी रामपुरीयाने कराया था। आपने रतनगढ में एक कुआ अपने भाई फूलचंदजी सुराणा की याद में फुलसागर नामक बनवाया जो अभी तक विद्यमान है। और भी आप दीन हीन जनों की सेवा करने में बहूत द्रव्य व्यय करते थे।

तत्कालीन आचार्य श्री जिनहर्षसूरि ने आपको एक पत्र दिया था,

---

+आप तीनों भ्राताओं का अलग अलग जीवनचरित्र इसी पत्र के किसी अगले अंको में प्रकाशित करने की भावना है।

*चरण-पादुकाओं का लेख बाबू श्री अगरचंदजी भंवरलालजी नाहटा की ओर से शीघ्र ही प्रकाशित होने वाले 'बीकानेर जैन लेख संग्रह' में देखीये।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उसमें आपको बहूत धर्मप्रेमी, हीन दीन जनोद्धारक, धर्मधुरन्धर श्रावक, गुरुदेवरागी, संघलायक आदि लिखा है। आपको स्थानीय भांडासरजी एवं नेमीनाथजी के मंदिर का जीर्णोद्धार कराने वास्ते आचार्य जिनहर्षसूरि ने लिखा है। यह पत्र वि० सं० १८६९ का है। आपका शीघ्र ही देहावसन हो जाने से एवं रणक्षेत्र में व्यस्त रहने के कारण आप जीर्णोद्धार नहीं करा सके। यह पत्र बहूत महत्त्व का होने की वजह से उसकी अविकल नकल यहां दी जाती है। यह पत्र बाबु श्री अगरचंदजी तथा श्री भंवरलालजी नाहटा के संग्रहमें हें।

"॥ स्वस्ति श्री पार्श्वजिनं प्रणम्य श्री बीकानेर नगरात् भट्टारक। श्री जिनहर्षसूरिवराः सपरिकाः श्रीरतनगढनगरे सुश्रावक। पुण्यप्रभावक श्री देवगुरुभक्तिकारक श्री जिनाज्ञाप्रतिपालक। श्री पंचपरमेष्ठी महामंत्रस्मारक अनेक दीन जनोद्धारक। सर्व शुभ बोलेलायक। संघलायक संघमुख्य। सुराणा। सा ॥ अमरचंदजी योग्यं सदा धर्म्मलाभ वांचज्यो। इहां श्री जिनधर्म्मनें प्रसादें सुख साता छै थांरा सुख सातारा समाचार लिखवा। तथा अगरौ श्रीसंघ दिन दिन सेवाभक्ति विशेष साचवै है व्याख्याननें श्री पन्नवणाजी सवृत्ति वचै छै सु जांणज्यो तथा थांरौ कागद आयौ समाचार लिख्यो सु दुरुस्त छै। थांरौ कागद ३ वखतमल सिधाया पछै आयौ सु थांरी अरज मंजूर करनें उणांनें देसणोक सुं ते माया छै विशेष समाचार पं। ज्ञानचंद्र आयो कहिसी तथा नमिनाथजी रो देहरौ रो जीर्णोद्धार करावण ज्युं छै। सा। कपूरचंद जी विशेष हमगीर छै पिण थां सरिखा पुण्यवंत ग्रहस्थरै सहाय सुं ओ काम प्रमाण चढै फेरे आगले टोड सुं भांडसरजी कनें करावण री सला छै सु विचार तो अठै आयां थांसुं हुसो समाचार पाछो देज्यो। थें लायक योग्य धर्मधुरंधर श्रावक छो धर्मरागी गुरुदेव धर्मरागी छौ। धर्मराग धर्मस्नेह राखो तिणथी विशेष राखज्यो थांने धर्म ध्यान में सदा याद करा छां। थांरौ सदा उदय चाहां छां। ग। सौभाग्यसुंदर गणिरा। महिमाकल्याण गणिरा। सुमतिसोभाग गणि प्रमुख ठाणै १२५ नौ धर्मलाभ वांचज्यो सं. १८६९।"

इस लेख की प्रस्तुत सामग्री मुझे अपने ज्येष्ठ भ्राता भंवरलालजी नाहटा और शाहजी के वंशधर शाह सेंसकरजी सुराणा से प्राप्त हूई है। अंत में आप दोनों श्रीमानों का हृदय से आभार मानता हुं। अमरचंदजी के वंश का संपूर्ण इतिहास मेरे पास लिखा पडा है, जो समय समय पर यथास्थान इसी पत्र के अगले अंको में प्रकाशित होता रहेगा। इनके आलावा में अपने पूज्य पिताजो श्री फुलचंदजी बांठिया, बाबू अगरचंदजी नाहटा, श्री रूपचंदजी सुराणा और प्रोफेसर श्री नरोत्तमदासजी स्वामी M. A. महोदयों को हार्दिक धन्यवाद देता हुं, जिन्होंने इस लेख को लिखने के लिए प्रोत्साहित किया है, और खास कर भाइश्री भंवरलालजी नाहटा के प्रोत्साहन का सुफल है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિવિધતીર્થકલ્પાન્તર્ગત

# ચંપાપુરીકલ્પ

અનુવાદક : શ્રીયુત્ **અંબાલાલ પ્રેમચંદ શાહ** : વ્યાકરણતીર્થ

દુર્નીતિનો નાશ કરનાર, અંગોના (અંગ દેશના મનુષ્યોના) દેશને અલંકાર સમાન અને તીર્થોમાં શ્રેષ્ઠ એવી ચંપાપુરીનો કલ્પ અમે કહીએ છીએ. ૧.

આ (ચંપાપુરી)માં બારમા જિનેશ્વર પ્રભુ શ્રી વાસુપૂજ્યનાં ત્રણભુવનને પૂજ્ય એવા ગર્ભાવતાર, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ(મોક્ષ)પ્રાપ્તિ સ્વરૂપ પાંચે કલ્યાણકો થયાં હતાં.

આ (ચંપાપુરી) માં જ શ્રી વાસુપૂજ્ય જિનેશ્વરના પુત્ર મઘવરાજાની પુત્રી લક્ષ્મીની કુક્ષીથી ઉત્પન્ન થયેલ રોહિણી નામની કન્યા, આઠ પુત્રો ઉપર જન્મી તે સ્વયંવરમાં અશોક રાજના કંઠમાં વરમાલા નાખી, તેને પરણીને પટ્ટરાણી થઇ. (તેને) અનુક્રમે આઠ પુત્રો અને ચાર પુત્રીઓ ઉત્પન્ન થઇ. એક વખતે વાસુપૂજ્ય સ્વામીના શિષ્ય રૂપ્યકુંભ અને સુવર્ણકુંભના મુખથી અદૃષ્ટ દુખમાં હેતુરૂપ પૂર્વ જન્મમાં કરેલું રોહિણી તપ સાંભળીને તેણે (તેનું) વિધિપૂર્વક ઉજમણું કર્યું અને પોતાના કુટુંબ સાથે મુક્તિમાં ગઈ.

આ (ચંપાપુરી)માં પહેલાં ભૂમિમાં ઇન્દ્ર સમાન એવો કરકંડુ નામનો (રાજા) હતો; જેણે કાદંબરી (નામના) વનમાં કલિગિરિની નીચેની ભૂમિમાં રહેલા કુંડ નામના સરોવરમાં છદ્મસ્થ અવસ્થામાં વિહાર કરતા શ્રી પાર્શ્વનાથ પ્રભુની, હાથી સ્વરૂપવાળા વ્યંતર (દેવ)ના પ્રભાવથી કલિકુંડ તીર્થ વડે, સ્થાપના કરી.

વળી આ (નગરી)માં સુભદ્રા મહાસતીએ પથ્થરનાં બે ભયંકર કમાડો વડે વાસેલા ત્રણે દરવાજાને શીલના મહિમાથી કાચા સૂતરના તાંતણા યુક્ત ચારણી વડે કુવામાંથી પાણી ખેંચીને, તે (પાણી) વડે તે (દરવાજા)ના ઉપર છાંટી પ્રભાવપૂર્વક ઉઘાડયાં હતાં. એક ચોથા દરવાજાને 'જે કોઇ મારા જેવી સુચરિત્ર હોય તેણે ઉઘાડવો' એમ રાજા આગળ કહીને તે જ પ્રકારે (દરવાજાને) બંધ રાખ્યો. તે પણ તે દિવસથી લઇને લાંબા કાળ સુધી જનતાએ તે જ પ્રકારે (બંધ) જોયો. અનુક્રમે વિક્રમના ૧૩૬૦ વર્ષ વ્યતીત થતાં લક્ષણાવતી (નગરી)નો રાજા મુસલમાન નામે સમસદીન શંકરપુરના કિલ્લાના ઉપયોગ અર્થે પથ્થર લાવવા માટે તે દરવાજાને પાડી નાંખી બે કમાડો લઈ ગયો.

આ (નગરી)માં દધિવાહન (નામનો) રાજા રાણી પદ્માવતી સાથે તેના દોહદને પૂરવા માટે હાથી ઉપર સવાર થઇને જતો હતો તેટલામાં, જંગલનું ભ્રમણ જેને સાંભરી આવ્યું છે એવો હાથી તે (વન)માં જતાં દોડવા લાગ્યો (રાજા) પોતે ઝાડની ડાળી પકડીને રહ્યો. હાથી આગળ ચાલતાં [તે રાજા] પાછો વળીને પોતાની નગરીમાં આવ્યો. રાણી અશક્ત હોવાથી તેના ઉપર બેસીને જ મોટા અરણ્યમાં ગઈ. તેના પરથી ઉતરીને પુત્રને જન્મ આપ્યો. તે કરકંડુ નામનો રાજા થયો. કલિંગ [દેશ]માં પિતાની સાથે યુદ્ધ કરતાં આર્યા [સાધ્વી થયેલી] એવી પોતાની માતાએ વાર્યો. અનુક્રમે મોટા બળદની વૃદ્ધ અવસ્થા જોવાથી પ્રત્યેકબુદ્ધ થઇને તેણે મોક્ષ પ્રાપ્ત કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ [નગરી]માં દધિવાહન રાજાની પુત્રી ચંદનબાળાએ જન્મ લીધો, જેણે કૌશાંબી નગરીમાં સૂપડાના ખૂણામાં રહેલા અડદના બાકળા વડે મહાવીર પ્રભુને પારણું કરાવ્યું. અને પાંચ દિવસ ઓછા છે જેમાં એવા છ માસના અંતે પ્રભુનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ અભિગ્રહને પૂર્ણ કર્યો.

આ (નગરી)માં પૃષ્ઠચંપાની સાથે શ્રી વીરપ્રભુએ ત્રણ ચતુર્માસ કર્યાં.

આ [નગરી]ના જ વિસ્તારમાં શ્રી શ્રેણિક રાજાના પુત્ર કૂણિક એવા બીજા નામવાળા અશોકચંદ્ર રાજાએ રાજગૃહને પિતાના શોકથી છોડી દઇ નવીન ચંપક પુષ્પો વડે સુશોભિત ચંપાને રાજધાની કરી.

આ (નગરી)માં જ પાંડુ (રાજા)ના કુળને શોભાવનાર દાનેશ્વરીઓમાં દષ્ટાંતરૂપ એવો કર્ણરાજ રાજ્ય લક્ષ્મીનું શાસન કરતો હતો. આજે પણ આ પુરીમાં તે તે શૃંગાર-ચોક વગેરે (તેનાં) કીર્તિસ્થાનો જોવાય છે.

આ (નગરી)માં જ સમ્યગ્દષ્ટિઓને દષ્ટાંતરૂપ સુદર્શન શેઠને દધિવાહન રાજાની રાણી અભયાએ સંભોગ માટે ઉપસર્ગ કરતાં રાજાના વચનવડે વધ માટે લઇ જવામાં આવ્યા. પોતાની અચલ શીલસંપત્તિના પ્રભાવથી આકર્ષિત થયેલા શાસનદેવની સહાયથી શૂળી સોનાનું સિંહાસન બની ગઇ, અને તીક્ષ્ણ એવી તરવાર સુગંધિત પુષ્પની માળા બનીને મનને આનંદ આપનારી થઇ.

આ [નગરી]માં શ્રીવીરપ્રભુના ઉપાસકોમાં આગેવાન, (જે) અઢાર કરોડ સુવર્ણનો સ્વામી, દશ હજાર ગાયો યુક્ત એવાં છ ગોકુળોનો માલિક, અને ભદ્રાનો પતિ શ્રેષ્ઠી કામદેવ હતો. જેને પૌષધશાળામાં રહેતાં મિથ્યાદષ્ટિ દેવે પિશાચ, હાથી અને સાપનાં રૂપો વડે ઉપસર્ગ કર્યો છતાં તે વ્યાકુળ ન થયો અને સમવસરણમાં ભગવાને (તેની) પ્રશંસા કરી.

આ (નગરી)માં વિહાર કરતા એવા ચૌદ પૂર્વધર શ્રી શય્યંભવસૂરિએ રાજગૃહથી આવેલા મનક નામના પોતાના પુત્રને દીક્ષા આપી, તેનું છ માસનું બાકી રહેલું આયુષ્ય શ્રુતજ્ઞાનના ઉપયોગ વડે જાણીને તેને ભણવા માટે પૂર્વમાં રહેલું દેશવૈકાલિક સૂત્ર કાઢી બનાવ્યું. તેમાં આત્મપ્રવાદથી છ જીવનિકાય, કર્મપ્રવાદથી પિણ્ડૈષણા, સત્યપ્રવાદથી વાક્ય-શુદ્ધિ અને બાકીનાં અધ્યયનો પ્રત્યાખ્યાનપૂર્વની ત્રીજી વસ્તુથી (કાઢ્યાં).

આ (નગરી)માં રહેનાર કુમારનંદી (નામનો) સોની ગાઢ અગ્નિપ્રવેશથી પોતાના વૈભવના ઐશ્વર્ય વડે ધનના થયેલા ગર્વથી પરાજિત થતાં પાંચ પર્વતનું સ્વામીપણું મેળવીને પૂર્વ-ભવના મિત્ર અચ્યુત દેવ વડે ઉપદેશાતાં તેણે સુંદર ગોશીર્ષ ચંદનવાળી, અલંકારોથી યુક્ત એવી જીવંત-સ્વામી દેવાધિદેવ શ્રીમહાવીરપ્રભુની મૂર્તિ બનાવી.

આ નગરીમાં પૂર્ણભદ્ર (નામના) મંદિરમાં શ્રી વીરપ્રભુએ ઉપદેશ કર્યો કે-જે અષ્ટાપદ પર ચઢશે તે તે જ ભવે સિદ્ધિગતિ પામશે.

આ (નગરી)માં પાલિત નામનો શ્રી વીરપ્રભુનો ઉપાસક (રહેતો) હતો. તેનો પુત્ર

( જુઓ પાનું ૩૬ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હરિયાલી [કેટલાંક ઉખાણા]

સંગ્રાહક—મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી

જબ જાઇ તબ વીસ ગજ, ભર જોબન ગજ ચ્યાર ।
વલતી વૈર પચાસ ગજ, રાજા ભોજ વિચાર ॥ ૧ ॥ (છાહડી)

એક જ નારી નગર મઝાર, કાચો કોરો કરે આહાર ।
છપગી ને ચાલે બીહું, ચિહું આંખ્યા ને દેખે બેઝું. ॥ ૨ ॥ (છાણી)

જલમાંહિં ફલ નીપજે, વણુ ડાંડી ફલ હોય ।
રાવાં કે ઘરહી હોયે, રાંકા કે ઘર નાંહિં. ॥ ૩ ॥ (મોતી)

ગજદંતો સીહાંમુખો, બાંધ્યો નગર મઝાર ।
સાસું બહું ને દીકરી, તીનું એક ભરતાર. ॥ ૪ ॥ (ચુડો)

વાંક મુહિ કર પતલી, નામ ભણીજે નાર ।
ઉણુ નારી નર માંનીયૌ, રાજા ભોજ વિચાર. ॥ ૫ ॥ (કબાણુ)

તાંબાવરણી બહુગુણી, વધી હોવૈ વિણુ પાય ।
વાયવાજૈ વધૈ બહુ, સીચીયાં કમલાય. ॥ ૬ ॥ (વાસેદ)

જલ વિન વધૈ સો વેલડી, જલદી વાં કુમલાય ।
જો જલ કીજે દુકિડો, જડામુલસુંજાય. ॥ ૭ ॥ (તરખા)

વણુ અંગુઠા વિણુ ઘણા, દુહી કણી જગાય ।
પિંડત હરીયાલી પર છવિ, ચતુર કરો વિચાર. ॥ ૮ ॥ (મેહ)

આખો અખંડ કહાવૈ લાગો, બીહૈ નહી બીહાંબણુ લાગો ।
અનેંન પુરૂષ અસતરી કર લાગો, જિહાં લગ કુસલઅંગ નહી લાગો.
॥ ૯ ॥ (ખાંડો)

અંગ ગોરા મુખ સાંમલા, દોય નર એકી ઠાણુ ।
કાબલ મુગલ પઠાંણુજુ, રહ્યા તંગોટી તાંણુ. ॥ ૧૦ ॥ (સ્તન)

કાલે વનમૈં નીપજે, વરણુજો ધવલો હોય ।
સુંદર ગાંધીનેં કહે, થાંહરે હોવૈ તો દેય. ॥ ૧૧ ॥ (ચુંનો)

એક જનાવર અજબ સા દીઠા, બહોત ચલત ધકા ।
ચકર ગરદન કાટકૈ, બહોત ચલણુ લાગા. ॥ ૧૨ ॥ (લેખણુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડુંગર કડએ ઘર કરૈ, સરલી મુકી ધાય ।
સો નર નેણે નીપજે, મોહી સાદ સોહાય. ॥ ૧૩ ॥ (મોર)

સુકો તરવર હે સખી, ફલ લાગો મેં દીઠ ।
ચાખે સો જીવે નહી, જીવે સો હી નિઠ. ॥ ૧૪ ॥ (બરછી)

સૂકો સરવર હે સખી, કમલાં અંત ની પાર ।
કરણ હરીયાલી પર ઠવિ, રાજા ભોજ વિચાર. ॥ ૧૫ ॥ (કાચ)

અંગે ગોરી મુખ સાંવલી, સુંદર બહુત સુજાણ ।
ચુંતરાં પકડી ચુપ કરી, અલગા રહ્યાં અજાણ ॥ ૧૬ ॥ (લેખણ)

ચ્યારે પાયા ચ્યારે ઈસ, બે જણા બૈઠા કરે જગીસ ।
ખાય કાથો ને પાન, બેઈજણાં કે બાવીસ કાંન ॥ ૧૭ ॥ (રાવણમંદોદરી)

હરીયાલી તોરે હીરા, સુણ રે માંરાં વીરા ।
એક રૂખ તીન ફલ લગા, ગુલ વૈગણ ને જીરા ॥ ૧૮ ॥ (તજારો)

હરીયાલી તો જેહને કહીયે, જેહને હીયે હોવે સાંન ।
એક પુરૂષ જાતો દીઠ, જણીરે પુંછડે ચ્યાર કાંન ॥ ૧૯ ॥ (તીર)

પાતલ પાંન સુંકડ જડ, વિણ પુલ્યાં ફલ હોય ।
રાંધ્યાં ને વરસ દન હોય, વાસી કહેં ન કોય ॥ ૨૦ ॥ (ગુલ)

બાપ બેટો એકણ ઠાંમ, બેટો જાયે ગાંમોગાંમ ।
બાપ બેટાકો એક જ નામ, કહો અર્થ કૈ છોડો ગાંમ ॥ ૨૧ ॥ (આંબો)

એક નારી નવરંગી ચંગી, પહેરેણ નવગજા સાડી ।
નાક ફાડ નક ફુલી ગાલી, ચ્યારૂં અંગ ઉગાડી ॥ ૨૨ ॥ (સૂઈ)

વિન પગલ્યાં પર વત ચઢૈ, વિણ દાંતાં ખડ ખાય ।
હું તોહે પુછું પિંડતા, કિસો જિનાવર જાય ॥ ૨૩ ॥ (દાતલો)

એક સીંગો દોય સીંગો, ચામડી કરડી હાડ જ મિઠો ।
વાંણ્યા બામણને ખાતો દીઠો ॥ ૨૪ ॥ (સીંઘોડો)

રાજ કાજ સબ આગલા, ભુતસરીખી દેહ ।
પીયું પધારો ચોહટે, તો મુઝ મોકલજ્યો તેહ ॥ ૨૫ ॥ (નાલિયેર)

એક નારી નવરંગી ચંગી, કલહડ એ જાઈ ।
ખણીયા ખેતારતી દીઠી, કહે રે માંરા તાઈ ॥ ૨૬ ॥ (જલેબી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધુરકાતી ફાગુણવચેં, જલરો દાખો છેહ ।
વાટ જોવૈ છે તેહની, જુંય પીયા મેહ ॥ ૨૭ ॥ (કાગલ)

એક નારી અતિ સાંમલી, પાણી માંહે વસંત ।
તો તુમ દરસણુ દેખવા, અલી જો અતિ હે કરંત ॥ ૨૮ ॥ (આંખ્યા)

કાગલ વરણે હે સખી, દેખ્યો એક પુરૂષ ।
બાલણહારા કો નહી, રોવણવાલા લખ ॥ ૨૯ ॥ (કાગલો)

નીલી ડાલી ધોલા ફુલ, કહી દેઉ ।
બતાઇ દેઉ જાય રે મુરખ જાય ॥ ૩૦ ॥ (જાય)

એક જુની હસ્તપ્રત ઉપરથી ઉતારેલ આ ઉખાણાંઓમાં ઘણાં અટપટાં અને બંધ બેસતાં ન હોય એવાં લાગે છે. સંભવ છે, બરાબર અર્થ ખ્યાલમાં ન આવવાથી પદચ્છેદમાં ભૂલ હોય, છતાં ભાષાના અભ્યાસીઓને ઉપયોગી સમજી અહીં આપેલ છે.

( ૩૩ મા પૃષ્ઠનું અનુસંધાન )

સમુદ્રની યાત્રા વખતે સમુદ્રમાં જન્મવાથી જેનું સમુદ્રપાલ નામ થયું હતું. તેણે લઇ જવાતા વધ્ય (વધ માટેનું પશુ)ને જોયું ને પ્રત્યેકબુદ્ધ થઇ સિદ્ધિ પામ્યા.

આ (નગરી)માં સુનંદ (નામનો) શ્રાવક સાધુઓનાં મેલની દુર્ગંધને નિંદતો મરણ પામ્યો ને કૌશાંબીમાં ધનિકપુત્ર થઇને વ્રત ગ્રહણ કર્યું. ઉત્પન્ન થયેલી દુર્ગંધવાળા એવા તેણે કાયોત્સર્ગવડે દેવતાનું આકર્ષણ કરીને પોતાના શરીરને સુગંધીવાળું કર્યું.

આ [નગરી]માં આર્ય કૌશિકના શિષ્ય અંગર્ષિ રુદ્રકે અભ્યાખ્યાનસંવિધાનક અને સુંદર રીતે ઉત્પન્ન થયેલ પ્રિયંગુ આદિ ત્રિમાનનાં સંવિધાનક બનાવ્યાં.

એ પ્રકારે અનેક સંવિધાનકરૂપ રત્નોવડે પ્રગટ કરેલાં અનેક ચરિત્રાના નિધાનરૂપ આ નગરી છે. આના કિલ્લાની ભીંતોને પવિત્ર એવા કપુરના રસવડે ભરેલી શ્રેષ્ઠ નદી પોતાની ફેલાયેલ તરંગોરૂપ ભુજાઓ વડે પ્રિય સખીની માફક પ્રતિક્ષણ આખા શરીરે આલિંગન કરે છે.

શ્રેષ્ઠ નરનારીઓને માટે મુક્તામણિઓની સેર ઉત્પન્ન કરવામાં સીપ સમાન અને અનેક પ્રકારની અદ્દભુત વસ્તુઓથી સુશોભિત માળાવાળી આ નગરી જય પામે છે.

વાસુપૂજ્ય ભગવાનની જન્મભૂમિ (હોવાથી) પંડિતો તેમની ભક્તિ વડે તેની સ્તવના કરે છે. એ પ્રકારે શ્રી જિનપ્રભસૂરિએ ચંપાનો કલ્પ કહ્યો છે.

**ક્ષમા**

**કેટલાક અનિવાર્ય કારણોસર આ અંક પ્રગટ કરવામાં ઘણો વિલંબ થયો છે તે માટે વાચકો ક્ષમા કરે. હવે પછીનો અંક સમયસર પ્રગટ થશે. વ્ય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કરુણાસિન્ધુ

લેખકઃ—મુનિરાજ શ્રી સુશીલવિજયજી

## આશ્રમનો માર્ગ

રાજાઓ, રાજકુમારો અને રાજરાણીઓ રાજપાટ છોડીને ચાલી નીકળતાં એ કાળની આ વાત છે!

મગધના ગામેગામમાં આજકાલ એક રાજકુમારની રાજપાટ અને વૈભવના ત્યાગની અને આકરી આત્મસાધનાની વાતો ચર્ચાતી હતી. એ રાજકુમારે આદરેલું આકરું દેહ-દમન ભલભલાના દિલને કંપાવી મૂકતું! કોઈ મહાકવિની કલ્પના પણ ન પહોંચી શકે એવી આકરી એ તપસ્યા હતી! જાણે મુસીબતો અને આફતોને જ એ ન ગોતતો હોય એમ સામે મુખે ત્યાં જતો અને પોતાની સાધનાની આકરી કસોટી કરી જોતો. કષ્ટસહન કરવાની એની શક્તિ સૌને ચકિત કરી દેતી! સૌના દિલમાં એના માટે સહાનુભૂતિ, સમવેદના અને ભક્તિભાવ ઉભરાતાં.

એ રાજકુમારનું નામ વર્ધમાન કુમાર! એની અતુલ બળશક્તિ જોઇને દેવોએ એને મહાવીરનું અર્થસૂચક નામ આપ્યું હતું.

સંસારની મોહમાયા અને મમતાનો નાશ કરવા નીકળેલા મહાવીરે એક ગામમાં વસવાનો ત્યાગ કરીને ગામેગામ ફરવાનું શરૂ કર્યું હતું. આજે તે મોરાક ગામથી શ્વેતાંબી નગરી જવા નીકળ્યા હતા. માર્ગમાં જંગલ આવતું હતું. મહાવીર પોતાના માર્ગે ચાલ્યા જતા હતા. એટલામાં વચમાં ગોવાળીઓના પુત્રોએ તેમને જોયા. મહાવીરની શાંત મુદ્રાએ એ રમતિયાળ બાળકોના હૃદયમાં પણ ભક્તિ જન્માવી. એ બાળકો કહેવા લાગ્યા, "યોગીરાજ, આપ શ્વેતાંબી નગરી જતા હો તો આ ટૂંકા અને સીધા માર્ગે ન જશો! આ માર્ગે જતાં જે કનકખળ નામનો તાપસોનો આશ્રમ આવે છે, ત્યાં આજ કેટલાંક વર્ષથી એક મહાભયંકર ચંડકૌશિક સર્પ રહે છે. એના લીધે એ આખો પ્રદેશ સાવ ઉજ્જડ બની ગયો છે, એક ચકલું પણ ત્યાં અત્યારે ફરકતું નથી. વાઘ અને સિંહ જેવા જંગલના રાજા ગણાતા પ્રાણીઓ પણ પલાયન કરી ગયા છે. સામી નજર પડે અને પ્રાણી મરી જાય એવો ભયંકર એ દૃષ્ટિવિષ સર્પ છે. આ માર્ગે જનાર કોઇ જીવતું આવ્યું જાણ્યું નથી. આપ આ બીજા આડા માર્ગે થઇને જાઓ!"

મહાવીરના મનમાં મંથન ચાલ્યું. "આત્મશુદ્ધિ અને અહિંસાભાવનાની પરીક્ષાનો આવો અણમુલો પ્રસંગ કેમ જતો કરાય? 'અહિંસાની પ્રતિષ્ઠામાં પ્રાણી માત્ર વૈરનો ત્યાગ કરે છે' એ મહાસત્ય આજે મારી જાત ઉપર જ શા માટે ન અજમાવું? સામા પ્રાણીમાં વૈરનો ત્યાગ ન થાય તેટલી અહિંસાની સાધના અધૂરી સમજવી! સંપૂર્ણ અહિંસા આગળ વૈર ટકી જ ન શકે!"

—અને પ્રભુએ પોતાની જ્ઞાનદૃષ્ટિ દોડાવી એ સર્પનું પૂર્વસ્વરૂપ જોયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સર્પનો પૂર્વભવ

પોતાના પૂર્વભવમાં અત્યારનો આ મહાભયંકર સર્પ એક મહાન તપસ્વી હતો. ઘરબહારનો ત્યાગ કરીને એણે આત્મસાધનાનો માર્ગ સ્વીકાર્યો હતો. અત્યંત ઉગ્ર તપસ્યાથી એણે કાયાને કૃશ બનાવી દીધી હતી. એક વખત એ તપસ્વી મુનિ પોતાના શિષ્ય સાથે ભિક્ષા લેવા ગયા. માર્ગમાં ચાલતા પ્રમાદથી એ મુનિના પગ નીચે એક દેડકું ચકદાઈને મરી ગયું. ગુરુ અને શિષ્ય ભિક્ષા લઇને પોતાના સ્થાને પાછા ફર્યા. ભિક્ષાની આલોચના કરતી વખતે શિષ્યે ગુરુને દેડકાની વિરાધનાની વાત યાદ કરી આપી. પણ ગુરુએ એ તરફ ધ્યાન ન આપ્યું. સાયંકાળે પ્રતિક્રમણ વખતે ફરી શિષ્યે ગુરુને એ વાતની યાદ આપી. પણ ગુરુ મહાતપસ્વી બનવા છતાં સાચા ક્ષમાશ્રમણ નહોતા બન્યા. ઉગ્ર તપસ્યાને અંતે જે પરમ શાંતિ આવવી જોઇએ એ એમનામાં નહોતી આવી. ઉલટું ઉગ્ર તપસ્યા કરવાથી એમનો સ્વભાવ પણ ઉગ્ર બની ગયો હતો. પોતાનો એક શિષ્ય પોતાને આમ વારંવાર ટોકયા કરે એ ગુરુ સહન ન કરી શકયા. એમના ગુસ્સાએ માઝા મૂકી અને તે એકદમ અંધારામાં શિષ્યને મારવા દોડયા. એમના મનમાં ગુસ્સાનો પાર ન હતો. એમના રોમરોમમાં અત્યારે ક્રોધ ધમધમી રહ્યો હતો. જો આ પ્રસંગે શિષ્ય હાથમાં આવી ગયો હોત તો તેના બેહાલ થયા વગર ન રહેત! પણ સદાકાળ માનવીનું ધારેલું કયારે બન્યું છે તે અત્યારે બને! ગુરુ ક્રોધાવેશમાં શિષ્યને મારવા દોડયા અને વચમાં થાંભલા સાથે જોરથી તેમનું માથું અથડાયું. આ અથડામણ એટલી સજ્જડ થઇ કે ત્યાં ને ત્યાં ગુરુજીનો પ્રાણ પરલોક સીધાવી ગયો.

ત્યાંથી મરીને એ કનકખલ આશ્રમમાં પાંચસો તાપસોનો સ્વામી એવો ચંડકૌશિક નામે તાપસ થયો. તેને પોતાના આશ્રમમાંનાં વૃક્ષો અને ફળ-ફૂલો ઉપર એટલો બધો અનુરાગ હતો કે કોઈ માણસ તે લેવાનો પ્રયત્ન કરે તો તેને તે મારવા દોડતો. એક વખત વસંત ઋતુનો સમય હતો. ફળફૂલ ખૂબ ખીલી ઊઠયાં હતાં. આવે વખતે કેટલાક રાજકુમારો એ આશ્રમાં આવ્યા અને ફળફૂલ લેવા લાગ્યા. ચંડકૌશિક તાપસથી આ સહન ન થયું, તે વિવેકશૂન્ય બનીને તેમને મારવા દોડયો. તેનું ભાન ખોવાઈ ગયું હતું. પોતે કયાં ચાલે છે એ પણ એને ખ્યાલ ન રહ્યો અને દોડતાં દોડતાં એ એક કુવામાં આવી પડયો. એના મનમાં રાજકુમારો પ્રત્યે ગુસ્સાનો પાર ન હતો. પણ શું કરે? એ ગુસ્સામાં એ ત્યાં મરણ પામ્યો.

આત્માના અંતિમ પરિણામ આત્માને સારી કે ખોટી ગતિમાં લઈ જાય છે. એ તપસ્વીના અંતિમ પરિણામ ક્રોધમય હતા એટલે તેની સદ્ગતિ ન થઇ અને એ જ આશ્રમમાં મહાવિકરાળ સર્પરૂપે અહીં ઉત્પન્ન થયો. આજે બાર બાર વર્ષ થયાં છતાં એ સર્પની બીકે કોઇ એ માર્ગે જઇ શકતું નથી.

પ્રભુએ જોયું:-"એક મહાતપસ્વી કષાયનો ભોગ બની આવી પામર અવસ્થામાં આવી પડયો છે. આ ક્રોધના દુર્ગુણ સિવાય ઉગ્ર તપસ્યાએ સાધેલા અનેક ગુણો એનામાં ભર્યા પડયા છે. એ ગુણોને જગાડનાર કોઇ મળે તો એ સર્પનો નિસ્તાર જરાય અશકય નથી. બિચારો પામર જીવ! વિવેકશૂન્ય દશાએ એને ભૂલવ્યો અને એ ભૂલ્યો. એવા જીવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર તો કરુણા જ કરવી ઘટે! એને તરછોડવાથી તો એનો વધુ અધઃપાત થવાનો! આવો અધઃપાત અટકાવવો એ જ તો સાચી કરુણા છે. વળી આમાં તો બેવડો લાભ છે—સાચી અહિંસાની કસોટી થશે અને કરુણાના તાંતણે એક જીવનો નિસ્તાર થશે. બસ, મારે બીજા માર્ગે જવું ન ખપે; હું આ માર્ગે જ જઇશ.”

આત્માના આશકોને દુનિયાના ભયો ક્યારે ડરાવી શક્યા છે.

અને મહાવીરે એ ટુંકા માર્ગે પ્રયાણ આગળ વધાર્યું. જાણી જોઇને મોતના મ્હોમાં દોડી જતા આ યોગીને ગોપબાળકો હતબુદ્ધિ થઇને જોઇ રહ્યા.

## અહિંસામૂર્તિ

મહાપુરુષોના નિશ્ચયો પહાડસમા અચલ હોય છે.

મહાવીર ચાલતા ચાલતા કનકખલ આશ્રમમાં આવી પહોંચ્યા.

મહાવીર તો મહા-વીર હતા, તેમને લેશમાત્ર પણ ડરવાપણું ન હતું. તેમના દિલમાં તો અહિંસા અને કરુણાના ધોધ વહી રહ્યા હતા. એ અહિંસા અને કરુણાનો સાક્ષાત્કાર કરવાનો જાણે સુઅવસર સાંપડ્યો હતો.

આશ્રમ સાવ ઉજ્જડ થઇ ગયો હતો. બારબાર વર્ષના માનવસંચારના અભાવથી જાણે ત્યાં સ્મશાનશાંતિ છવાઇ ગઇ હોય એવું લાગતું હતું. ચંડકોશિયાના રાફડાની નજીકમાં નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ સ્થિર કરીને મહાવીર કાઉસગ્ગ ધ્યાને ઊભા રહ્યા.

મહાવીરના હૃદયમાં કેવળ અહિંસાના ઉજ્જવળ ભાવો રમી રહ્યા હતા. મોટા દુશ્મનને પણ જરાય નહીં દુભાવવાની અને ઉલટું તેનું કલ્યાણ કરવાની ઉદાત્ત ભાવના એમના આત્મામાં ઝળહળી રહી હતી. એ આત્મજ્યોતિનો પ્રકાશપુંજ વાતાવરણને જાણે શાંત ન બનાવતો હોય! મહાવીરને તો વિશ્વાસ હતો, કે અહિંસાની શાંતસરિતા જરૂર ચંડકોશિકના પ્રચંડ તાપને શાંત કરશે. જેના દિલમાં અન્યનું બુરુ કરવાની, અરે બૂરુ ચિંતવવાની પણ લેશમાત્ર વૃત્તિ નથી તેને કોઇ કશું ન કરી શકે.

અને આ તરફ ચંડકોશિયો! એના અહંકાર અને ક્રોધનું પૂછવું જ શું? પોતાના ભયના પ્રભાવથી આખા આશ્રમને સાવ પ્રાણીશૂન્ય બનાવવામાં જ જાણે પોતાનું ગૌરવ ન સમાયું હોય! કોઈ પ્રાણી કે માનવી ભૂલ્યું ચૂક્યું ત્યાં આવી ચડ્યું કે તત્કાળ તેનો અંત આણવો એ જ એનું કામ!

થોડીવાર થઇ ત્યાં એ નાગરાજ પોતાના રાફડામાંથી બહાર નીકળ્યો. પોતાની ફણા પસારીને ચારે તરફ ઘૂમવા લાગ્યો. એટલામાં તેની દૃષ્ટિ નજીકમાં ધ્યાનમગ્ન ઉભેલા મહાવીર ઉપર પડી; જાણે તેના અભિમાન ઉપર કોઇએ ઘા કર્યો! તેનો અહંકાર એકદમ જાગી ઊઠ્યો. જાણે એક ચક્રવર્તીનું રાજ્ય બીજો ચક્રવર્તી પડાવી લેવા આવ્યો-એવું એના મનમાં થવા લાગ્યું. એક મ્યાનમાં બે તરવાર કેમ પોસાય!

તેને થયું–'આ શું? આ તે વળી કોણ બે માથાનો માનવી પેદા થયો છે, જેની આટલી હિમ્મત ચાલી છે! જે રસ્તે થઇને પસાર થવાનું પણ કોઇ સાહસ નથી કરતું તે માર્ગે-તે જ આશ્રમમાં અને મારા રાફડા પાસે આમ નિરાંતે ધ્યાનમગ્ન ઉભો રહેનાર કોણ જાગ્યો! ચંડકોશિયાના પ્રચંડ વિષથી ભલભલાના પ્રાણ છૂટી ગયા છે તો આનું શું ગજું! જરૂર આજે એનાં સો વર્ષ પૂરાં થવાનાં?”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એ બેમાથાના માનવીને પોતાનો પરચો બતાવવાની ચંડકૌશિકે તૈયાર કરી.

આ તરફ મહાવીર તો મેરુની જેમ નિશ્ચલપણે ધ્યાનમગ્ન ઉભા હતા. તેમને તો કશી નવી તૈયારી કરવાની જ ન હતી. જે કંઈ કરવાનું હતું તે તેમણે પહેલાં જ કરી લીધું હતું. અહિંસાની પ્રચંડ શક્તિ જાણે આજે મહાવીરના દેહે સજીવન થઈ હોય એમ લાગતું હતું. મહાવીરના હૃદયમાં કેવળ અહિંસા, અહિંસા અને અહિંસાની ભાવના જ ઓતપ્રોત થઈ હતી.

આજે જાણે હિંસા અને અહિંસા દ્વંદ્વે ચડયા હતાં.

## કરુણાસિંધુ

એક કાળા માથાનો માનવી પોતાના રાફડા પાસે આવી ઉભો રહે એ ચંડકોશિયાથી બરદાસ્ત થઇ શકે એમ ન હતું.

એણે પોતાની ફેણ પસારીને જોરથી વિષની જ્વાળાઓ મહાવીર ઉપર ફેંકવા માંડી. એને હતું કે એક-બે ફુંફાડામાં તો જરૂર એ મરણ પામશે. પણ અરે! આ શું! આવી પ્રચંડ વિષજ્વાળાઓ ફેંકવા છતાં જાણે કશું ન બન્યુ હોય એમ એ માનવી તો મેરુની જેમ નિશ્ચળ જ ઉભો છે.

કોઇ સૂતેલા સિંહને પથરો લાગે અને એ જેમ ખીજાઇ ઊઠે એમ ચંડકોશિયાનો ક્રોધ આથી વધુ ઉગ્ર બન્યો. તેણે પોતાનું ભાન ગુમાવ્યું અને ગમે તેમ કરીને એ માનવીનો અંત લાવવા તે તરફ ધસ્યો. એને હતું કે ભલે મારી વિષજ્વાળાઓ નિષ્ફળ ગઇ, પણ મારો ડંખ તો જરૂર આ માનવીનું અભિમાન ઉતારશે.

આ તરફ મહાવીરના હૃદયમાં તો અહિંસાની જ ભાવના મજબૂત બનતી જતી હતી. અને ધીમે ધીમે એ ભાવનાના ઓઘમાંથી કરુણાની ધારાઓ છૂટવા લાગી: 'અરેરે, બિચારો ભાનભૂલ્યો પ્રાણી! કયાં એનું ઉગ્ર તપ અને કયાં આનો પ્રચંડ કોપ! બિચારો આકરાં કર્મ બાંધીને કેવી ભયંકર અધોગતિને પામશે!

અને મહાવીરના હૃદયમાં એક જ વાત આવી વસી— આ પાપીઆનો ઉદ્ધાર, નિસ્તાર, એનું પરમ કલ્યાણ. જાણે હૃદયમાં કરુણાના સાગરમાં ભરતી આવવા લાગી!

ચંડકોશિયો એકદમ આગળ વધ્યો અને દોડીને તેણે મહાવીરના અંગૂઠે ડંશ દીધો, અને એકદમ દૂર ખસીને જોવા લાગ્યો. તેનું હતું કે હમણાં જ આ માનવી મડદું થઇને જમીન પર પડવાનો. પણ અહિંસા અને કરુણાના વજ્રે એ ડંશને નકામો કરી નાંખ્યો. ચંડકોશિયાએ જોયું કે ડંશ દીધા પછી જે જગ્યાએથી લોહીની ધારા છૂટવી જોઇએ એમાંથી સફેદ દૂધની ધારા વહેતી હતી.

અભિમાનીનું અભિમાન પહેલી વખત ઘવાય ત્યારે તે બેવડા જોરમાં આવે છે અને બીજી વખત પણ જ્યારે તે પાછો પડે છે ત્યારે તે હતબુદ્ધિ જેવો થઈ જાય છે.

ચંડકોશિયો વિચારમાં પડી ગયો: આ શું! બારબાર વર્ષમાં કદી નહીં બનેલું આજે આ શું બન્યું? કયાં ગઇ મારી પ્રચંડ વિષજ્વાળાઓ અને મારો જીવલેણ ડંશ. જેણે ભલભલા વાઘ, સિંહ અને માનવીઓને હંફાવ્યા એ બધું આજે કયાં ગયું?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવીરે જોયું કે હવે બરાબર અવસર આવ્યો છે. ચંડકોશિયાનો ક્રોધ ઓસરી જવા લાગ્યો છે, અને તેનાં હૃદયમાં વિચારણાના અંકુરો ફૂટવા લાગ્યા છે. એટલે મહાવીરે પોતાનાં શાંત નેત્રો ચંડકોશિયા ઉપર સ્થિર કર્યાં. ચંડકોશિયો પણ એ નેત્રો તરફ જોઇને સ્તબ્ધ થઇ બેઠો.

જાણે મહાવીરના હૃદયમાં બજતી આ અહિંસાની મોરલીના કરુણ સાદે એને વશ કરી લીધો. મોરલીના નાદે ભલભલા ફણીધરો કયા વશ નથી થયા?

ચંડકોશિયો જાણે ઉગ્ર મટી શાંત બન્યો. એને શાંત બનેલો જોઇને મહાવીર બોલ્યા: " રે ચંડકોશિયા ! બોધ પામ, બોધ પામ ! તારા પૂર્વ ભવનું સ્મરણ કર ! "

બસ, જાણે મદારીએ વિષધરનું વિષ ઉતારી લીધું ! ચંડકોશિયો પોતાનો ભયંકર સ્વભાવ ભૂલીને જાણે પોતાનું અંતર શોધવા લાગ્યો.

આંખ આગળનો પડદો દૂર થાય અને અંદર રહેલ વસ્તુનું દર્શન થાય તેમ ચંડકોશીયાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને તેણે પોતાનો પૂર્વભવ જોયો ! તેને થયું; ક્યાં મારાં એ ઉગ્ર જપ, તપ અને આકરું સંયમપાલન ! અને ક્યાં મારી આ અધમ સ્થિતિ ! જે ક્રોધના કારણે મારી આ દશા થઇ એ ક્રોધ હવે મારે ન ખપે ! આમ તે પશ્ચાત્તાપની સરણીએ ચડવા લાગ્યો. એનો આત્મા ધીમે ધીમે વધુ ઉજ્જવળ બનતો ચાલ્યો.

કર્મ કરવામાં શૂરવીર એ ચંડકોશિયાને ધર્મપરાયણ થતાં વાર ન લાગી ! તેણે પ્રભુસાક્ષીએ અનસન વ્રત સ્વીકાર્યું અને પોતાની દૃષ્ટિથી પણ કોઇ જીવ ન મરી જાય તે માટે પોતાનું મ્હોં રાફડામાં રાખીને શાંત બની ગયો. લોકોને આ વાતની ખબર પડવા લાગી.

રસ્તે જતાં આવતાં માણસોએ કાંકરી કે લાકડી નાખી સર્પની શાંતિની પરીક્ષા કરી જોઇ. કોઈએ ઘી નાખી તેની પૂજા કરી. ઘીના બળે કીડીઓએ ભેગા મળી સર્પને ફોલી ખાધો. કોઈનો પદસંચાર પણ ન સહન કરનાર ચંડકૌશિકે હસતે મુખે કીડીઓને પોતાનું શરીર ફોલવા દીધું. છેવટે તે એ પાપી દેહનો ત્યાગ કરી દેવ થયો.

એક વખત ઉજ્જડ બનેલો માર્ગ ફરીને માણસો અને પ્રાણીઓના પાદસંચારથી સજીવન થઇ ગયો. ચંડકોશિયાની પ્રચંડ જવાળાઓ હવે કોઇને સતાવતી ન હતી ! એના ભયંકર ફુંફાડા કોઇને ડરાવતા ન હતા. મહાપ્રભુની અહિંસા અને કરુણાનો જય જયકાર થયો હતો. અને તેથી જ લોકોએ ગાયું છે કે.

**पन्नगे च सुरेन्द्रे च, कौशिके पादसंस्पृशि ।**
**निर्विशेषमनस्काय, श्रीवीरस्वामिने नमः ॥**

પોતાના પગે સર્પ ડંખ મારે કે ઇંદ્ર આવીને એ પગે નમસ્કાર કરે ! છતાં એ બન્ને ઉપર એક જ સરખું–કરુણાભર્યું–મન રાખનાર શ્રી મહાવીરસ્વામી ભગવાને નમસ્કાર હો !

સાચે જ–હજારો વર્ષ વીતે, હજારો હાથે લખાય, હજારો મુખે ગવાય કે હજારોવાર વંચાય–છતાં સદાય નવીન લાગે એવી આ કથા છે.

કરુણાસિન્ધુ પ્રભુ મહાવીરનો જય !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीकावीतीर्थविषय लेख में संशोधन

लेखक—श्रीयुत पन्नालालजी दुगड

"श्री जैन सत्य प्रकाश" क्रमांक ४६–४७ ( संयुक्त ) ४८ में कावीतीर्थ के सुप्रसिद्ध मंदिरों के विषय में 'सासु बहुनां मंदिरो' शीर्षक एक लेख मुनिराज श्री सुशीलविजयजी का प्रकट हुआ था। उसमें उक्त मंदिरों की प्रशस्तिएं प्रकट करने के साथ में जो विवेचन किया गया था उसमें कितनी ही बातों में ऐतिहासिक स्खलनाएं हुई थीं। उनपर उचित प्रकाश डालने का मेरा विचार बहुत दिनों से था परन्तु जब तक कावी के सम्बन्ध की अन्यान्य बातें ज्ञात न हों तब तक कुछ लिखना उचित नहीं समझा। हर्ष का विषय है कि इसी पत्र के क्रमांक ५९ में 'श्रीकावीतीर्थना लेखो' शीर्षक लेख विद्वद्वर श्रीयुत मोहनलालजी दलीचंदजी देसाई एडवोकेट का प्रकट हुआ है जिसमें वहां के अन्यान्य लेखों के प्रकट करने के साथ में उक्त लेख की कुछ स्खलनाओं पर भी प्रकाश डाला गया है। किन्तु साथ में कुछ नवीन स्खलनाएं भी हो गई हैं। अतः इतिहास की दृष्टि से उक्त दोनों लेखों में अब भी निम्न चार बातें संशोधनीय हैं:—

(१) सर्वजितप्रासाद की प्रशस्ति में सं. १६४९ मार्गशीर्ष शुक्ला १३ को श्रीविजयसेनसूरिजी द्वारा उक्त मन्दिर की प्रतिष्ठा किया जाना लिखा है किन्तु श्रीविजयसेनसूरिजी ने तो उससे केवल १० दिन पहले ही राधनपुर से लाहोर की तरफ विहार किया था तब फिर प्रशस्ति के उल्लेखानुसार उक्त तिथि को इस मन्दिर की प्रतिष्ठा किन्होंने की ? इसके उत्तर में अन्यान्य ऐतिहासिक उदाहरणों से यह बात साफ प्रकट है कि उस समय में जहांपर स्वयं आचार्य नहीं पहुंच पाते थे वहां पर उनके शिष्य या सम्प्रदाय के साधु प्रतिष्ठा करते थे और प्रतिष्ठाकारक मुख्य नाम आचार्यश्री का ही खुदवाते थे और कहीं कहीं पर अपना नाम भी प्रकारान्तर से सूचित कर देते थे [ इस प्रकार के बहुतसे उदाहरण विद्यमान हैं]। अतः उक्त तिथि को यह प्रतिष्ठा उनके किसी साधु ने की मानना उचित जान पड़ता है+ और यदि इस मन्दिर के मूलनायक श्रीऋषभदेवजी की मूर्ति श्रीसम्प्रति राजा की निर्माण की हुई मूर्तिओं जैसी ही बनी हुई प्राचीन हैं तो श्रीदीपविजयजी ने अपने स्तवन में ठीक ही लिखा है [ देखो क्रमांक ५९ पृ. ३९३ कडी ५]।

(२) इस मंदिर के मूलनायकजी के आजुबाजु जो चार मूर्तियां हैं जिनमें से दो विना लेखकी हैं और दो पर श्रीविजयसेनसूरिजी ने प्रतिष्ठा की, ऐसा लेख विना संवतादि के है तो इन चारों की प्रतिष्ठा भी अधिक संभव

+ मैंने एक अन्य प्रश्न के उत्तर में श्रीयुत देसाईजी को भी ता. १३-२-१९४० के पत्र में यह सूचित कर दिया था।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



है कि मूलनायकजी के साथ में ही सं. १६४९ मार्गशीर्ष सुदि १३ को हुई होगी।

(३) रत्नतिलक प्रासाद के मूलनायक श्रीधर्मनाथजी पर श्रीविजयसेनसूरिजी द्वारा सं. १६५५ मार्गशीर्ष सुदि ५ गुरुवार को प्रतिष्ठा किए जानेका यद्यपि लेख उत्कीर्ण है तथापि उस समय में श्रीविजयसेनसूरिजी अहमदाबाद में थे जैसा कि श्रीविजयदेवमाहात्म्य सर्ग ७ के निम्न श्लोकों से प्रकट है:-

"दर्श दर्श ततः सूरिं क्षणयुक्तः प्रतिक्षणम्।
विद्याविजयनामायं गणिरित्यब्रवीद् ध्रुवः ॥३॥
षोडशस्य शतस्याऽस्मिन् पञ्चपञ्चाशवत्सरे।
श्रीमत्यहम्मदावादोपपुरे श्रीशाकन्दरे ॥४॥
कारितायाः प्रतिष्ठाया उत्सवे भूरिरैऽव्यये।
श्राद्धेन लहुआकेन स्ववंशाम्भोजभास्वता ॥५॥
प्रशस्यचेताः श्रीसूरिर्भूरिसूरिद्विपोपमः।
पण्डितपदमानन्दि तस्मै पुण्यात्मने ददौ ॥६॥
मार्गशीर्षे सिते पक्षे प्रकृष्टे पञ्चमीदिने।
देशदेशसमाहूतजनवृन्दविराजते ॥ ७ ॥"

इसका समर्थन श्रीविजयप्रशस्तिकाव्य सर्ग १६ श्लोक ३२ से ३४ तक से भी होता है। इन दोनों प्रमाणों से जाना जाता है कि सं. १६५५ मार्गशीर्ष सुदि ५ को अहमदाबाद में लहुआ श्रावक ने श्रीशान्तिनाथजी की प्रतिष्ठा श्रीविजयसेनसूरिजी से कराई थी। उसी समय में श्रीमेघविजयजी को उपाध्यायपद और श्रीविद्याविजयजी को पंन्यास(पण्डित)पद दिया गया था। अतः इन धर्मनाथजी को या तो अहमदाबाद में प्रतिष्ठा कराके पीछे यहां पर लाकर विराजमान किए अथवा निर्दिष्ट तिथि को उनके ही किसी शिष्य द्वारा यह प्रतिष्ठा कावी में हुई और साथ में डाबी बाजुवाले श्रीशान्तिनाथजी और श्रीसंभवनाथजी, जिनपर श्रीविजयसेनसूरिजी द्वारा प्रतिष्ठा किए जाने का लेख विना संवतादिके है-और जमणी बाजुवाली विना लेखकी दो मूर्तियां-जुमले चारों मूर्तियों की भी प्रतिष्ठा उक्त तिथि को ही उन्हीं के आज्ञानुवर्ती साधु ने की कि जिन्होंने मूलनायकजी की प्रतिष्ठा की।

(४) रहा रत्नतिलक प्रासाद में परिकर की दो मूर्तियां और सर्वजित प्रासाद में विराजमान एक श्री आदिनाथजी की चरण पादुका, जिनपर गुजराती सं. १६५६ वैशाख सुदि ७ बुधवार को खंभातवालों द्वारा श्री विजयसेनसूरिजी ने प्रतिष्ठा की, ऐसे लेख उत्कीर्ण हैं। अधिक संभव है कि इन तीनों की प्रतिष्ठा कावी में न होकर खंभात में ही श्रीकीकाठकर की कराई हुई प्रतिष्ठा के साथ में हुई होगी जिसका उल्लेख श्री विजयप्रशस्ति काव्य सर्ग १७ श्लोक ६० में है। अतः इन की प्रतिष्ठा खंभात में होजाने के बाद फिर

( देखो पृष्ठ ४५ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# लोद्रवापार्श्वनाथाष्टकम्

कर्ता-मुनिराज श्री भद्रंकरविजयजी

[ मन्दाक्रान्तावृत्तम् ]

प्रोद्यत्तेजःफणगणयुजा भोगिना लाञ्छितो यो
विश्वे जैत्राशुगसुमशरं मुग्धमारं जिगाय ।
अष्टैश्वर्यः सुगणमहितोऽत्यन्तभूतिर्महेशः
साक्षात्पार्श्वः शिव इव विभुः शोभते लोद्रवाख्यः ॥ १ ॥

येषामेषा चरणयुगली कल्पवल्ली प्रसन्ना
पुण्यैर्लभ्या सकलसुमनोवाञ्छितार्थप्रदात्री ।
शश्वद्वन्द्या सुरनरवरैः प्राणिदारिद्र्यहन्त्री
ते पार्श्वेशाः झटिति भविनां कामनां पूरयन्तु ॥ २ ॥

श्यामच्छायो जलशय इव श्रीलपद्मप्रियो यः
चञ्चन्नव्याञ्जनरुचिपदं भीष्मकालप्रणाशी ।
नष्टारिष्टस्त्रिभुवनतले मोहनीयाकृतिः सः
कुर्यात्पार्श्वो भविककुशलं लोद्रवाख्यो जिनेन्द्रः ॥ ३ ॥

विश्वव्यापी सुरपथ इवानन्तनित्यस्वभावो
रूपाच्छून्यो स्फुरति महिमा यस्य पार्श्वेशितुश्च ।
भास्वद्भाभासुरसुरसुरी गीतकीर्तिः सुमूर्तिः
पुष्यात्पार्श्वो लसितविभवः शर्म नॄणां स नित्यम् ॥ ४ ॥

निर्यत्साम्यामृतरसझरे पद्मजैत्रे सुनेत्रे
मुक्तायुक्ता सुमणिजटिला कण्ठदेशे च माला ।
भ्राजद्भाले सुभगतिलकं व्योम्नि मार्तण्डतुल्यं
पार्श्वेशानां दिशतु सुहृदां शर्ममालां त्रयीयम् ॥ ५ ॥

कासश्वासज्वरकफकिणाद्या गदा दुःखसाध्या
नामस्मृत्या गजभुजगभीर्यान्ति नाशं च यस्य ।
लक्ष्मीविद्ये भविनि भवतच्छिन्नदारिद्र्यजाड्ये
सः पार्श्वेशो रचयतु यशो भक्तिभृद्भक्तकानाम् ॥ ६ ॥

दृष्टश्चिन्तामणिरिव मनोहर्षसंपत्तिकारी
सन्ध्यातो यो दुरितशमको भव्यवर्यैः प्रमोदात् ।
मुक्तिस्वर्गाद्यसमपददः पूजितः पूर्णभक्त्या
पायात्पातात्सुकृतसुकृतां पार्श्वनाथो जिनेन्द्रः ॥ ७ ॥

कर्मारातिव्रजगजघटाघट्टने केसरीशो
रागद्वेषान्तरविषमरुग्ध्वंसधन्वन्तरीशः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्वालामालागतफणभृतस्त्राणदाता दयेशः
पार्श्वः पार्श्वार्चितपदयुगः पातु वो लोद्रवाख्यः ॥ ८ ॥

॥ प्रशस्तिः ॥

[ शार्दूलविक्रिडितवृत्तम् ]

दुर्वादिद्विपपञ्चतुण्डसदृशाऽऽनन्दाख्यसूरीशितुः
पट्टे श्रीकमलाख्यसूरितिलको गङ्गातटे हंसवत् ।
तत्पट्टोदयशैलशृङ्गसवितुः श्रीलब्धिसूरीशितु-
रन्तेषद् भुवनाख्यवाचकमणिर्जीयाज्जगत्यां सदा ॥ १ ॥

[ अनुष्टुप्छन्दः ]

भद्रङ्करेण तच्छिष्या-णुकतुल्येन भिक्षुणा ।
जयतात्पुष्पदन्तान्तं दृब्धं स्तुत्यष्टकं मुदा ॥ २ ॥

---

[ ४३ वें पृष्ठका अनुसंधान ]

यहां विराजमान की गई, फिर भले ही उसी दिन विराजमान की हों या पीछे, यह बात दूसरी है। बल्कि स्वयं श्रीविजयसेनसूरिजी ने इनको अपनी उपस्थित में ही विराजमान कराया हो तो असंभव नहीं है। किन्तु स्वयं उन्होंने कभी कावी में निर्दिष्ट तिथियों में प्रतिष्ठा की हो ऐसा इतिहास से नहीं जान पड़ता। यह बात पाठकों के ध्यान से बाहिर नहीं होगी कि खंभात के बिलकुल समीप ही कावी है।

अन्त में श्रीयुत देसाईजी ने अन्यान्य लेख प्रकट करके बड़ा उपकार किया है, तभी तथ्य के बहुत कुछ संक्षिकट ये पंक्तियां लिखी जा सकीं हैं एवं श्री आदिनाथजी की चरण पादुका जिसका अशुद्ध और अपूर्ण लेख श्री जिनविजयजी के प्राचीन लेख संग्रह भा. २ ले. ४५४ में छपा हुआ है उससे एक बड़ी ऐतिहासिक उलझन थी जो कि आपके शुद्ध और सम्पूर्ण लेख प्रकट करदेने से दूर हो गई, तदर्थ अनेकानेक साधुवाद।

## सूचना दें।

कावी तीर्थके मेनेजर महोदय अथवा अन्य कोई सज्जन वहां की निम्न-सूचित बिनालेखवाली पांच मूर्तियों की बनावट और प्राचीनता के विषय में बारीकी से तपास करके पृथक् पृथक् शीघ्र रिपोर्ट प्रकाशित करने की कृपा करें ताकि वास्तविक तथ्य जानने में आवे अथवा निर्णय करने में सहायक हो:-

(१) सर्वजित प्रासाद के मूलनायक श्री ऋषभदेवजी और उनके आजु-बाजु की एक एक मूर्ति।

(२) रत्नतिलक प्रासाद के मूलनायक श्री धर्मनाथजी की जमणी (दाई) बाजु वाली मूर्तियां।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બાલાપુર [સંક્ષિપ્ત ઐતિહાસિક પરિચય]

લેખક : મુનિરાજ શ્રી કાન્તિસાગરજી

કોઇ પણ નગરનો ઇતિહાસ મુખ્યતયા તે નગરના પુરાતન અવશેષો, શિલાલેખો, પ્રતિમાલેખો વગેરે પરથી તારવી શકાય છે. આ ઉપરાંત તે નગરમાં રહેલી હસ્તલિખિત પ્રતોની પુષ્પિકાઓ પણ ઉપયોગી થઇ પડે છે.

**સામગ્રીની પ્રાપ્તિ**

ચાલુ સાલના ચૈત્ર માસમાં પૂજ્ય ગુરુદેવ ઉપાધ્યાય શ્રી સુખસાગરજી મ. સાથે બાલાપુર જવાનું થયું. ત્યાં મને ત્યાંના ભંડારમાં રહેલાં હસ્તલિખિત પાનાંઓ વગેરે જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. જ્યાર મેં ત્યાંનાં તમામ પુસ્તકોની પુષ્પિકાઓની નોંધ કરી, ત્યારે મને જરા પણ ખ્યાલ નહોતો કે હું બાલાપુર પર કંઇક લખીશ, પણ જ્યારે બાલાપુરમાં જ લખાયેલ પાનાંઓ વિપુલ પ્રમાણમાં દૃષ્ટિગોચર થયાં, અને ત્યાંના દિગંબરી જૈન મંદિરમાં દેવીઓની મૂર્તિ પર "બાલાપુર" એવા શબ્દો જોવામાં આવ્યા, ત્યારે મને સ્વાભાવિક રીતે બાલાપુર ઉપર કંઇક લખવાની ઇચ્છા થઇ. વળી ત્યારે મરાઠી ભાષાનાં કેટલાંક ઐતિહાસિક પુસ્તકોમાં પણ બાલાપુરના ઉલ્લેખો જોવામાં આવ્યા. અને મેં પણ ત્યાંના કેટલાક પુરાતન અવશેષો જાતે જોયા હતા, તેના ફળસ્વરૂપ બાલાપુરના ઇતિહાસની રૂપરેખા રૂપે આ લેખ લખું છું.

ત્યાં હસ્તલિખિત પાનાઓનાં કુલ છ બંડલ છે. તેમાં કેટલીક આખી મહત્ત્વની પ્રતિઓ પણ છે. તેમાંના કેટલાક મહત્ત્વનાં ગીત વગેરે ઉપયોગી પ્રતોની પ્રેસકોપી પણ કરી લીધી, કે જેની નોંધ પ્રસ્તુત નિબંધમાં આગળ આપવામાં આવી છે.

બાલાપુરના ઇતિહાસ પર પ્રકાશ નાંખનાર ઐતિહાસિક ઉલ્લેખો અત્યાર સુધીમાં પ્રકાશમાં આવ્યાનું મારા જાણવામાં નથી, એટલું જ નહિ પણ વિદર્ભ પ્રાંતના કોઇ પણ ગામના જૈન ઇતિહાસને ઉપયોગી ઉલ્લેખો આજ સુધી અંધકારમાં પડેલ છે. ખરી રીતે આ દેશ પ્રત્યે આજ લગી જૈન ઇતિહાસલેખકોએ ઉપેક્ષા સેવી છે. યદ્યપિ "વિવિધ તીર્થકલ્પાંતર્ગત અંતરિક્ષ પાર્શ્વનાથકલ્પ"માં તથા પ્રાચીન તીર્થમાલાઓમાં વિદર્ભનો ઉલ્લેખ મળે છે, પણ એ અન્ય દેશના ઇતિહાસની દૃષ્ટિએ નહીં જેવો ગણાય. બ્રહ્મચારી શીતલપ્રસાદજીએ "પ્રાચીન જૈન સ્મારક"માં થોડાઘણાં ગામોની નોંધ લીધી છે. તેમાં પણ ઘણાંય ઐતિહાસિક ગામો રહી જવા પામ્યાં છે, તો બીજી આવૃતિમાં સુધારો કરશે એવી આશા રાખવી અસ્થાને નથી. મૂળ વિષયનો વરાડ (Berar) સાથે સંબંધ છે તેથી તે સંબંધી થોડો પરિચય કરાવવો આવશ્યક સમજું છું.

**પ્રાચીન ગ્રન્થોમાં વિદર્ભનું વર્ણન**

વર્તમાન વરાડને પુરાતન ગ્રન્થોમાં વિદર્ભ નામથી વર્ણવેલ જોવામાં આવે છે. આ નામ કેમ પડયું એ વિષયમાં વિદ્વાનો એકમત નથી. પં. તારાનાથ વ્યુત્પત્તિ કરે છે કે **विगताः दर्भाः कुशाः यतः** અર્થાત્ "જ્યાં દર્ભ ન ઊગે તે પ્રદેશ". રામાયણ, મહાભારતમાં ઉક્ત દેશનું વર્ણન મળે છે. વિદર્ભ દેશમાં મૌર્યવંશ પશ્ચાત્ સુંગ વંશનું આધિપત્ય થયું, ત્યારે ઉક્ત વંશનું રાજ્ય વિદર્ભ સુધી વધી ગયું હતું. અશોક પછી વિદર્ભ રાજ્યનો ઉલ્લેખ બધાંથી પહેલાં "વિદિશા"ના રાજા અગ્નિમિત્રના શાસન કાળમાં થયાનું મળે છે. અગ્નિમિત્ર સુંગ વંશનો રાજા અને પુષ્યમિત્રનો પુત્ર હતો. "માલવિકાગ્નિમિત્ર" નાટકમાં કવિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલિદાસે અગ્નિમિત્ર નામને અમર કરી દીધું છે. વળી વિદર્ભના રાજાઓનો ઉલ્લેખ "આંધ્રભૃત્યવંશ"ના શાસનકાલમાં થયો છે. ઉક્ત વંશ પછી વિદર્ભ પર ચૌલુક્યોનો અધિકાર થયો. ચૌલુક્યમાં **પુલકેશી**[1] (૨)નું નામ સૌથી આગળ આવે છે. તેનાં કર્યો વીરોને છાજે એવાં હતાં. સમ્રાટ્ હર્ષવર્ધનને પણ પુલકેશીએ હરાવ્યો હતો એમ તેના તામ્રપત્ર પરથી ફલિત થાય છે. ચીનીયાત્રી હ્યુએનસંગે પણ ઉક્ત નરેશ તથા તેના દેશનું વર્ણન કરેલ છે. માળવાના પ્રમાર–પરમારરાજ વાક્પતિ દ્વિતીય મુંજના સમયમાં વિદર્ભ દેશ માલવા રાજ્યની અન્તર્ગત હતો, પણ સન ૯૯૫ લગભગમાં તૈલે માળવાના રાજાને હરાવી પુનઃ ચૌલુક્ય સત્તા જમાવી.

બુદ્ધયુગમાં વિદર્ભ બૌદ્ધધર્મથી પરિપૂર્ણ હતો. ચૌલુક્યો બુદ્ધધર્મ અને હિંદુ ધર્મને સમદૃષ્ટિથી જોતાં. પુલકેશી (૨) ચુસ્ત બૌદ્ધ હતો. ૭મી સદીમાં ભારતવર્ષ બે મહાન રાજાઓ વચ્ચે વહેંચાયેલ હતું. ઉત્તરમાં હર્ષવર્ધન[2] અને દક્ષિણમાં પુલકેશી રાજ્ય કરતો હતો. ચોલુકયોના શાસનમાં જૈન કવિ રવિકીર્તિએ[3] એહોલીના લેખની રચના કરી હતી. તે વિક્રમાદિત્ય બીજાના આશ્રયે રહેતો હતો. તે અલંકારશાસ્ત્રમાં નિપુણ હતો, એમ લેખમાં વાપરેલ છંદો પરથી પ્રતીત થાય છે.

શ્રી હર્ષે નૈષધ કાવ્યમાં વિદર્ભ દેશનું રોચક વર્ણન કરેલ છે. ભવભૂતિના 'માલતી માધવ'માં વિદર્ભનું ચિત્ર અંકિત છે. આ સિવાય પણ અનેક ગિર્વાણગિરાના ગ્રન્થોમાં વિદર્ભનું વર્ણન ઉપલબ્ધ થાય છે. ઇતિહાસ જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે વિદર્ભદેશમાં સંસ્કૃત ભાષાના અનેક કવિઓ થઇ ગયા છે. ભારવી, ગુણાઢ્ય, હેમાદ્રિ, ભાસ્કરાચાર્ય, ત્રિવિક્રમભટ્ટ, લક્ષ્મીધર, વિજ્ઞાનેશ્વર આદિ અનેક કવિઓનો સંબંધ વિદર્ભ સાથે હોવાનું બતાવાય છે. ચોલુક્યવંશી રાજાઓ પણ સાહિત્યના સારા અભ્યાસી હતા. માટે સારા સારા કવિઓ તે દેશમાં રહે એ સ્વાભાવિક છે. કાવ્યરચનામાં પણ વૈદર્ભી રીતિનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

મૂર્તિનિમાર્ણ કળામાં પણ વિદર્ભનું સ્થાન ઘણું ઉંચું છે. ડો. ફર્ગ્યુસને કહ્યું છે, કે શુદ્ધ ભારતીય ગ્રહનિર્માણકળાના શ્રેષ્ઠ અને મનોહર નમુના વિદર્ભમાં જોવાય છે.[4]

અજંટા તે કળાઓના નમુના પૈકી એક છે. ચિત્રકળાનો નમૂનો જેવો અજંટાની ગુફામાં મલે છે તેવો બીજો કોઈ પણ ભારતીય ગુફામાં મળતો નથી. એ જોવાનો સુઅવસર મને સાંપડયો છે.

એક ગુફામાં ભિક્ષુઓને નિવાસાર્થે ઓરડી બનાવેલી છે. તેમાં એક પાટની માફક ઓટલો તકિયા સહિત બનાવેલ છે. ત્યાંના ચિત્રોમાં બુદ્ધજીવનની જ ઝાંખી કરાવેલ છે. અત્યારે આ ગુફાઓ નિઝામ રાજ્યાન્તર્ગત છે. ઇલોરની ગુફાઓ પણ પ્રેક્ષણીય છે. વિદર્ભ વિષયક વિશેષ ચર્ચા ન કરતાં મુખ્ય વિષય પર આવું છું.

---

૧ પુલકેશીનું તામ્રપત્ર મુંબઈમાં પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમમાં સુરક્ષિત છે. જૂઓ "ચૌલુક્ય ચંદ્રિકા" પૃ. ૧૧.

૨ હર્ષવર્ધનનો પરિચય વિન્સેન્ટ એ. સ્મિથે "અર્લિ હીસ્ટરી ઓફ ઇંડીયા"મા ખુબ વિસ્તારથી કરાવેલ છે, માટે અત્રે પિષ્ટપેષણ કરવાની આવશ્યકતા નથી.

૩ આ દિગંબરીય છે.

૪ **"मध्य प्रदेश का इतिहास" पृ.४६, देवीदत्त शुक्लअनुवादित.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાલાપુર ક્યારે વસ્યું? પહેલાં એ વાતનો વિચાર કરીએ, ત્યારપછી ખાસ ઘટનાનો વિચાર કરી, જે સાહિત્ય બાલાપુરમાં લખાણું છે તેની પૂરી પુષ્પિકા જોઇશું. બાલાપુરના મંદિરમાંની ધાતુપ્રતિમાના લેખો તથા તપાગચ્છ જૈન જ્ઞાનમંદિરમાં રહેલી હસ્તલિખિત પ્રતો તથા પાનાઓની પુષ્પિકા લેખ લાંબો થવાના ભયથી ન આપતાં માત્ર ગ્રંથનું નામ, લખ્યા સંવત, લેખક, ગામનું નામ તથા બાલાપુરમાં નિર્માણ થયેલ કૃતિઓનો નિર્દેશ માત્ર અહીં કરીશ.

**બાલાપુર નામ કેમ પડયું!**

એ વાત તો નિર્વિવાદ સિદ્ધ છે. કે કોઇપણ ગામના નામ પાછળ કાંઇ ને કાંઇ ઇતિહાસ સમાએલો હોય છે. તેમ બાલાપુર પાછળ પણ ઇતિહાસ રહે એ સ્વાભવિક છે. બાલાપુરના કિલ્લાથી દક્ષિણ દિશા તરફ બાલા નામની દેવીનું મંદિર છે. એ દેવીના નામ ઉપરથી જ "બાલાપુર" નામ પડેલ છે. કિલ્લો 'મન' અને 'મ્હૈસ' એ બે નદીના સંગમ પાસે અધિષ્ઠિત છે. એ ઉપરથી અનુમાન કરાય છે કે બન્ને નદીઓના સંગમથી આપત્તિકાળમાં પાણીની અપૂર્ણતા ન રહે એ માટે ત્યાં બંધાવેલ હશે. ઇતિહાસ કહે છે કે બાલાપુર પર સમયે સમયે કંઇ ને કંઇ આક્રમણો થયાં જ કરતાં હતાં. બાલાપુરનો કિલ્લો યદ્યપિ દેખાવમાં કનિષ્ટ જણાય છે, પણ મજબૂતીમાં સુંદર છે. [૫]બાલાપુર ખૂબ જાહોજલાલીવાળું ગામ હશે, એમ ત્યાંનાં મકાનો જોતાં સ્પષ્ટ જણાય છે.[૬] આજથી ૧૦૦ વર્ષ પહેલાં ત્યાં એટલી બધી વસ્તી હતી કે ત્યાં એક વૃદ્ધા નિવાસાર્થે બાલાપુર આવી (ત્યારે બાલાપુરનું વ્યાપારિક ક્ષેત્રમાં મહત્ત્વનું સ્થાન હતું ત્યારે ગામમાં જગ્યા ન મળી. અંતે જંગલ–પાદરમાં ઝૂંપડી બાંધીને રહેવા લાગી. જે દેવીના નામ પરથી ગામ વસેલ છે તે દેવીનાં મંદિરમાં અત્યારે દીપક પણ કદાચ જ થતો હશે.

**બાલાપુરમાં ઐતિહાસિક ઘટનાઓ**

ઇ. સ. ૧૫૯૯ના અકબરના સમયમાં દાનિયલ[૭] વરાડનો સુબો હતો. તે બરહાનપુરમાં રહેતો હોવાથી વરાડમાં મોગલોનું જોર ઓછું થઇ ગયું હતું અને તે શકિત વગરનો પણ હતો. તેની છાવણી બાલાપુરમાં હતી. જહાંગીરે જ્યારે ખુરમને વરાડનો સુબો કર્યો[૮] ત્યારે મલિકકંબરે વરાડનો પૂરો કબજો લીધો હતો? ખુરમે મલિકંબરને વરાડ નિયુકતમાંથી હાંકી કાઢયો, તોપણ તે છુટાંછવાયાં આક્રમણો કરવાં ચુકતો નહિ.

ઇ. સ. ૧૬૧૬માં વરાડનો સુબો શહાનબાજ ખાન બાલાપુરમાં હતો, ત્યારે ત્યાં મલિકંબરના સરદારો, સસૈન્ય મળ્યા ત્યારે શહાનબાજખાને [૯]રોહિણખેડનો ઘાટ ચઢી ખિડકી

૫ વરાડ દેશની પ્રાચીન ઇમારતોની ગણનામાં આ કિલ્લાની પણ ગણના કરાય છે.

૬ આજ પણ ત્યાં અનેક સુંદર મકાનો ખંડેરની સ્થિતિમાં તેની પ્રાચીન સારી સ્થિતિનું સ્મરણ કરાવે છે.

૭ સન. ૧૬૦૪માં દાનિયલ મરણ પામ્યો.

૮ સન. ૧૬૧૬ થી ૧૬૨૩ સુધી ખુરમ દક્ષિણનો સુબો હતો, આ ખુરમ તે જ કે જે પછી "શહાજહાન" નામથી ખ્યાતિ પામ્યો.

૯ આ ગામમાં ઇ. સ. ૧૪૩૭ અને ૧૫૯૦ માં બે મોટાં યુદ્ધો થયાં હતાં ઈસ્માઇલખાંના મુખ્ય સલાહકાર જમાલખાન હસ્તક ઇ. સ. ૧૭૮૨માં મસ્જિદ બંધાવેલ છે, તેમાં એવી કારીગરી છે કે તેની ભીંતો પર ૨૦ લેખો ઉર્દૂલિપિમાં અંકિત છે. તેના પર જો પાણી નાંખવામાં આવે તો જ અક્ષરો વંચાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે **મલિકંબરના** સૈન્યને પરાજિત કર્યું, મલિકંબરના સૈન્યને જીતતાં સર્વ શકિત ખલાસ થઇ જવાથી પુનઃ મલિકંબર શાહનબાજખાનને ધકેલતો ધકેલતો બાલાપુર લાવ્યો.

ઈ. સ. ૧૬૨૦માં જહાંગીરે કાશ્મીર તરફ સ્વારી કરી, ત્યારે મોગલ સૈન્ય તેમાં ગુંથાયેલ જોઇને મલિકંબરે મોગલોના કિલ્લેદાર ખંજરખાનને બાલાઘાટના કિલ્લામાં પૂરી ચારે બાજુ ઘેરી લીધો. દરાબખાને મલિકંબર પર–અહમદનગર પર સ્વારી કરી અને હરાવ્યો; પણ તેની સેનાને જોઇએ તેટલો ખોરાક ન મલવાથી પાછો બાલાપુર આવ્યો.

ઇ. સ. ૧૬૩૬માં ઔરંગજેબ દક્ષિણના સુબાઓ ઉપર નિયુકત થયો, ત્યારે કર્ણાટકની લડાઇમાં શાહજીએ બીજાપુરની સેના સાથે સેવા બજાવી હતી માટે, કોલ્હાર (બાલાપુરથી ૬ માઇલ), બંગલોર અને બાલાપુર એ ત્રણ ગામો જાગીરમાં આપ્યાં હતાં.[૧૦] આ શાહજી તે જ કે જેમને ત્યાં નરરત્ન શિવાજી મહારાજનો જન્મ થયો હતો. આ શિવાજીનું એક રાજસ્થાની કવિએ સાત સવૈયામાં બહુ રોચક વર્ણન કરેલ છે. મૂળ પ્રત મારા સંગ્રહમાં છે.

સન ૧૭૨૮ જૂન માસમાં નિજામ અલીખાન અને અલ્લઅલીખાન [ અહમદનગર વાસી ] સાથે બાલાપુર પાસે ભયંકર યુદ્ધ થયાનું ઇતિહાસ પરથી જણાય છે. તેમાં અલ્લઅલીખાન તથા ઘણા મરાઠા સૈનિકો મરણ પામ્યા. ખંડેરાવ દાભાડે, દામાજી ગાયકવાડના ઉદયનો મૂળ પાયો બાલાપુરની લડાઇ જ છે.[૧૧] સુપ્રસિદ્ધ બાજીરાવ પેશવા પણ યુદ્ધ સમયે બાલાપુર હતા.

ઔરંગજેબનો પૌત્ર અજમશાહ બાલાપુરનો હોદ્દેદાર હતો. ઇ. સ. ૧૭૨૧માં[૧૨] નિજામુલ્મુલ્ક તથા દેહલીના લશ્કર સાથે લડાઇ થઈ હતી. ઇ. સ. ૧૭૫૭માં એલિચપુરના[૧૩] પહેલા નવાબ ઇસ્માઇલખાને બાલાપુરનો કિલ્લો બનાવ્યો હતો, અને તેમાં કાર બનાવી તે આજસુધી વિદ્યમાન છે. અત્યારે કિલ્લામાં તહસીલ, કચેરી, નિશાળ તથા સાર્વજનિક ઇમારતો છે પણ નિબંધ લાંબો થઈ જવાથી આમાં તેનું વર્ણન જતું કર્યું છે.

સંવત ૧૭૬૯માં ભોંસલે અને પેશવાઓ વચ્ચે યુદ્ધ થયુ હતું, ત્યારે કાનપુરમાં આપસમાં સમજી ગયા તેમાં પ્રસ્તુત કલમ હતી કે ભોંસલેએ દર વર્ષે ૫ હજાર રૂપીઆનું કાપડ વાસીમ અને બાલાપુરનું પહેરવાને મોકલવું. વાસીમ કરતાં બાલાપુરનું કાપડ ઘણું

---

નહિતર ન વંચાય, આ વાત મારા અનુભવની છે. ત્યાં ઔરંગઝેબની છોકરીની કબર છે. પહેલાં આ ગામનું નામ "રોહણાબાદ" હતું. ત્યાં કિલ્લો હજુ સુધી છે. તે ગામમાં એક ખેતરમાં ૫ ફીટની ૧ જૈન મૂર્તિ (શ્વેતામ્બર) તથા ૧ ચૌમુખો સ્તૂપ તથા અંબિકાની અને વિષ્ણુ શેષશયનની પ્રાચીન મૂર્તિઓ પડેલ છે. આ ગામ ધામણગાંવથી મલકાપુરને રસ્તે ૭ાા માઈલ છે. આ પણ હાલ દુરવસ્થામાં વિદ્યમાન છે.

૧૦ જુઓ "રાજપુતાને કા ઇતિહાસ" વો. ૧ પૃ. ૨૮૧.

૧૧ "સમશેર બહાદુર" આ લડાઇ વખતે દામાજીને ખિતાબ આપ્યો તે આજ સુધી ચાલ્યો આવે છે. વર્તમાનમાં ગાયકવાડની રાજધાની વડોદરામાં છે.

૧૨ આ ૧૦૪ વર્ષની વયે મરણ પામ્યો હતો.

૧૩ એલિચપુર અમરાવતીથી ૩૨ માઈલ છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ ગામ મહત્ત્વનું છે. અહીં સન ૧૩૪૭ની સુલતાન ઇમાદુલ્મુલ્કની કબર છે. પુરાતન કાળમાં અત્રે ૫૪ પરા હતા. ૩૫ છે, આ ગામના નામ સંબંધી વિદ્વાનોમાં એકમત નથી. એની ચર્ચા "અંતરીક્ષ પાર્શ્વનાથ વિષયક સાહિત્ય"ના નિબંધમાં કરીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મજબુત અને ટકાઉ ગણાય છે. શેત્રંજી અહી ઘણી સુંદર બનતી અને હાલ પણ બને છે.

બાલાપુરમાં 'મન' નદીના કિનારાપર સ્મશાન પાસે એક છત્રી જોવાય છે. તે છત્રી જયપુરના રાજા સવાઇજયસિંગે બનાવી છે. આ જયસિંગ તે જ કે જેણે આંબેરથી સં ૧૭૨૮માં પોતાની રાજધાની જયપુરમાં વસાવી. આ નરેશ વૈજ્ઞાનિક જ્ઞાન અને કળાનો જાણકાર હતો. તેણે ગણિતના ઘણા ગ્રંન્થો સંસ્કૃતમાં ઉતરાવેલ ઉપલબ્ધ થયા છે, તથા જયોતિષ્ય ચક્રના જયપુર, કાશી, ઉજ્જેન વગેરે ગામોમાં બનાવેલાં મકાનો આજસુધી વિદ્યમાન છે. ઉપરના સુકૃત્યો ઉપરથી સાફ જણાઇ આવે છે કે તે રાજા બહુ વિદ્વાન હોવો જોઈએ. રાજસ્થાનના ઇતિહાસમાં આ રાજાનું શુભાભિધાન સુવર્ણાક્ષરથી અંકાયેલ છે.

ઔરંગજેબ જયારે ગાદીપર આવ્યો ત્યારે તરત જ જયપુરના રાજા સવાઇજયસિંગની દક્ષિણના મુખ્ય સુબા તરીકે નિમણુંક કરી, ત્યારે છત્રી બનાવી હતી. વચગાળામાં છત્રી ટૂટી ગઇ હતી, ત્યારે જયપુરના રાજા સાસેથી ત્રણ હજાર રૂપિયા લઇ સુધરાવેલ, હાલ સારી સ્થિતિમાં છે. છત્રી પરથી બાલાપુરનું પ્રાકૃતિક સૌંદર્ય અપૂર્વ જણાય છે. પૂર્વ દિશામાં છત્રી આવેલ છે. ડાક બંગલા પાસેની સડક પરથી જણાય છે કે શિલ્પની દષ્ટિએ આ છત્રી જરાય મહત્ત્વની નથી. એકાંત હોવાથી અભ્યાસીને બહુ જ ઉપયોગી છે. આ લેખકે પણ છત્રી જોઇને જ વર્ણન કરેલ છે,

ઇ. સ. ૧૮૪૫માં જ્યારે વરાડ ખાલી થવાનો હુકમ થયો હતો ત્યારે બાલાપુર પર હુમલો થયો હતો. પૂર્વના કાળમાં બાલાપુરમાં કાગળો ઉતમ પ્રકારના બનતા હતા. આખાય વરાડમાં જેમ હાલમાં વિલાયતી કાગળો વપરાય છે તેમ પહેલાં આખાય પ્રાંતમાં બાલાપુરના કાગળો વપરાતા હતા. બાલાપુરના કાગળો પરનાં લખાણો હજુસુધી દષ્ટિ-ગોચર થાય છે.

બાલાપુરની નદી પાસેના પાષાણો પર સારું કલાકૌશલ્યવાળું કાર્ય થતું હતું. આ લખાણપરથી પાઠક, પાઠિકાઓના ખ્યાલમાં જરૂર આવ્યું હશે કે બાલાપુરનું વરાડના ઇતિહાસમાં શું સ્થાન છે?

પ્રાચીન તીર્થમાલામાં બાલાપુરનો ઉલ્લેખ મળતો નથી. શ્રી. શીલવિજયજીએ જે તીર્થમાળા બનાવી છે, તેમાં પણ ઉક્ત નગર માટે કશું જ નથી. તેઓ મલકાપુરનો અંતરિક્ષ પાર્શ્વ-નાથનો ઉલ્લેખ કરે છે એ ઉપરથી અનુમાન ન કરવું કે ત્યારે બાલાપુરમાં જૈનોની વસ્તી ન હતી, કારણ કે સં. ૧૬૭૭ માં બાલાપુરમાં બનેલું સ્તવન મલી આવે છે. કદાચ એમ પણ હશે કે તેઓ બીજે માર્ગે ગયા હશે. હવે આપણે બાલાપુરમાં જે જૈન સાહિત્ય નિર્માણ થયું તથા લખાયું તે હવે પછી જોઈશું. [ ચાલુ ]

---

૧૪ આ ગામમાં આચાર્ય વિજયદેવસૂરિએ સંવત્ ૧૭૦૭ના બીજા ચૈત્રમાં આદિનાથ ભગવાનના બિંબની પ્રતિષ્ઠા કરી હતી, તે હાલ માતરમાં વિદ્યમાન છે. પણ લેખ ઉતારનારે મલકાપુરને બદલે મલકીપુર વાંચ્યું છે. વાસ્તવિક રીતે મલકાપુર જોઈએ. બીજું એ પણ કારણ છે કે વિજયદેવસૂરિ ૧૭૦૨ના ફાગણમાં અંતરિક્ષજી–સીરપુરમાં હતા, મલકાપુર તથા એક ચોમાસુ વચમાં કરીને યાત્રાર્થે આવ્યા હોય તે બનવા જોગ છે. કદાચ બાલાપુર પણ આવ્યા હોય. વિવેકહર્ષે મલકાપુરમાં મુલા નામના મુનિને વાદમાં જીત્યા હતા. સન ૧૮૪૯માં ઉકત નગરમાં હિન્દુ મુસલમાન વચ્ચે વ્યક્તિગત યુદ્ધ થયું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વીકાર

શ્રીલબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા–વ્યવસ્થાપક શ્રી. ચંદુલાલ જમનાદાસ શાહ–મુ. છાણી પ્રકાશિત ગ્રંથો—

૧. **શ્રીવૈરાગ્યરસમઞ્જરી** કર્તા આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરિજી.

૨. **મૂર્તિમંડન** કર્તા–આચાર્ય મહારાજ શ્રી. વિજયલબ્ધિસૂરિજી. મૂલ્ય ચાર આના.

૩. **તત્ત્વન્યાયવિભાકર**–કર્તા–આચાર્ય મહારાજશ્રી વિજયલબ્ધિસૂરિજી. મૂ. આઠ આના.

૪. **કવિકુલકિરીટ યાને સૂરિશેખર**—કર્તા કૃમાટી. મૂલ્ય આઠ આના.

શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા–કાર્યવાહક શાહ લાલચંદ નંદલાલ ઠે. કોઠીપોળ વડોદરા પ્રકાશિત ગ્રંથો—

૫. **શ્રીબૃહત્સંગ્રહણીસૂત્રમ્ (अनुवादसहितम्, सचित्रम्** યાને જૈન ખગોળ અનુવાદક—મુનિમહારાજ શ્રી યશોવિજયજી. મૂલ્ય ૭ રૂપિયા.

૬. **શ્રી लघुक्षेत्रसमास–सविस्तरार्थ [सचित्र-सयन्त्र]** યાને **જૈન ભૂગોલ** સંશોધક–ઉપાધ્યાય શ્રી પ્રતાપવિજયજી (વર્તમાનમાં આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરિજી) તથા પ્રવર્તક (વર્તમાનમાં પંન્યાસ) શ્રી ધર્મવિજયજી. મૂલ્ય ચાર રૂપિયા.

૭ **શ્રી शतकनामा पंचम कर्मग्रन्थ (गाथार्थविशेषार्थ सहित)** સંપાદક પંન્યાસ શ્રી ધર્મવિજયજી ગણી. મૂલ્ય બે રૂપિયા.

૮. **વિધિયુક્તસ્નાત્ર પૂજા** (ગુજરાતી અનુવાદ સાથે) અનુવાદક પંન્યાસશ્રી ધર્મવિજયજી

૯ **चैत्यवंदन स्तुति चोवीशी**

**नवतत्त्वप्रकरणम् (सुमंगलाटीकासहितम्)** ટીકાકાર—પ્રવર્તક (વર્તમાનમાં પંન્યાસ) શ્રી. ધર્મવિજયજી

**પ્રશ્નોત્તરમોહનમાળા**–કર્તા આચાર્ય મહારાજ શ્રી વિજયમોહનસૂરિજી. સંગ્રાહક પંન્યાસ શ્રી ધર્મવિજયજી. મૂલ્ય સવારૂપિયો.

૧૨. **पाकृतविज्ञानपाठमाला** કર્તા પંન્યાસ શ્રી. કસ્તૂરવિજયજી ગણિ. પ્રકાશક સંઘવી જીવણભાઇ છોટાલાલ. ડોસીવાડાની પોળ, અમદાવાદ. મૂલ્ય સવા બે રૂપિયા.

---

**લવાજમ**

| | | |
|---|---|---|
| સ્થાનિક ૧–૮–૦ | બહારગામ ૨–૦–૦ | છૂટક અંક ૦–૩–૦ |

---

મુદ્રક : નરોત્તમ હરગોવિંદ પંડયા, પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ, મુદ્રણસ્થાન : સુભાષ પ્રીન્ટરી સલાપોસ ક્રોસ રોડ અમદાવાદ, પ્રકાશનસ્થાન : શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઇની વાડી, ઘીકાંટા રોડ, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha Regd. No. B. 3801


# અડધી કિંમતે મળશે

શ્રી જૈન સત્ય પ્રકાશનો

## શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભ. મહાવીર સ્વામીના જીવન સંબંધી વિદ્વાનોએ લખેલા
અનેક લેખોથી સમૃદ્ધ ૩૫૦ પાનાનો દળદાર અંક

**મૂળ કિંમત બાર આના**

**ઘટાડેલી કિંમત છ આના**

(ટપાલ ખર્ચ એક આનો વધુ)

●

ભગવાન મહાવીરસ્વામીનું

## ત્રિરંગી ચિત્ર

કળા અને શાસ્ત્રીય દૃષ્ટિએ સર્વાંગ સુંદર ચિત્ર
૧૪"×૧૦"ની સાઇઝ, સોનેરી બૉર્ડર

**મૂળ કિંમત આઠ આના**

**ઘટાડેલી કિંમત ચાર આના**

(ટપાલ ખર્ચ દોઢ આનો વધુ)

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
·અમદાવાદ·


For Private And Personal Use Only